Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૫ ● અંક : ૬૯
તા.૧૫-૦૪-૨૦૧૯, સોમવાર
સંવત ૨૦૭૫ ચૈત્ર સુદ - ૧૦
પાના : ૮ ● કિંમત રૂ.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૩૫ સૂર્યાસ્ત : ૦૬:૫૪

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૪૧.૨ | વડોદરા | ૪૨.૪ |
| અમદાવાદ | ૪૨.૨ | સુરત | ૪૦.૮ |
| ગાંધીનગર | ૪૨.૦ | નલિયા | ૩૯.૦ |

ચાંદી : ૩૮,૦૦૦ સોનું : ૩૨,૭૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71
Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૪ વર્ષ...

# કલોલમાં અમિત શાહનો રોડ શો : ભવ્ય સ્વાગત




મતદાનના ૦૮ દિવસ બાકી

પરીણામના ૩૯ દિવસ બાકી

## વિચાર વૈભવ...

### ચિંતન

ચિન્તનીયા હિ વિદદામાધવેવં પ્રતિક્રિયા
ન કૂપ ખનનં યુકતં પ્રદીપ્તે વહન્યિ ગૃહે

આપત્તિ-મુશ્કેલી દુઃખો તકલીફો તો જીવનમાં અવારનવાર આવવાની જ છે, પરંતુ આવી આપત્તિઓનો ઉપાય બચાવની યુક્તિઓનું પ્રથમથી વિચાર અને આયોજન કરી રાખવું જોઈએ. આગ લાગે એ ઘર બળતું હોય ત્યારે કૂવો કયાં ખોદવો તેની જમીન સંપાદનની પ્રક્રિયા શરૂ થાય એનો શું અર્થ ?!

વાવાઝોડાં-ચેપીરોગ-લઠ્ઠા પ્રકરણ-આતંકી હુમલા-બ્લાસ્ટ આ બધું થાય ત્યારે આપણી જાગૃત સરકારો સફાળી થઈ 'એલર્ટ' જાહેર કરી દે છે અને પાંચ-છ દિવસ પોલીસ તપાસ અને ચોકીદારીમાં જાગૃત થઈ જાય છે, રોગ ફેલાયો હોય તો ગામે-ગામદવા ગોળી અને દાકતરોની ટોળી દોડધામ કરે છે. પાંચ દિવસમાં લોકોનું આરોગ્ય સ્વાસ્થ્ય પ્રદ જાહેર થાય છે. લઠ્ઠામાં મરી જનારના પરિવારોને મોઢે લાખ બે લાખનો ડૂચો મારી દે પણ દારૂની હેરાફેરી કોઈ અટકાવે નહીં. આતંકીઓ અહીં આવી મોબાઈલ મેળવી લે, મીટીંગો ભરે, રેકી કરે ત્યાં સુધી આપણે બગાસાં જ ખાધા કરીએ બ્લાસ્ટ થયા પછી કોણે કર્યો અને વિરોધ નોંધાવી તપાસ સોંપી દીધી છે ના 'નગારાં' વાગે. કોઈ પણ બાબત-સમસ્યા-પ્રશ્નો માટે પૂર્વથી જ આયોજન વિચારણા કરી ઉપાય કરવો જોઈએ બધું ભસ્મીભૂત થાય પછી કુવો કયાં ખોદવો તેની વિચારણા ન થાય !

- સુરેશ પ્રા. ભટ્ટ

**વિવિધ સ્થળો ઉપર શ્રેણીબદ્ધ ચૂંટણીલક્ષી બેઠકો યોજી : વિવિધ સમાજના લોકોએ ઢોલ નગારા-ત્રાંસાની સાથે પારંપરિક પરિધાનોમાં હાજરી આપી : વિજળી વેગે પ્રચાર-પ્રસાર : બહુમતિથી જીતની શુભેચ્છા પાઠવાઈ**





અમદાવાદ

ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ અને ગાંધીનગર લોકસભાના ઉમેદવાર અમિત શાહ ગુજરાતના એકદિવસીય પ્રવાસે છે ત્યારે, તેઓએ જુદી જુદી બેઠકો અને લોકસંપર્ક યાત્રા યોજીને પોતાના મતક્ષેત્રમાં વિજળીવેગે પ્રચાર-પ્રસાર હાથ ધર્યો હતો. આજરોજ દિવસ દરમ્યાન ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે સાબરમતી ઘાટલોડીયા, નારણપુરા, ગાંધીનગર ઉત્તર વિધાનસભામાં વિવિધ બેઠકો કરી ચૂંટણીલક્ષી પ્રચાર-પ્રસાર કર્યો હતો. સાબરમતી વિધાનસભા અન્વયે રાણીપ-સાબરમતી ડી-કેબીન અને ચાંદલોડીયા વોર્ડના ચેરમેન અને સેક્રેટરીઓ, ઘાટલોડીયા વિધાનસભા અંતર્ગત ગોતા વોર્ડના ચેરમેન અને સેક્રેટરી નારણપુરા વિધાનસભા અન્વયે નારણપુરા અને નવાવાડજ, સ્ટેડીયમ વોર્ડના ચેરમેન/સેક્રેટરીઓ સાથે શ્રેણીબધ્ધ બેઠકોનું આયોજન કરી સક્ષમ ભારત અને સમૃધ્ધ ભારતના નિર્માણ માટે ફરીથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને દેશનું સુકાન સોંપવા અપીલ કરી હતી. આ ઉપરાંત ગાંધીનગર ઉત્તર વિધાનસભા હેઠળના ગાંધીનગર તાલુકાના ૧૨ ગામોના આગેવાનો સાથે અને ગાંધીનગર શહેરના મુખ્ય કાર્યકર્તાઓ સાથે બેઠકો કરીને લોકસભા ચૂંટણી અંતર્ગત જરૂરી સંવાદ કર્યો હતો. આ ઉપરાંત અમિત શાહના ગાંધીનગર લોકસભા વિસ્તારના કલોલ ખાતે ભવ્ય લોકસંપર્ક રોડ-શોનું આયોજન કરવામાં આવ્યુ હતુ, જેમાં અમિત શાહે ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિ નિમિત્તે ગાંધીનગર લોકસભા વિસ્તારના કલોલ ખાતે આવેલ ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને ફૂલહાર કરી આદરા-જંલી અર્પણ કરી ભવ્ય રોડ-શોની શરૂઆત કરી હતી. ત્યાર બાદ આ રોડ-શો નીચે મુજબના રૂટ પ્રમાણે આગળ વધ્યો હતો.

અનુસંધાન પાના નં.૬

## મોદી ગુજરાતમાં ઝંઝાવતી ચૂંટણી પ્રચાર માટે સજ્જ

અમદાવાદ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી સપ્તાહમાં પોતાના ગૃહ રાજ્ય ગુજરાતમાં ઝંઝાવતી ચૂંટણી પ્રચાર કરનાર છે. મોદીએ ૧૭મી એપ્રિલના દિવસે ત્રણ ચૂંટણી સભાને સંબોધન કરશે. તેમની પ્રથમ સભા હિંમતનગર સાબરકાંઠામાં, બીજી સભા સુરેન્દ્રનગર અને ત્રીજી સભા આણંદમાં થશે. ૧૮મી એપ્રિલના દિવસે મોદી અમરેલીમાં ચૂંટણી સભા સંબોધશે. મોદી હિંમતનગરની સભા બપોરે ૨.૩૦ વાગે, સુરેન્દ્રનગરમાં ૪ વાગે અને આણંદમાં સાત વાગે સભા કરશે. ૧૦મી એપ્રિલના દિવસે મોદીએ જૂનાગઢ અને સોનગઢમાં સભા કરી હતી. મોદી ખુબ જ ટક્કરવાળા સંસદીય વિસ્તારમાં સભા કરવા જઈ રહ્યા છે. વર્ષ ૨૦૧૭ વિધાનસભા ચૂંટણીમાં પાર્ટીને કોંગ્રેસની સરખામણીમાં અહીં ઓછી સીટો મળી હતી. મોદીના ૨૧મી એપ્રિલના દિવસે ચૂંટણી પ્રચારની સમાપ્તિ સુધી એક અથવા બે વધુ ચૂંટણી સભા પણ આયોજિત કરવામાં આવી શકે છે. હાલમાં મોદીની ગુજરાતમાં છ સભાઓ નક્કી કરવામાં આવી છે. ગુજરાતમાં તમામ ૨૬ સીટો પર એક જ તબક્કામાં ૨૩મી એપ્રિલના દિવસે મતદાન કરાશે.

## ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતભાઈ શાહ આજે ડીસામાં

ડીસા

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અને વર્તમાન સમયના ચાણક્ય એવા અમિતભાઈ શાહ આજે ડીસામાં જાહેર સભાને સંબોધવા માટે આવી રહ્યા છે ત્યારે ડીસામાં અમિત શાહના સ્વાગત માટેની તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આજે બપોર બાદ ડીસા શહેરના રિસાલા ચોક ખાતે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જાહેર સભાને સંબોધવા આવનાર હોવાથી સુરક્ષા વ્યવસ્થા પણ ચોકન્ની કરી દેવામાં આવી છે. આજે રિસાલા ચોક ખાતે જાહેર સભા દરમ્યાન વધુને વધુ લોકોને પધારવા માટે ગુજરાત વેર હાઉસિંગ કોર્પો-રેશનના ચેરમેન મગનલાલ માલી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.



**લોકસભાની ચૂંટણી ટાણે નકલી નોટોની હેરાફેરીનો પર્દાફાશ**

## પાલનપુરમાં રૂપિયા ૪૩.૩૦ લાખની ૨ હજારની નકલી નોટો સાથે શખ્સ ઝડપાયો

**પોલીસ દ્વારા ખાનગી બસના ચેકીંગ દરમિયાન નકલી નોટો ઝડપાઇ**

પાલનપુર

પાલનપુર આરટીઓ સર્કલ નજીક ઉભી કરાયેલી ચેક પોસ્ટ ખાતે પશ્ચિમ પોલીસની ટીમ દ્વારા વાહનોનું ચેકીંગ કરવામાં આવી રહ્યું હતું. દરમિયાન આબુરોડ તરફથી આવતી એક ખાનગી લકઝરી બસમાં મુસાફરી કરી રહેલા શખ્સ પાસેથી રૂપિયા ૪૩.૩૦ લાખની નકલી નોટો ઝડપાઈ ગઈ હતી. પોલીસે તેની સામે ગૂનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.


સંજય જોષી

બનાસકાંઠા લોકસભાની ચૂંટણીને લઈ જિલ્લા પોલીસવડા પ્રદીપ સેજુલ દ્વારા ચેકપોસ્ટ ઉભી કરી વાહનોનું ચેકીંગ કરવામાં આવી રહ્યું છે. જ્યાં પાલનપુર આરટીઓ સર્કલ નજીક ઉભી કરાયેલી ચેક પોસ્ટએ ગતરોજ પશ્ચિમ પોલીસ મથકના પીઆઈ આર. કે. સોલંકી સ્ટાફના સલીમ ખાન, વિનોદભાઈ, રેખાબેન સાથે વાહનોનું ચેકીંગ

અનુસંધાન પાના નં.૬

### નકલી નોટોના સિરિયલ નંબર

IAA ૯૭૫૯૮૭ કુલ ૫૮૦ નોટ
OLK ૨૭૮૯૨૬ કુલ ૬૨૧ નોટ
9BV ૭૭૭૨૩૦ કુલ ૭૭૩ નોટ
IDD ૪૮૩૨૮૯ કુલ ૪૯૨ નોટ

### નકલી નોટો સુરત જતી હતી

નકલી નોટો સાથે ઝડપાયેલા બિકાનેરના દંતોર ગામના પુનમચંદ ઓમપ્રકાશ શર્માએ પોલીસ સમક્ષ જણાવ્યું હતું કે, આ નોટો રાજસ્થાનના નોખા ગામેથી એક અજાણ્યા શખ્સે આપી હતી. અને તે સુરત ખાતે રહેતા નરેન્દ્ર કૈલાશચંદ્ર ગુરાવાને આપવાની હતી.

## કુશ્કલમાં રીંછે દેખા દેતા ફફડાટ

**વનવિભાગે રેસ્ક્યુ કરીને રીંછને પાંજરે પૂરતા લોકોએ હાશકારો અનુભવ્યો**

પાલનપુર

પાલનપુર તાલુકાના કુશકલ ગામની સીમમાં જંગલી રીંછે દેખા દેતા ભયભીત ગ્રામજનોએ વનવિભાગને જાણ કરતા પાલનપુર તેમજ દાંતીવાડા વનવિભાગની ટીમો દોડી આવી હતી. જેઓએ રેસ્ક્યુ કરીને રીંછને પાંજરે પૂરતા લોકોએ હાશકારો અનુભવ્યો હતો. પાલનપુર તાલુકાના કુશકલ ગામની સીમમાં ગતરોજ વહેલી સવારે જંગલી રીંછ દેખા દેતા ગ્રામજનો ફફડી ઉઠ્યા હતા. કુશકલ ગામની સીમમાં આવેલ રામાભાઈ ગોદડભાઈ પરમાર નામના ખેડૂતના ખેતરમાં ઉભેલા એરંડાના પાકમાં રીંછે દેખા દેતા ખેતર માલિક દ્વારા રીંછ અંગે ગામના સરપંચ ઘેમરભાઈ જુડાલને જાણ કરવામાં આવી હતી. સરપંચે જંગલી રીંછ ગામમા કોઈ નુકસાન પહોંચાડે તે પૂર્વે વન વિભાગને જાણ કરી હતી.


સંજય જોષી

જેને પગલે પાલનપુરના આર.એફ.ઓ એચ.જે ચૌધરી અને દાંતીવાડા આર.એફ.ઓ શક્તિસિંહ પોતાની ટીમ સાથે તાબડતોડ કુશકલ ગામે દોડી આવ્યા હતા. જ્યાં ખેતરમા એરંડાના પાકમાં સંતાયેલ રીંછને ઝડપી લેવા પાંજરું મુકીને રેસ્ક્યુ હાથ ધર્યું હતું. જોકે, ગામની સીમમાં રીંછ આવ્યું હોવાની વાત વાયુવેગે પ્રસરતા રીંછને જોવા લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. અને વન વિભાગની ટીમો દ્વારા વેટનરી તબીબ જીતુ ભટોળની મદદથી રીંછને પકડવાની કવાયત હાથ ધરવામાં આવી હતી.

જેમાં રીંછ ઉપર ટ્રોન્સક્યુલાઈઝ ગન મારો ચલાવીને રીંછને બેભાન કરવામાં આવ્યું હતું બાદમાં આ રીંછને સુરક્ષિત બાલારામ નજીક જંગલમાં છોડી દેવાયું હતું. જોકે, રેસ્ક્યુ દરમિયાન ટ્રોન્સક્યુલાઈઝ ગન એક કર્મચારી ના પગે લાગી જતાં તેમને સારવાર અર્થે ખસેડાયા હતા. જ્યારે રીંછને દેખી ભાગવા જતાં એક મહિલા ની બરણીમાં રહેલ દૂધ પણ ઢોળાઈ ગયું હતું. રવિવારે ચંડીસર અને કુશ્કલની સીમમાં એરંડાના પાકમાં છુપાયેલ જંગલી રીંછ કોઈ નુકસાન કરે તે પહેલા વન વિભાગ દ્વારા રીંછ પાંજરે પુરાતા ગ્રામજનોએ હાશકારો અનુભવ્યો હતો.



સૂર્યોદય - ૬.૩૫ સૂર્યાસ્ત -૬.૫૪

## તિથિદર્શન

ચૈત્ર સુદ-૧૦ સોમવાર ૨૦૭૫




વિક્રમ સંવત : ૨૦૭૫, શા.શકે-૧૯૪૦,નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈનસંવત ૨૫૪૫ ચૈત્ર સુદ:દશમ સોમવાર અગીયારસનો ક્ષય નક્ષત્ર:આશ્લેષા સવારે ૫.૫૯ પછી મઘા યોગ : ગંડ કરણ:વણીજ આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ.ટ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન - સુરેશ પ્રા.ભટ્ટ

### પૂસ્યતિ પૂણ્મિપા તરંગિણી સંહતિઃ સમુદ્રમિવ લક્ષ્મીર ધનસ્ય પુનર્લોચન માર્ગે અપિ નાયાતિ

'મોટી મોટી નદીઓના પ્રવાહો સમુદ્રમાં જ જળ ઠાલવ્યા કરે છે. તેમ લક્ષ્મી ધનથી ભરપૂર બનેલા માણસને જ ભરપૂર બનાવ્યા કરે છે, નિર્ધનને તો તે જોવા પણ મળતી નથી.'

આજકાલ સરકારમાં સૈન્યોમાં, વેપારીઓમાં - બધાં જ ક્ષેત્રોમાં ખાયકીનું પ્રમાણ અનેકગણું વધ્યું છે જે લોકો લક્ષાધિપતિ છે એ જ કરોડાધિપતિ અને અબજોપતિ થાય છે, જેની પાસે અખૂટ સંપતિ છે તેમની પાસે જ લક્ષ્મી વધારે જાય છે, ભલે કાવા-દાવા અને ખોટા માર્ગેથી આવતી હોય પણ લક્ષ્મી આવા લોકો પાસે જ જવાનું વધારે પસંદ કરે છે.

આજના કાળિકાળમાં ધનપતિઓ, ઉદ્યોગપતિઓ, સરકારીપતિઓ પ્રજાનું એટલું બધું શોષણ કરે છે કે મધ્યમ અને ગરીબવર્ગ અધિક ને અધિક ગરીબ થતો જાય છે એમને 'પૈસો' જોવા પણ મળતો નથી. ગરીબોને પોતાની જરૂરિયાતો પૂરી કરવા માટે નાણાકીય સુવિધા હોતી નથી, ગરીબ લોકો ભૂખ- તરસ- દવા- પોષણ વિના મૃત્યુ પામતા હોય છે. કુદરતનો આ ન્યાય કહો કે અન્યાય પણ પ્રાથમિક દૃષ્ટિએ આ જ સત્ય દેખાય છે, સમુદ્રને જળની જરૂરિયાત નથી છતાં મહાનદ એમાં જ ઠલવાય છે, જ્યારે તરસી પ્રજાને કેટલાય કિલોમીટર ચાલીને પાણી ભરવા જવું પડે છે.

## ભાજપના ઉમેદવારની ચાય પે ચર્ચા




પ્રતિનિધિ દાંતીવાડા

બનાસકાંઠા ભાજપના પરબતભાઈ પટેલ સમર્થકો સાથે દાંતીવાડા તાલુકા વિવિધ વિસ્તારોમાં પ્રવાસ કરી મળી રહેલો જન સમર્થન અંતર્ગત દાંતીવાડા ત્રણ રસ્તા ચાની હોટલ પર કાર્યકરો અગ્રણીઓ મતદારો ચાય પે ચર્ચા કરીને ચા પીતા પીતા ભાજપ ને વિજય બનાવવા અનુરોધ કરેલ.

આ કાર્યક્રમમા બનાસકાંઠા મેડીકલ કોલેજ ચેરમેને માવજીભાઈ દેસાઈ, પી.જે ચૌધરી સહિતના અગ્રણીઓ જોડાયા હતા.

## આજનો દિન મહાન - યશવંત કડીકર

શીખ ધર્મના સ્થાપક ગુરુ નાનકનો જન્મ દિન છે. એમનો જન્મ ૧૫/૪/૧૪૬૯ ના રોજ લાહોર (પાકિસ્તાન) જિલ્લાના નલવંડી ગામમાં થયો હતો. ગુરુ નાનકે બઇ નદીના કિનારે સ્નાન કરી, જંગલમાં જઇ સાડા ત્રણ દિવસ સુધી કઠોર તપ કર્યું. અંતે જ્ઞાનનો સાક્ષાત્કાર થયો. એમણે સૌને ઉપદેશ આપ્યો-'કોઇ હિંદુ નથી, કોઇ મુસલમાન નથી.' સૌ એક જ પિતાના સંતાનો છે. તેમણે 'સતનામ'( સાચા ઈશ્વર) ઉપર વિશ્વાસ કરવાનું અને તેની ભક્તિ કરવાનું કહ્યું. તેમના માટે તો એમ કહેવાતું કે-'ગુરુ નાનકશા ફકીર, હિંદુઓ કા ગુરુ-મુસલમાનો કા પીર !' આ મહાન સંતનું ઈ.સ. ૧૫૩૯ માં અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**

**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪

મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા

**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,

**પાલનપુર ઓફીસઃ-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**સુરત ઓફીસઃ-** ૐકાર કન્સલટન્સી દુ.નં.૧, ગ્રાઉન્ડ ફલોર, હેમાલી બીલ્ડીંગ, ખાન સાહેબનો ડેલો, મહીધરપુરા, સુરત. મો.૬૩૫૬૫૫૫૧૦૮

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

## આપનું અઠવાડિયું કેવું જશે ?

**મેષ**

આ સપ્તાહ દરમિયાન મળેલી તકને ઝડપી લેજો. માનસિક ચિંતા હળવી બને. અંગત સમસ્યા હલ કરી શકશો. નાણાંકીય રીતે થોડી મુશ્કેલી સર્જાય. ખોટા રોકાણો ન કરવા હિતાવહ. જમીન-મકાનની ખરીદી થઈ શકે. કાર્યસફળતા માટે કૌટુંબિકકલહ અને વિસંવાદીતતાના પ્રસંગો ટાળજો. કુનેહથી કામ લેવું હિતાવહ. આરોગ્ય જાળવવું.

**વૃષભ**

આ સપ્તાહ દરમિયાન આપને કારણવિનાની બેચેની અને અશાંતિમાંથી દિવસો પસાર કરવા પડે. ઉશ્કેરાટ અને આવેશાત્મક વલણ છોડજો. ધીરજ રાખી શાંતિથી કામ લેવું. ધંધાકીય ક્ષેત્રે પ્રતિકૂળતા જણાય. આવક કરતા ખર્ચ વધી ન જાય તેની તકેદારી રાખવી. નોકરીયાત વર્ગને પણ શાંતિથી રૂટીન કાર્ય કરવું. જોખમો ન લેવા હિતાવહ. દામ્પત્ય જીવનમાં મતભેદો રહ્યા કરે. આરોગ્ય જાળવવું હિતાવહ.

**મિથુન**

આ સમય દરમિયાન માનસિક તંગદિલી અનુભવાય. નાના-મોટા અંતરાયો અને સંઘર્ષોનો સામનો કરવો પડે. ધીરજ રાખવી, સ્વસ્થતા ટકાવી રાખવી. ધંધા-વ્યવસાયના કાર્યમાં વધુ પરિશ્રમે સફળતા મળે. નાણાંકીય તંગદિલી અનુભવાય. ખર્ચ પર કાબુ રાખવો. સંતાનો અંગેની ચિંતા સતાવે.

**કર્ક**

આ સપ્તાહ દરમિયાન આપની આશા અને ઉમંગ વધે. સારી તકો મળે. તક ઝડપી લેવાથી ફાયદો થાય. નોકરીયાતને તેમના પ્રયત્નોનું ફળ મળે. ઉપરી અધિકારી વર્ગથી લાભ થાય. ધંધા-વ્યવસાય અંગેના વિકાસ માટે શુભ સમય. દામ્પત્યજીવનનું વાતાવરણ આનંદમય રહે. સ્નેહિ-સ્વજનોથી લાભ થાય. મહત્વની મુલાકાત ફળદાયી બને.

**સિંહ**

આ સપ્તાહ તમને મિશ્રફળદાયી રહે.મૂડિ રોકાણ કરવામાં સાવધાન રહેજો. ખોટા સાહસ ન કરવા હિતાવહ. ખર્ચા વધે, ધંધા-રોજગાર તેમજ નોકરીમાં આ સમય મિશ્રફળ આપનારું રહે. કોર્ટ-કચેરીને લગતી બાબતોના પ્રશ્નો ઉકેલાય. મકાન-વાહન અંગે સમય હજુ પ્રતિકૂળ છે. વધુ પ્રયત્નો કરવાથી કામ પાર પડે. દામ્પત્ય જીવનમાં સર્જાયેલા મતભેદો દૂર થાય.

**કન્યા**

આ સમય દરમિયાન આપને મનની મુંઝવણ દૂર થાય માટે તમારે પ્રયત્નો વધારવા જરૂરી. નાની-મોટી અડચણો પાર કરી શકશો. આર્થિક મુશ્કેલીઓનો ઉકેલ મળે. લાભની તક ઝડપી લેવી. આવક વધે, જમીન-મકાન-વાહન વગેરેની ખરીદી માટે સાનુકૂળ સમય છે. ધંધા-વ્યવસાયમાં આગળ વધી શકાય. સ્નેહિ-સ્વજનથી મિલન-મુલાકાત થાય.

**તુલા**

આ સપ્તાહ દરમિયાન તમારા અંગત પ્રશ્નોનો ઉકેલ મળે. કૌટુંબિક સમસ્યાઓ હલ થાય. ભાઈ-ભાડું અને સગા-સંબંધિઓની મદદ મળે. ધંધા-વ્યવસાય માટે આ સમય સાનુકૂળ રહે તેમજ નોકરીયાત વર્ગ માટે બઢતીના યોગ છે. આકસ્મિક પ્રવાસ-યાત્રા થાય. ગૃહજીવનમાં તકેદારી રાખવી હિતાવહ. પ્રિયજનની તબિયત બગડતા ચિંતા રહે. વડીલોનો સાથ-સહકાર મળે.

**વૃશ્ચિક**

આ સપ્તાહ દરમિયાન માનસિક અસ્વસ્થતા અને તંગદિલી રહે. તમારા ધાર્યા કાર્યમાં સફળતા ન મળે. ધીરજ રાખવી હિતાવહ. વેપાર-ધંધાના ક્ષેત્રે પરિસ્થિતિ યથાવત રહે. જેથી ખર્ચ પર કાબુ રાખવો હિતાવહ. વિરોધીઓથી સાવધ રહેવું, કુટુંબ માટે ભોગ આપવો પડે. તેમજ ભાતૃવર્ગથી મતભેદ રહે. પત્નીનો સહકાર મળે. સંતાનથી લાભ થાય. ધીમે-ધીમે પરિસ્થિતિ સુધરે.

**ધન**

આ સમય દરમિયાન અવિચારી કે ઉતાવળીયા નિર્ણયો ન લેવા હિતાવહ. નાણાંકીય મુશ્કેલીઓનો ઉકેલમળે. વ્યવસાયમાં સાનુકૂળતા રહે. અંતરાયો દૂર થાય. મિત્રો, સ્નેહિજનો સાથેનો વિવાદ ટાળવો. દામ્પત્ય જીવનમાં ગેર સમજો ન વધે તેની તકેદારી રાખવી. શારરીક તંદુરસ્તી જાળવવી તેમજ વડીલોની તબિયત સંભાળવી જરૂરી બને.

**મકર**

આ સપ્તાહ દરમિયાન તમારા વણ ઉકેલ્યા પ્રશ્નોનો ઉકેલ મળે. નવિન તકો પ્રાપ્ત થાય. વેપાર-ધંધા ક્ષેત્રે વિકાસ થાય. નાણાંકીય સારોએવો લાભ મળે સાથે-સાથે ખર્ચનો પ્રશ્ન બને. નોકરીયાત વર્ગ માટે સારો સમય છે. ગૃહજીવન આનંદદાયી રહે.

**કુંભ**

આ સમય દરમિયાન અગત્યના કામકાજો કરવામાં વિલંબ થાય. માનસિક ચંતિ રહે સાથે-સાથે તેનો ઉકેલ પણ મળે. સ્નેહિથી મિલન-મુલાકાત થાય. આપની જરૂરીયાત મુજબ પૂરતા નાણા માટે સાનુકૂળ સમય કોર્ટ-કચેરીના કાર્યોનું પરીણામ તમારી ફેવરમાં આવે, પ્રવાસ-પર્યટન થાય.

**મીન**

આ સપ્તાહ દરમિયાન માનસિક અસ્વસ્થતા અથવા તો કારણ વિનાની અશાંતિનો અનુભવ થાય તેથી મનને શાંત રાખવા પ્રયત્નો કરવા. ખોટા વિચારો ન કરવા હિતાવહ. નાણાંકીય સ્થિતિ મધ્યમ રહે. ધંધા-વ્યાપાર ક્ષેત્રે આગળ વધવાની તક મળે. આકસ્મિક લાભ થાય. નોકરીયાત વર્ગની સ્થિતિ યથાવત રહે. જીવનસાથીનો સહકાર મળે.

- કનકચંદ્ર સી. વ્યાસ

## દીઓદર ખાતે ડૉ.બાબા સાહેબ આંબેડકરની ૧૨૮મી જન્મ જયંતિ ઉજવાઈ

તાલુકા પ્રતિનીધી દીઓદર

ભારતના બંધારણના ઘડવૈયા ડૉ.બાબા સાહેબ ભીમરાવ આંબેડકરની ૧૨૮મી જન્મ જયંતીની ઉજવણી આજરોજ દીઓદર ખાતે દીઓદર તાલુકા ડૉ.આંબેડકર ઉજવણી સમિતિ દ્વારા યોજવામાં આવેલ.સવારે દીઓદર ખાતે આવેલ રામાપીર મંદિર ખાતેથી ભવ્ય શોભાયાત્રા નીકળેલ.જેમાં બાબાસાહેબનું વિશાળ ફોટો શોભાયમાન થઈ રહ્યો હતો. શોભાયાત્રા દીઓદરના રાજમાર્ગો ઉપર ફરેલ.ત્યારબાદ ટેલીફોન એક્ષચેન્જ પાસે આવેલ ડો.બાબા સાહેબ આંબેડકર ભવનની જગ્યાએ જાહેર સંમેલન -સભા યોજાયેલ.આ પ્રસંગે ઉપસ્થિત સૌ મહાનુભાવોના વરદ હસ્તે બાબા સાહેબની તસ્વીરને પુષ્પાંજલી અર્પણ કરવામાં આવેલ.ત્યારબાદ દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમ યોજાયેલ.આ કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ મહેમાનોને ડો.બાબા સાહેબ આંબેડકરના ફોટાને સુતરની આંટી પહેરાવી સન્માનીત કરવામાં આવેલ.

આ પ્રસંગે દીઓદર આ પ્રસંગે ડૉ.નિતીનભાઈ છત્રાલીયા, દીઓદર સરપંચ ગીરીરાજસિંહ વાઘેલા,ડો.હસમુખભાઈ સોલંકી,બાબુભાઈ છત્રાલીયા,ગણપતભાઈ કટારીયા,શાંતિભાઈ ચૌહાણ (ગાંગોલ), નરસિંહભાઈ પરમાર,ગાભાભાઈ પરમાર,

હરગોવનભાઈ પરમાર, એમ.ડી. મકવાણા, ગોવિંદભાઈ પરમાર, છગનભાઈ (ચેરમેન) સહીત વિશાળ સંખ્યામાં દલીત સમાજના આગેવાનો, યુવાનો ઉપસ્થિત રહી ડૉ.બાબાસાહેબને ભાવાંજલી અર્પણ કરેલ.

## ડીસાના માતાશેરીમાં બહુચર માના મંદિરે હવન યોજાયો




ડીસા શહેરના માતાશેરી વિસ્તારમાં આવેલ બહુચર માના મંદિરે ચૈત્ર સુધી આઠમના દિવસે હવન યોજાયો હતો. ભાવિક ભકતો મોટી સંખ્યામાં હાજર રહી મા બહુચરના દર્શન, હવન તેમજ પ્રસાદનો લાભ લીધો હતો.

## દીઓદર જી.આઈ.ડી.માં ગોગ મહારાજ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

તા.પ્રતિનિધી દીઓદર

દીઓદર જી.આઈ.ડી.સી.માં તા.૧૭/૪/૨૦૧૯ના રોજ શ્રી ગોગ મહારાજના નવીન મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાનાર છે. જેમાં સવારે યજ્ઞ યોજાશે. તેમજ બપોરે પ્રાણ પ્રતિષ્ઠા તથા સાંજે યજ્ઞની પૂર્ણાહુતી યોજાશે. આ પ્રસંગે મહાનુભાવો, સંતો-મહંતો આદિ ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે ધર્મ પ્રેમી જનતાને ઉપસ્થિત રહેવા અનુરોધ કરાયો છે.

## વડગામના બસુ - મેતા પંથકમાં પાટણ લોકસભા કોંગ્રેસના ઉમેદવારની જાહેર સભા યોજાઈ

તા.પ્રતિ. વડગામ

પાટણ લોકસભા કોંગ્રેસના ઉમેદવાર જગદીશભાઈ ઠાકોર દ્વારા વડગામ વિધાનસભાના તેનીવાડા રજોસણા માહી મેતા બસુ વગેરે ગામોમાં ચૂંટણીની જંગી જાહેર સભાનું આયોજન કર્યું હતું. જેમાં ડી.ડી.રાજપુત (થરાદ) પૂર્વ એમ.એલ.એ. મણિલાલ વાઘેલા હબીબભાઈ એવરા, પ્રમુખ દેવુસિંહ ડાભી, મહામંત્રી રહીમભાઈ મનસુરી તા.કોંગ્રેસ ભિખુભાઈ બિહારી, માનસંગભાઈ ઉપલાણા યાસીનખાન ખોખરા, રાબિયાબેન અસલમભાઈ પટેલ (તા.પં.પ્રમુખ), રતીલાલ ચૌહાણ માહી સરપંચ એફજલભાઈ ઉપ સરપંચ બાબુલાલ જગાણીયા સરદારસિંહ રાજપુત, અજીતસિંહ હડીયોલ, બળદેવસિંહ ઠાકોર જાકીરભાઈ પઠાણ સહિત અગ્રણીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

દરમીયાન જંગી જાહેર સભાને સંબોધતાં પાટણ ઉમેદવાર જગદીશભાઈ ઠાકોરે જણાવ્યું હતું કે સાડા સત્તર લાખ મતદારો ધરાવતા વિશાળ વિસ્તાર પાટણ લોકસભામાં બનાસકાંઠા મહેસાણા સુધીનો ખુબ લાંબા અંતરનો મત વિસ્તાર છે જેથી ૯૦ ટકા મતદાન થાય તો આપણો વિજય નિશ્ચિત છે વર્તમાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ નોટબંધી જી.એસ.ટી.ને ચોક્કસ ગણિત વગર અમલમાં કરતાં દેશમાં ધંધા રોજગાર પડી ભાંગ્યા છે ગત લોકસભા ચૂંટણીમાં સાહેબે ખોટાવચનો આપ્યા હતા.

મને સો દિવસ આપો, સાઈઠ દિવસ આપો આટલા દિવસોમાં પ્રજાના કામો નહી કરૂતો ચાર રસ્તા ઉપર મને ફાંસી એ લટકાવજો વગેરે ભ્રામકવાતો કરી પ્રજાને ગુમરાહ કરી હતી. દિલ્હીનો લાલ કિલ્લો અમારી શાન હતી તે ભારતની સ્વતંત્રતાનું પ્રતિક છે તેનો વેપાર કરી દીધો અને ચેન્નાઈ, બેંગલોર, અમદાવાદના આ પણ મોટા એરપોટો રિલાયન્સને વેચી માર્યા છે.

પ્રદેશ કોં.અગ્રણી હબીબભાઈ એ.એવરાએ વર્તમાન કેન્દ્ર સરકારને જુઠ્ઠાઓની સરકાર ગણાવી હતી, થરાના અગ્રણી ડી.ડી.રાજપુતે જણાવ્યું હતું કે પાંચ વર્ષ પહેલા મોદી સરકારે ખોટા વાયદા કરી ખોબે ખોબે વોટ લઈ ગયા હતા. રૂા.૧૫ લાખના વાયદામાંથી રૂા.૨૦૦૦ ખેડૂતોના ખાતામાં બતાવ્યા છે અને રૂા.૧૪૯૮૦૦૦ લેવાના બાકી છે. લોક સંપર્ક કાર્યક્રમ સફળ બનાવવા પ્રમુખ દેવુસીંહ ડાભી માનસંગભાઈ ઉપલાણા, ડી.એમ.પટેલ, અજીતસીંહ હડીયોલે ભારે જહેમત ઉઠાવી હતી.

## થરામાં રામનવમી આંબેડકર જયંતીની ઉજવણી : શોભાયાત્રા નીકળી

તા.પ્રતિ. થરા

ચૈત્ર મહીનો ઈશ્વરીય અવતારનો ધાર્મિક માસ મનાય છે કાંકરેજ તાલુકાના થરા નગરમાં પ્રાચીન રામજી મંદિર ખાતે ગઈકાલે ચૈત્ર સુદ - નોમ 'રામનવમી' નો ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી હતી. સવારથી રામધુન - ભજનની રમઝટ વચ્ચે બપોરે બારના ટકોરે 'રામ જન્મોત્સવ' ઉજવી સૌ કોઈ પ્રફુલ્લીત બન્યા હતા તો સાડા ચાર વાગ્યાના સુમારે રામજી મંદિરથી ભવ્ય શોભાયાત્રા નીકળેલ જે બહુચરાજી મંદિરથી ભવ્ય શોભાયાત્રા નીકળેલ જે બહુચરાજી મંદિર ચાચર ચોક, દરબાગઢ, તેરવાડીયા વાસ, ઓગડવિધા, મંદિર રોડ, ગરનાળા થઈ પાલીકા રોડ, વાળીનાથ મંદિર ચોક, સદુભાઈ પાટી - જુનાગંજ બજાર થઈ નિજ મંદિરે મોડી સાંજે પરત ફરેલ જ્યાં રાત્રે ભજન સત સંગનો કાર્યક્રમ યોજાયેલ ચૈત્ર સુદ - નોમ - રામનવમીને તા.૧૪/૪/૨૦૧૯ ચૌદમી




એપ્રીલ એટલે ભારતીય બંધારણના ઘડવૈયા દલિત મસીહા ડો.ભીમરાવ આંબેડકરજીની ૧૨૮ મી જન્મ જયંતી કાંકરેજ તાલુકામાં ઉજવવામાં આવી સવારે તાલુકા મથક શિહોરી ખાતે તો બપોર બાદ વેપારી મથક થરા નગરમાં આવેલ રામાપીર મંદિરેથી ભવ્ય શોભાયાત્રા નિકળેલ જે થરા નગરના જાહેર માર્ગો પર ફરીને રાત્રે રામદેવપીર મંદીરે આવી જાહેર સભા રૂપે ફેરવાયેલ જેમાં ડો.આંબેડકરજીના જીવન ચરિત્ર વીશે ગુણગાન ગાયા હતા.

## થરાદ વિસ્તારમાં ધાડ પાડવાના ઈરાદા સાથે ફરતી ટોળકી ઝડપાઈ

પ્રતિનીધી થરાદ

પોલીસ અધીક્ષક પ્રદિપ શેજુળ બનાસકાંઠા પાલનપુર તથા અજીત રાજયાણ મદદનીશ પોલીસ અધિક્ષક થરાદ વિભાગનાની સુચના મુજબ લોકસભા ચુંટણી અનુસંધાને ચેકપો.સ્ટો ઉપર સઘન વાહન ચેકીગ કરવાની સુચના અનુસંધાને જે.બી.આચાર્ય તથા પો.સ.ઈ એલ.પી.રાણા તથા પોસઈ કે.કે.રાઠોડે વિરોલથી બેવટા તરફ આવતા રસ્તા ઉપર બનાવેલ ચેક પો.સ્ટ ઉપર વાહન ચેકીગમાં હતા.

તે દરમ્યાન વિરોલ તરફથી બે મોટર સાયકલ આવતા જે શંકાસ્પદ લાગતાં તપાસ કરતાં તેમની પાસે તીક્ષ્ણ હથિયારો તથા ડીસમીસ અને આરીપાના સાથે લવાણા કળશ માતાજીના મંદિરમાં લુટ કરવાના તેમજ માતાજીના મંદિરમાં ચોરી કરવાના ઈરાદે મળી આવતાં ફીરોઝખાન અનવરખાન મુસલા રહે. ધાનેરા કોટડાવાસ તા. ધાનેરા, હરકનભાઇ ધનાજી રબારી રહે. ડુગાવા તા.સાંચોર, પ્રકાશ હરચનદાસ વૈષ્ણવ રહે. માધ કોલોની ભીનમાલ રાજસ્થાન, દનાથાભાઇ બાબુભાઇ ગરાસીયા રહે. ઝરીવાવ તા.દાંતા, ગોવાભાઇ દેવાભાઇ સીસોદીયા આદીવાસી રહે.જરીવાવ તા.દાંતા, શ્રવણભાઇ માલારામ પંડયા રહે. ઈન્દીરા કોલોની સાંચોર તા.સાંચોર રાજસ્થાનવાળાઓને તા.૧૨/૦૪/૧૯ ના ક. ૨૨/૦૦ વાગે અટક કરી આપીસી ૩૯૯ મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે.

અને વધુ પુછપરછ કરતાં ડુવા ગામે જૈન મંદિરમાંથી આજથી પાંચેક માસ પહેલાં ચોરી કરેલ હોવાની કબુલાત કરી છે.

## વડગામ વિધાનસભામાં ભાજપના અગ્રણીઓનો લોકસંપર્ક કાર્યક્રમ યોજાયો

તા.પ્રતિ. વડગામ

પાટણ લોકસભા ભાજપના ઉમેદવાર ભરતસીંહ ડાભીના સમર્થનમાં તા.ભાજપ પ્રમુખ પ્રવીણસિંહ રાણાની અધ્યક્ષતામાં તથા ચૂંટણી ઈન્ચાર્જ કે.પી.ચૌધરી, સહ ઈન્ચાર્જ દશરથજી ઠાકોર, જિ.ભાજપ મંત્રી કેશરભાઈ જે.વાયડા, જિ.પં.ડેલિગેટ ફલજીભાઈ વિ.પટેલ, મહામંત્રી ગોવિંદભાઈ એચ.ચૌધરી (નાંદોત્રા) ની વિશેષ હાજરીમાં વડગામ જલોત્રા - કાલેડા - બસુ - મેમદપુર જિલ્લા પંચાયત બેઠકોના વિસ્તારોમાં લોકસંપર્ક કાર્યકર્મ યોજાયો હતો.

જી.યુવા ઉપપ્રમુખ ડી.વી.સોલંકી, ધવલભાઈ બારોટ, દિગ્વિજયસીંહ રાજપૂત, ઘેમરભાઈ ચોધરી, મુકેશભાઈ યુ.ચૌધરી, ચંપકભાઈ બારોટ કોષાધ્યક્ષ મેરાજભાઈ દેસાઈ, સતિષભાઈ ભોજક, ભરતભાઈ પ્રજાપતિ, દિનેશભાઈ ચૌધરી (એદ્રાણા) પૂર્વ પ્રમુખ પ્રેમજીભાઈ ભુતડીયા (એદ્રાણા) વગેરેએ તમામ બુથોમાં ડોરટુડોર ચુંટણી પ્રચાર કરી ઉમેદવાર ભરતસિંહ ડાભીને જીતાડવા અનુરોધ કર્યો હતો.

## બનાસકાંઠા લોકસભા કોંગ્રેસ ઉમેદવારનો થરાદ વિધાનસભા ક્ષેત્રમાં લોકસંપર્ક કાર્યક્રમ યોજાયો

તા.પ્રતિ. વડગામ

ગતરોજ ગુરૂવારે બનાસકાંઠા લોકસભા કોંગ્રેસ ઉમેદવાર પરથીભાઈ ભટોળ થરાદ વિધાનસભાના ગામોમાં આટી પહોંચતા ઠેરઠેર ભવ્ય સામૈયા દ્વારા મતદારોએ સ્વાગત કર્યુ હતું. સવારે તિર્થ કથાના ગેળા હનુમાનજી ના દર્શન કર્યા ત્યારબાદ જેતડા આસોદર, રાહ, લુણવા (ક), ખોડા, દુધવા ગામોમાં લોક સંપર્ક દ્વારા ચૂંટણી સભાઓ ગજવી હતી.

જિ.કો.પ્રમુખ દિનેશભાઈ ગઢવી, અગ્રણી ડી.ડી.રાજપુત, સહીત અગ્રણીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. ઉપરોક્ત વિસ્તારના ગામોમાં પ્રચાર દરમીયાન ગ્રામજનોએ પરથીભાઈ ભટોળને જંગી બહુમતીથી વિજય બનાવવાની ખાતરી આપી હતી.

દરમીયાન બુધવારે યોજાયેલ દાંતા વિધાનસભા વિસ્તારમાં ધારાસભ્ય કાંન્તિભાઈ ખરાડી, જિ.પં.સદસ્ય રવિરાજભાઈ ગઢવી, નુરભાઈ ઉમતીયા, મુકેશભાઈ ચૌહાણ, જયંતિભાઈ ભાટીયા વગેરે મહાનુભાવો જોડાયા હતા.

જીતપુર ચોકડી, નવાવાસ પુંજપુર નાગેલ, હડાદ કુંવારસી ખેરોજ, પાંન્છા, અંબાજીમાં ચૂંટણી સભા યોજાઈ હતી.

## પાલનપુરમાં વીજ કરંટ લાગતા શ્રમિકનું મોત

પાલનપુર

પાલનપુર શહેરના ઢૂંઢીયાવાડીમાં રહેતા ૩૩ વર્ષીય શ્રમિકનું પથ્થરકામ દરમિયાન વીજ કરંટ લાગતા મોત નિપજ્યું હતું.

પાલનપુર શહેરના ઢૂંઢીયા વાડી વિસ્તારમાં રહેતા ૩૩ વર્ષીય પૂરણસિંહ ગિરધારીસિંહ રાજપૂત પથ્થર કામ કરતો હતો. જે શહેરના આબુ હાઈવે પર આવેલા ગાયત્રી મંદિર પાછળ પથ્થરકામ કરવા ગયો હતો. જ્યાં વીજ કરંટ લગતા તેનું મોત નિપજ્યું હતું. જેના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

## વડગામમાં રામનવમીની ઉજવણી કરાઈ




(તા.પ્રતિ.) વડગામ

તાલુકા મથક વડગામના ઐતિહાસિક રામજી મંદિર સંકુલમાં ગતરોજ રામનવમી પર્વની ઉજવણી કરાઈ હતી. બપોરે ૧૨/૦૦ કલાકે ભગવાન શ્રીરામની શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં ગ્રામજનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

## ડીસા એસ.ટી.ડેપો દ્વારા ડો.ભીમરાવ આંબેડકરને ભાવભરી આદરાંજલી અપાઈ



ડીસા

ડીસા એસ.ટી.ડેપો પરિવારે દલિતોના મસીહા અને ભારતીય બંધારણના ઘડવૈયા ડો.ભીમરાવ આંબેડકરને ભાવભરી આદરાંજલી અર્પી હતી. આજે આંબેડકર જયંતીની ઉજવણી પ્રસંગે ડીસાના નવા બસ સ્ટેન્ડ ખાતે ડીસા ડેપોના સ્ટેન્ડ ઈન્ચાર્જ અને એટીઆઈઓની ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં ડો.બાબા સાહેબ આંબેડકરની તસવીરને પુષ્પાંજલિ અર્પી આ મહામાનવને આદરાંજલી અપાઈ હતી.આ પ્રસંગે ડેપોના કર્મચારીઓએ બે મિનિટ મૌન પાળી જલિયાવાલા બાગ હત્યાકાંડના કમનસીબ મૃતકોને પણ શ્રદ્ધાંજલી અર્પી ફરજ નિષ્ઠાને વધુ મજબૂત બનાવવાના સંકલ્પો પણ લીધા હતા આજે સવારે ડીસા બસ સ્ટેન્ડ ખાતે યોજાયેલા આ કાર્યક્રમનું આયોજન ડેપોના ઉત્સાહી કર્મચારી રતિલાલ ચૌહાણ દ્વારા કરાયું હતું.આ કાર્યક્રમમાં ડેપોના કામદાર આગેવાનો જવાનસિંહ રાજપૂત,રાજુભાઈ રાઠોડ,દીપકભાઈ નાયક,રણજીતસિંહ હડીયોલ, અશોકભાઈ પ્રજાપતિ, કાળુભાઇ સિંધી,કીર્તીભાઈ મોદી, સોમભાઈ, ભીખાભાઈ, કિરણ દવે તેમજ અન્ય કામદારોએ પણ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી ડો.બાબા સાહેબ આંબેડકરને આદરાંજલી અર્પી હતી.

# પાલનપુર નારી સંરક્ષણ કેન્દ્રમાંથી બે સગીરા ભાગી જતા ફરિયાદ

પાલનપુર

પાલનપુરના નારી સંરક્ષણ કેન્દ્રમાંથી અમીરગઢ તાલુકાની બે સગીરાઓ રાત્રિના સમયે ભાગી છુટતા ચકચાર મચી જવા પામી હતી. આ અંગે પાલનપુર પૂર્વ પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે તપાસના ચક્રોગતિમાન કર્યા છે.

પાલનપુર ખાતે આવેલ નારી સંરક્ષણ કેન્દ્રમાં અમીરગઢ તાલુકાના કાનાપુર ગામની બે સગીર બહેનો દુષ્પ્રેરણા ના બનાવમાં નામદાર કોર્ટના આદેશથી આશ્રય મેળવી રહી હતી. પાલનપુરના નારીગૃહમાં પાંચ દિવસ રહ્યા બાદ તા.૨૨/૩/૨૦૧૯ ની રાત્રે આ બંને સગીરાઓ અંધારાનો લાભ ઉઠાવીને નારીગૃહમાંથી ભાગી છૂટી હતી.


(સંજય જોષી)

સગીરા ઓના ભાગી જવાના બનાવ અંગે નારીગૃહના ઈન્ચાર્જ સુપ્રિટેન્ડન્ટને બીજા દિવસે જાણ થતા તેમે બનાવ અંગે પોલીસને જાણ કરી હતી. તેમ છતાં આ બંને સગીરાઓનો કોઈ પત્તો ન મળતા આખરે આ મામલે સગીરાઓને દુષપ્રેરણા કરનાર અજાણ્યા શખ્સ સામે નારીગૃહ ના ઈ.સુપ્રિટેન્ડન્ટ સોનલબેન ચૌધરી દ્વારા પૂર્વ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે જેને લઈ પોલીસે સગીરાઓની શોધખોળ હાથ ધરી છે.

# દાંતામાં જીપની ટક્કરે મહિલા અને બાળકીને ઈજા

પાલનપુર

દાંતા હડાદ રોડ પર એક કમાન્ડર જીપના ચાલકે કમાન્ડર જીપ રીવર્સ લેતી વખતે ઉભેલ લીલાબેન બજાણીયા ઉ.વ.૩૫ તથા હેતલબેન ઉ.વ.૫ ને ટક્કર મારતા પગે તથા શરીરે ઈજાઓ થવા પામી હતી. તેમજ બાળકી હેતલબેનને પગના ભાગે ફેક્ચર થતા આ બાબતે અકસ્માત સર્જી ભાગી ગયેલ કમાન્ડર જીપના ચાલક સામે અંબાબેન બજાણીયા (રહે.ઈન્દીરાનગર,દાંતા) એ ફરીયાદ નોંધાવતા પોલીસે ફરીયાદ આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# વડગામ પુરવઠાના માલ ગોડાઉનમાં આગ લાગતાં અફડાતફડી


(પુષ્કર ગોસ્વામી)

(તા.પ્રતિ.) વડગામ

વડગામમાં આવેલ સિવીલ સપ્લાયના માલ ગોડાઉનમાં આગ લાગતાં અફડા તફડી મચી જવા પામી હતી. શનિવાર સાંજે શોર્ટ સર્કિટના કારણે આગ લાગતાં ખાલી કોથળા, તેલના કાર્ટુન, ખાંડની બોરીઓ બળી જતાં નુકશાન થવા પામ્યું છે. આગની જાણ થતાં મામલતદાર આર.સી.ઠાકોર, ના. મામલતદાર એસ.ડી.પંડયા ઘટના સ્થળે દોડી જઈ અગ્નિશામકની વ્યવસ્થા કરી આગ કાબુમાં લીધી હતી. કોઈપણ પ્રકારની જાનહાની થવા પામી ન હતી.

# થરાદમાં સ્વામી શ્રી સચિદાનંદ મહારાજના વરદ હસ્તે સાર્વજનિક સ્મશાનનું લોકાર્પણ


વિષ્ણુ દવે

(પ્રતિ.) થરાદ

થરાદમાં સંતશ્રી સ્વામી સચ્ચિદાનંદ મહારાજે નગરમાં એક સાર્વજનિક સ્મશાન બનાવવાની ભક્તોને પ્રેરણા કરતાં કામગીરી હાથ ધરવામાં આવી હતી. પાલિકા દ્વારા નર્મદા નહેરના કિનારે આવેલ સાડાસાત એકર જમીન પણ ફાળવી આપવામાં આવી હતી.તેમજ નગરના તમામ સમાજોના આગેવાનોની સમિતીની રચના કરીને શ્રી સ્વામી સચ્ચિદાનંદ સેવા સમિતી ટ્રસ્ટની અધ્યક્ષતામાં લોક ફાળો, નગરપાલિકા, સંસદસભ્ય અને ધારાસભ્યની ગ્રાંટ અને સ્વામીજીના ૧૬ લાખના માતબાર અનુદાનથી અંદાજીત સવા બે કરોડના ખર્ચથી નર્મદા નહેરના કિનારે આધુનિક સાર્વજનિક મુક્તિધામનું નિર્માણ કર્યું હતું. જેનું કામ પુર્ણ થતાં શનિવારે ચૈત્ર સુદ આઠમ (શનિવાર) ના રોજ ક્રાંતીકારી સંતશ્રી સ્વામી સચ્ચિદાનંદજી મહારાજના હસ્તે તકતીનું અનાવરણ કરીને તેને ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. શનિવારે સ્મશાનગૃહના લોકાર્પણ વખતે થરાદ શહેરના દલિત સમાજ દ્વારા મૃતકોને દફનાવવાની પરંપરાગત રૂઢીમાંથી બહાર નિકળીને હવે પછી અગ્નિ સંસ્કાર કરવાની મહારાજની પાવન પ્રેરણાથી નગરપાલિકાના પ્રમુખ અને દલિત સમાજના અગ્રણી લવજીભાઈ વાણીયા દ્વારા જાહેરાત કરવામાં આવી હતી.આ કાર્યક્રમમાં ડી.ડી. રાજપુત, પૂર્વ ધારાસભ્ય હેમાભાઈ રાજપુત, રાજપુત સમાજના પ્રમુખ ડી.ડી. રાજપુત, નગરપાલિકાના પુર્વપ્રમુખ પથુસિંહ રાજપુત, બનાસબેંકના ડીરેક્ટર શૈલેષભાઈ પટેલ, નગરપાલિકાના પ્રમુખ લવજીભાઈ વાણીયા, શહેર ભાજપપ્રમુખ વસંતભાઈ ત્રિવેદી, પથુસિંહ રાજપુત સહિતના આગેવાનો અગ્રણીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# વાવ પંથક ચાર પરગણા પ્રજાપતી સમાજના પ્રમુખનો ભાજપ માટે ઝંઝાવાતી પ્રચાર

તા.પ્રતિનિધિ વાવ

વાવ-થરાદ-સુઈગામ-ભાભર ચાર પરગણા પ્રજાપતિ સમાજના પ્રમુખ અને બ.કાં.જિલ્લા કિસાન મોરચો ભા.જ.પ.ના મહામંત્રી સેંધાભાઈ કે.પ્રજાપતિ વાવ સુઈગામ અને ભાભર પંથક ભા.જ.પા.ના લોકસભાના ઉમેદવાર પરબતભાઈ પટેલનો ઝંઝાવાતી પ્રચાર આદરી ચાર પરગણા પ્રજાપતિ સમાજને ભા.જ.પ.ના કમળને મત આપવા માટે આહવાન કર્યું છે.



જોકે સેંધાભાઈ પ્રજાપતિનું વાવ પંથક ચાર પરગણા પ્રજાપતિ સમાજ ઉપરાંત ઈતર સમાજમાં ભારે પ્રભુત્વ અને લોકચાહનાને સેંધાભાઈ પ્રજાપતિના ઝંઝાવાતી પ્રવાસ અને પ્રચારથી પ્રજાપતિ સમાજમાં ભા.જ.પ.ના ઉમેદવારને ભારે આવકાર અને સમર્થન સાંપડી રહ્યું છે. સેંધાભાઈ પ્રજાપતિના ગગનવેગી પ્રચારથી પ્રજાપતિ સમાજમાં કમળનો નાદ ગુંજી ઉઠયો છે અને ભાજપના ઉમેદવાર પરબતભાઈ પટેલ દિન-પ્રતિદિન જીત તરફ આગળ વધી રહ્યા છે.

# અમીરગઢ બોર્ડર ઉપરથી રૂા.૨૮ લાખ ઉપરાંતનો વિદેશી દારૂ ઝડપાયો



વિશાલ નાઈ

પ્રતિનિધિ અમીરગઢ

બનાસકાંઠા પોલીસ અધિક્ષ પ્રદિપ શેજુળ તથા ઋષિકેશ ઉપાધ્યાય નાયબ પોલીસ અધિક્ષકે આગામી લોકસભાની સામાન્ય ચૂંટણી દરમ્યાન ગે.કા.દારૂની હેરાફેરી અટકાવવા સારું બોર્ડર ચેકપોસ્ટો ઉપર નાકાબંધી કરી કડક અમલ વારી કરવા સૂચના કરતા સી. પી.ચૌધરી તથા પી.વી.વાઘેલા (પોસઈ), અમીરગઢના માર્ગદર્શન મુજબ અમીરગઢ પોલીસ સ્ટાફના પ્રવીણભાઈ, હસમુખદાન, હસમુખભાઈ દિલીપભાઈ તથા ડી કંપની ૩૭ બટાલિયનના જવાનો તથા બી.ડી. હીરાની તથા તેમની ટીમના માણસોએ સંયુક્ત રીતે અમીરગઢ બોર્ડર ચેકપોસ્ટ ઉપર સઘન વાહન ચેકિંગમાં દરમ્યાન ટ્રકગાડી નં.ઈ૭૦૭૪૭૪૦૭ માં સફેદ પાવડરની આડમાં વિદેશી દારૂ બોટલ નંગ.૯૨૮૮ કિરું.૨૨,૮૯, ૬૦૦/- તથા અન્ય સાધન સામગ્રી મળી કુલ રૂ.૨૮, ૦૧,૧૦૦/- નો મુદ્દામાલ મળી આવતા ટ્રકગાડીના ચાલક સહીરામ બિરબલરામ જાટ રહે.બિકાનેરવાળાની ધરપકડ કરી તેના સામે તથા નાસી જનાર ઈસમના સામે પ્રોહીબિશન એકટ અન્વયે કાર્યવાહી હાથ ધરી છે.

# લાખણીમાં વીજકરંટથી મૃત્યુ પામનારના પરિવારને સહાયનો ચેક આપાયો


(પ્રતાપ પરમાર)

(પ્રતિ.) લાખણી

લાખણીમાં ધી અર્બુદા ક્રેડીટ કો.ઓ.નામની મંડળી દ્વારા સભાસદોના વીમા લેવામાં આવ્યા હતા ત્યારે થોડા સમય અગાઉ લાખણી તાલુકાના પેપરાળ ગામના પટેલ જગમાલભાઈ નાગજીભાઈનું વીજકરંટ લાગવાથી મૃત્યુ થયું હતું. ત્યારે મંડળી દ્વારા વીમા કંપની પાસે રજુઆત કરીને તેનો વીમો પાસ કરાવ્યો હતો અને તેનો એક લાખનો ચેક મૃત્યુ પામનારના પરિવારને રૂબરૂ આપીને સેવાનું કામ કર્યુ હતું. આ પ્રસંગે મંડળીના ચેરમેન નર્મદભાઈ પટેલ મંડળીના મેનેજર લાલજીભાઈ પટેલ ધી ઈન્ડિયા ન્યુ ઈન્સ્યોરન્સ ડીસા શાખાના મેનેજર સી.જી.પંચાલ સહિત પરિવારના સદસ્યો અને મંડળીના કર્મચારીઓ હાજર રહ્યા હતા ત્યારે પરિવારના સભ્યોએ મંડળીનો આભાર માન્યો હતો.

# અમીરગઢમા ડો. ભીમરાવ આંબેડકરની ૧૨૮ મી જન્મજયંતીની ઊજવણી

પ્રતિનિધિ અમીરગઢ

અમીરગઢમાં ગતરોજ ડૉ. ભીમરાવ આંબેડકરની૧૨૮ મી જન્મ જયંતી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં આર.આર.વિદ્યાલયની બાજુમા બાબા સાહેબની ઉજવણી સમિતિ દ્વારા ડૉક્ટર ભીમરાવ આંબેડકરની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું. જેમાં પ્રતિમા અનાવરણમા ફૂલહાર કરી પ્રતિમાને ખુલ્લી મુકવામાં આવી હતી.ત્યારબાદ અમીરગઢ મોડર્ન શાળાની બાળાઓ દ્વારા સ્વાગત ગીત કરી કાર્યક્ર્મની શુભ શરૂઆત કરવામો આવી હતી.

આ કાર્યક્રમમાં આગેવાનો વસંત ભટોળ તથા અન્ય મહાનુભવો જોડાયા હતા. ત્યારબાદ દલીત સમાજના યુવાનો તથા આ કાર્યક્રમ નિહાળવા આવેલ અન્ય વ્યક્તિઓએ બ્લડ ડોનેશન કેમ્પમા બ્લડનું દાન કર્યું હતું.જેમાં અમીરગઢ મીડિયા એસોસિએશનના પ્રમુખ નરેશભાઈ પટેલ દ્વારા પણ રક્તદાન કરવામાં આવ્યું હતું.

અંતે આ કાર્યક્રમને સફળ બનાવવા દલિત સમાજના કાર્યકરો ખડે પગે રહ્યા હતા. આ કાર્યક્રમ સંપૂર્ણ અને શાંતીમય માહોલમાં પૂર્ણ કરવામાં આવ્યો હતો.

# લાખણી ખાતે આંજણા ચૌધરી સમાજ દ્વારા શ્રી રાજેશ્વર ભગવાનની જન્મજયંતિની ઉજવણી કરાઈ

લાખણી

ભારતભરના આંજણા ચૌધરી સમાજને કુળ ગુરુસંત શ્રી રાજેશ્વર ભગવાનનો જન્મ રામનવમીના પાવન દિવસે રાજસ્થાનના સુકારપુરા ગામે થયો હતો. જેમણે પોતાના જીવનકાળ દરમિયાન પ્રભુનું ભજન કરી સમાજને શિક્ષિત સંગઠિત અને વ્યસનમુક્ત બનવાની પ્રેરણા આપી હતી. જે સંત શ્રી રાજેશ્વર ભગવાનની આજે ૧૩૭ મી જન્મજયંતિ હોઈ આંજણા ચૌધરી સમાજ દ્વારા ઠેરઠેર જન્મ જયંતિની ઉજવણી કરી હતી. તો બનાસકાંઠાના લાખણી ખાતે આવેલ સંત શ્રી રાજેશ્વર ભગવાનના નિજ મંદિરે આજે મોટી સંખ્યામાં આંજણા ચૌધરી સમાજ ઉપસ્થિત રહી અને નાચ ગાન સાથે સંત શ્રી રાજેશ્વર ભગવાનની ધામધૂમ પૂર્વક જન્મ જયંતિની ઉજવણી કરી હતી. અને નિજ મંદિરે ભવ્ય લોકમેળો પણ ભરાયો હતો. આ મેળામાં રાજસ્થાનનું પ્રખ્યાત ગેરનૃત્ય યોજાયું હતું. જે ખાસ આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.



# યાત્રાધામ ઢીમા ખાતે ડો બાબા સાહેબ આબેડકર ની ૧૨૮ મી જન્મ જયંતિ ઉજવાઈ

ઢીમા

ડો બાબા સાહેબ આંબેડકરની વિચારધારાને ધ્યાનને લઈ ઢીમાના જય ભીમ યુવક મંડળ દ્વારા છેલ્લા ત્રણ વર્ષથી ઢીમા ખાતે ડો બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવે છે ઢીમાની માયાવંશી ધેમશાળાથી લઈને ગામની તમામ ગલીઓ મા ડૉ બાબા સાહેબ આંબેડક ની રથયાત્રા નીકાળવામાં આવે છે.આ પ્રસંગે ઢીમા ખાતે જય ભીમ યુવક મડળના નવા નિમાયેલા પ્રમુખ ચમનભાઈ પરમાર, ઉપપ્રમુખ કાંતિભાઈ ચૌહાણ તેમજ ઢીમા ખાતે સામાજિક કાર્યકર્તા અશોકભાઈ પરમારની રાહબારી હેઠળ આ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે બી વી એફ યુનિટ ઢીમાના શ્રાવણભાઈ સોલંકી અને પ્રવીણભાઈ ચૌહાણ તેમજ ગામના તમામ દલિતભાઈઓ અને બહેનો સાથે મળી ને ડૉ બાબા સાહેબ આંબેડકર ની જન્મ જયંતી ની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી આ પ્રસંગે બી.આર.આંબેડકર પ્રાથમિક શાળાના આચાર્ય હરિરામ ભાઈ ચૌહાણ દ્વારા ડો બાબા સાહેબ આંબેડકરની વિચાર ધારા રજૂ કરવામાં આવી હતી.



# ધાનેરામાં બાબા સાહેબની જન્મજયંતિની ઉત્સાહ સાથે ઉજવણી કરાઈ


એન.કે.મોદી

ધાનેરા

ધાનેરામાં બાબા સાહેબની જન્મ જયંતિ નિમિતે ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. જે શોભાયાત્રાનું વિવિધ જગ્યા ઉપર સ્વાગત પણ કરવામાં આવ્યું હતું.

૧૪ મી એપ્રિલ એટલે બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતિ. આજે સમગ્ર દેશમાં લોકો ખુબ જ ઉત્સાહ સાથે બાબા સાહેબની જન્મ જયંતિની ઉજવણી કરી રહ્યા છે ત્યારે ગતરોજ ધાનેરામાં યુવા ભીમ સેનાએ દ્વારા બાબા સાહેબની જન્મ જયંતિ નિમિતે ધાનેરામાં ભવ્ય શોભાયાત્રા નીકળવામાં આવી હતી. જેમાં તમામ સમાજ તથા દલિત સમાજ સહિત અન્ય સમાજના લોકો પણ જોડાયા હતા. મોટી સંખ્યામાં લોકોએ બાબા સાહેબની ભવ્ય શોભાયાત્રા નીકાળી હતી અને આ શોભાયાત્રા ધાનેરાના વિવિધ માર્ગો ઉપર ફરી હતી. વિવિધ જગ્યા ઉપર લોકો એ બાબા સાહેબની શોભાયાત્રાનું સ્વાગત કર્યું હતું. આ શોભાયાત્રા ધાનેરાના વિવિધ માર્ગો ઉપર ફરી ધાનેરાના લાલચોક ખાતે સભામાં ફેરવાઈ હતી અને ત્યાં લોકો એ બાબાસાહેબની પ્રતિમાને ફુલહાર ચડાવી બાબા સાહેબના નારા લગાવ્યા હતા અને બાબાસાહેબની જન્મ જયંતિની ઉજવણી કરી હતી.

# ચૈત્રી નવરાત્રીની ભાવ ભર્યા માહોલમાં પૂર્ણાહુતિ

## પૂજા અર્ચના અને અનુષ્ઠાનની હેલી જામી

ડીસા

ડીસા સહિત જિલ્લામાં ચૈત્રી નવરાત્રીનો ૬ એપ્રિલ થી શુભારંભ થયો હતો હિન્દુ નવું વર્ષ ચૈત્ર મહિનાના પ્રથમ દિવસથી પ્રારંભ થયેલ નવરાત્રીની ગઈકાલે ૧૪મી એપ્રિલ ને રામનવમીના પાવન દિવસે સમગ્ર જિલ્લામાં ભાવ ભર્યા માહોલ સાથે પૂર્ણાહોતી કરવામાં આવી હતી વર્ષ દરમિયાન આવતી કુલ ચાર નવરાત્રિ પૈકી આસો અને ચૈત્ર નવરાત્રી વિશેષ મહત્વ રહેલું છે જેમાં ચૈત્રી નવરાત્રિમાં ઠેરઠેર વિવિધ ધાર્મિક કાર્યક્રમો સાથે નવરાત્રી માહોલ જામ્યો હતો આમ તો નવરાત્રિ એટલે માતાજીની આરાધના કરવાના દિવસો ગણવામાં આવે છે જેથી વધુમાં વધુ નવરાત્રી દરમિયાન પૂજા-પાઠ અનુષ્ઠાન હોમહવન જેવા વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાતા હોય છે જેના પગલે સમગ્ર જિલ્લામાં ધાર્મિક માહોલ ઊભો થયો હતો જિલ્લામાં આવેલા વિવિધ દેવી શક્તિના મંદિરમાં સહિત જિલ્લાના પ્રસિદ્ધ અંબાજી મંદિરમાં પણ નવરાત્રી ના દિવસો દરમિયાન શ્રદ્ધાળુઓની વિશેષ ભીડ જોવા મળી હતી નવરાત્રી દરમિયાન દેવી દર્શન કરવાનો અચૂક લાભ લીધો હતો નવરાત્રિના નવ દિવસ માતાજીની આરાધના ઉપાસના અને સાધના કરતાં સાધકોએ શ્રદ્ધાપૂર્વક નવરાત્રિની પૂર્ણાહુતિ કરી હતી જેને લઈ સમગ્ર જિલ્લાભરમાં ચૈત્ર નવરાત્રી નો ભાવ ભર્યા માહોલ જોવા મળ્યો હતો



# ડીસા ગાયત્રી શક્તિપીઠ પર ચૈત્ર નવરાત્રિ અને રામનવમી પર્વ ઉમળેકાભેર સંપન્ન

પ્રતિનિધિ વડાવળ

ગાયત્રી પરિવારનો આધારભૂત સ્તંભ સાધના છે. ગાયત્રી પરિવાર પોતાની દૈનિક જીવનશૈલીમાં ''સાદું જીવન, ઉચ્ચ વિચાર''ના સૂત્રની સાથે સાધનાને વિશેષ પ્રાધાન્ય આપે છે, જેમાં શક્તિ સાધનાના પર્વ એવા આસો અને ચૈત્ર એમ બંને નવરાત્રિમાં તો વિશેષ અનુષ્ઠાન અને જપ-તપ કરે છે. દર વર્ષની માફક ચાલુ વર્ષે પણ ચૈત્ર નવરાત્રિ પર્વ પર ગાયત્રી પરિવાર ડીસા દ્વારા શક્તિપીઠ પર સામૂહિક અનુષ્ઠાન, ધ્યાન વિગરેની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. પ્રાત: ૪-૦૦ કલાક થી સાંજે ૮-૦૦ સુધી શક્તિપીઠના સાધનાખંડમાં અનેક સાધકો અને પરિજનોએ લાભ લીધો હતો. પ્રાપ્ત થતી માહિતી પ્રમાણે માત્ર ચૈત્ર નવરાત્રિમાં નોંધાયેલ સાધકોની વિગતો પ્રમાણે આ સાધના પર્વના આ નવદિવસમાં જ લગભગ ૪૧.૦૦લાખ ગાયત્રી મંત્રના જપ થયા હતાં અને ૧.૯૮લાખ ગાયત્રી મંત્રલેખન


નરસિંહ દેસાઈ

અનુસંધાન પાના નં.૬

# તંત્રી સ્થાનેથી...

જો રહિમ ઉત્તમ પ્રકૃતિ, કા કરી શક્ત કુસંગ, ચંદન વિષ વ્યાપે નહિં, લિપટે રહત ભુજંગ.

## ખીણ વિસ્તારમાં પાક. સૈનિકોને દેખો ત્યાં ઠાર કરવાના આદેશો જારી

જમ્મુ કાશ્મીરના ખીણ વિસ્તારમાં હજુ કેટલાક આતંકવાદી જુથો છુપાયેલા હોવાની હકીકત બહાર આવી છે ત્યારે આ બાબતે લશ્કરી વડાઓ જે કવાયત કરી રહ્યા છે તે બાબતની અસર આતંકી જુથો પર પડશે કે કેમ ? તે એક સવાલ ગંભીરતાપૂર્વક ચર્ચાસ્પદ બન્યો છે. સમગ્ર ખીણ વિસ્તારમાં તકેદારી માટે પગલાં ભરવામાં આવી રહ્યા છે તે બરાબર પરંતુ આતંકી જુથો કયાંથી પ્રવેશ કરે છે તે બાબતની જાણકારી મેળવવી જરૂરી છે.

થોડા સમય અગાઉ પાકિસ્તાની સેનાના જવાનોએ જમ્મુ કાશ્મીરમાં અંકુશરેખા નજીક નૌશેરા સેકટર વિસ્તારમાં વિસ્ફોટકોથી હુમલો કર્યો હતો જેથી સમગ્ર વિસ્તારમાં ભારે તંગદીલી બની છે અને રહેણાંક વિસ્તારમાં લોકોને પોતાના પરથી બહાર નીકળવું મુશ્કેલ બન્યું હતું. આ બાબતને અહેવાલ લશ્કરના વડાએ સંરક્ષણ વિભાગને સુપ્રત કર્યો હતો. જ્યારે ગત ગુરૂવારે પાક.સેનાએ પુંચ વિસ્તારમાં એલ.ઓ.બી.ના એ વિસ્તારમાં બોંબધડાકા કર્યો હતો. આથી કેટલીક ઈમારતોને ભારે નુકશાન થયું હોવાનું પણ બહાર આવ્યું છે. જોકે રાજયમાં ક્ષતિગ્રસ્ત ઈમારતો છે તેને દુરસ્ત કરવાની કામગીરી માટે સરકાર દ્વારા નાણાંની જોગવાઈ કરવામાં આવી છે.

રાજયમાં વારંવાર યુદ્ધવિરામનો ભંગ કરનાર પાક.ના સૈનિકોએ સબક શિખવાડવા માટે ભારતીય જવાનો બે દિવસમાં જે કાર્યવાહી હાથ ધરી છે તેનો રીપોર્ટ પણ સરકારને મોકલી આપવામાં આવ્યો છે. પુંચ વિસ્તારમાં છેલ્લા એક અઠવાડીયાથી આતંકી માહોલ સર્જાયો છે. જોકે ભારતીય જવાનો સતત તકેદારી રાખી રહ્યા છે જેવા ખીણ વિસ્તારમાં તંગદીલી હવે સામાન્ય જણાય છે.

વર્તમાન સંજોગોમાં દેશના જે વિસ્તારોમાં નકસલી હુમલા જારી છે ત્યાં વધારાના સૈનિક દળોને મોકલી દેવાની વ્યુહરચના સંરક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવેલ છે.

જમ્મુ કાશ્મીરમાંના ઉત્તર અને પૂર્વ વિસ્તારમાં આવેલી સરકારી ઈમારતો અને શાળા કોલેજની અંદર કોઈ આતંકીઓ ઘુસણખોરી ન કરે તે માટે લશ્કરી જવાનો દ્વારા સતત ગોળીબાર કરવાના આદેશો સંરક્ષણ વિભાગના અધિકારીઓ દ્વારા આપવામાં આવ્યા છે. તાજેતરમાં કાશ્મીરના એક રહીશના મકાનની અંદર ઘુસીને પાક.ના સૈનિકોએ કરેલા ગોળીબારમાં બે નાગરિકો માર્યા ગયા હતા. ભારતીય જવાનોને સંરક્ષણ વિભાગ દ્વારા અત્યાધુનિક શસ્ત્ર સરંજામ આપવામાં આવ્યો હોવાથી આતંકીજુથો ભારે ડર અનુભવી રહ્યા છે. પાક.સૈનિકો પોતાની મરજી મુજબ ખીણ વિસ્તારમાં ગોળીબાર કરી રહ્યા છે તે અંગે ભારતે પાકિસ્તાને ટકોર કરવી જોઈએ. પાક.ના વડાપ્રધાન ભારત સાથે કાશ્મીર વિવાદ બાબતે મંત્રણા કરે કે ન કરે પરંતુ ભારતીય સેનાએ પાકિસ્તાનને પાઠ ભણાવવાનો કીમીયો હાથ ધરીને પાક. ના ચાર જેટલા સૈનિકોને ગત બુધવારે જમ્મુની નવી ચોકી પાસે જ ઠાર કર્યા હતા. આ મુદો પાક.ની સંસદમાં ચર્ચાસ્પદ બન્યો હોવાનું પણ મનાય છે.

કોઈપણ જાતની ઉશ્કેરલી વિના પાક. સૈનિકો ખીણ વિસ્તારમાં ગોળીબાર ચલાવી રહ્યા છે. તે બાબતે સંરક્ષણ વિભાગ દ્વારા બે દિવસ અગાઉ ખીણ વિસ્તારમાં બેઠક બોલાવીને પાક.સૈનિકોને દેખો ત્યાં ઠાર કરવાના આદેશો જારી કર્યા હતા. ત્યારે હવે જમ્મુ કાશ્મીરના ઉત્તર વિસ્તારમાં જે નવી ચોકીઓ ઉભી કરવામાં આવી છે ત્યાં ગોળા, બારૂદને જથ્થો રાખવામાં આવ્યો હોવાથી પાક. સૈનિકોને હંફાવી શકાશે તે વાત ચોક્કસ છે.

## ઈતિહાદ એરવેઝની અબુધાબીમાં બે રાત્રિના રોકાણની વિના મૂલ્યે ઓફર



અબુધાબી ઈતિહાદ એરવેઝ આજથી શરૂ થતા સીમાચિહ્ન વૈશ્વિક પ્રમોશનના એક ભાગ રૂપે મુસાફરોને યુએઈની રાજધાનીમાં વિનામૂલ્યે સ્ટોપઓવર માટે અબુધાબી દ્વારા ફ્લાય કરવા માટે આમંત્રી રહી છે.

અબુ ધાબી એ ગતિશીળ અને વૈવિધ્યતા ધરાવતું શહેર છે જે મુલાકાતીઓને સાસ્કૃતિક અંશો, આકર્ષક આર્કિટેક્ચર, વૈશ્વિક કક્ષાના થીમ પાર્કસ તેમજ આંખ ખેંચે તેવો દરિયાકિનારો અને ડેઝર્ટ લેન્ડસ્કેપ્સ ધરાવે છે. આ શહેર વિશિષ્ટ મુસાફરી અનુભવની શોધમાં હોય તેવા એકલા મુસાફરો અને દંપતીઓને તેમજ પરિવારો કે જે બાળકો સાથે અસાધારણ યાદોનું સર્જન કરવા માગતા હોય અને રજાઓમાં રજા માટે યોગ્ય સ્થળ બનાવવા માગતા હોય તેમને આમંત્રે છે. ઈતિહાદ એરવેઝ અબુધાબી દ્વારા દરેક ઈતિહાદના ટુ એન્ડ ફ્રો ડેસ્ટીનેશન્સ બુક કરાવતા દરેક મહેમાનો માટે અબુધાબીમાં બે દિવસ વિના મૂલ્યે રોકાણ ઓફર કરી રહી છે. મહેમાનો ફાઈવસ્ટાર ઈન્ટરનોકોન્ટિનેન્ટલ અબુ ધાબી અને દૂસિતથાની અબુ ધાબી તેમજ મેરિયોટ્ટ ડબ્લ્યુટીસીની એસ્થે કંટ્રીયાર્ડ, ક્રાઉન્ પ્લાઝા અને રેડીસન બ્લ્યુ સહિત શહેરમાં સ્થિત ૧૫ હોટેલ્સમાંથી કોઇ પણ હોટેલની પસંદગી કરી શકે છે.વિના મૂલ્યે અબુ ધાબી સ્ટોપઓવર પ્રમોશન માટેનું ઓનલાઇન બુકીંગ etihad.com મારફતે અથવા ટ્રાવેલ એજન્ટ દ્વારા ૨૧ એપ્રિલથી ૧૫ જુલાઇ ૨૦૧૯ વચ્ચેની ફ્લાઇટ્સ માટે ૧૦ એપ્રિલથી ૧૫ જૂન સુધી ઉપલબ્ધ છે. મહેમાનો નવા ૪૮ કલાકના વિના મૂલ્યે યુએઇ ટ્રાન્સિસ્ટ વિઝા સાથે અબુ ધાબીમાં સ્ટોપઓવરનો આનંદ માણી શકે છે. આ ટ્રાન્સિસ્ટ વિઝા એરાઈવલ પર ઉપલબ્ધ છે અને જે ગ્રાહકોએ આગળી મુસાફરીનું બુકીંગ કરાવ્યું હોય તેમને લાગુ પડે છે, જે ૪૮ કલાક સુધી વિના મૂલ્યે છે અને તેને વધુ રકમ ચૂકવીને ૯૬ કલાક સુધી વધારી શકાય છે. જે પ્રવાસીઓ કુદરતની ખેવના રાખતા હોય તેઓ અરેબિયન રણની સુંદર રેતીના ઢૂવા જોવા જઇ શકે છે અથવા પ્રાચીન કોસ્ટલાઈન અને અબુ ધાબી ટાપુની આસપાસ આવેલ સુંદર દરિયાકિનારા પાસે શાંતિ અનુભવી શકે છે. ભૂલાય નહી તેવી ડેઝર્ટ સફારી સ્પર્ધાઓ, મોટી સંખ્યામાં વૈશ્વિક કક્ષાના ગોલ્ફ કોર્સીસ અને સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય કક્ષાના ડાઇનીંગ અનુભવોની અપવાદરૂપ રેન્જ દરેક માટે કંઇક હોવાની ખાતરી આપી છે. સ્ટોપઓવરને કારણે થાક ઉતરી જતો હોવાથી વધુ બે રજાઓ માણી શકાય છે તેનાથી રાહત પણ મેળવી શકાય છે. લાંબી યાત્રાએ જતા વૈશ્વિક મુસાફરોને તેમની મુસાફરી સાથે ટાઇમ ઝોનને એડજસ્ટ કરવાનો લાભ મળશે જેથી તેમના અંતિમ ડેસ્ટીનેશન્સ પર પહોંચતા વધુ તાજગીનો અહેસાસ કરશે.

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## શેર માટીની ખોટ

### સંવેદના – પ્રવિણ એમ. નાઇ

વિશ્વાસ શું ન કરી શકે ? 'શ્રદ્ધાનો હો વિષય તો પુરાવાની શી જરૂર..' કુરાનમાં તો કયાંય પયંગબરની સહી નથી..આ સત્ય વાકય કંઈ એમનેય લખાયું નથી. હાલકડોલક થતી જીવનરૂપી આ હોડીને ચલાવવા માટે શ્રદ્ધા અને વિશ્વાસ રૂપી હલેસાની જરૂર પડે છે. પછી તે વિશ્વાસ અલખધણી પરમેશ્વર સાથે હોય કે પછી માં જગદંબાના શરણમાં હોય.

ગીરમાં એક નેહડો.આ નેહડામાં રબારી સમાજના અમુક કુટુંબો રહે.રબારી સમાજ ખાધે પીધે સુખી. ખેતીવાડી અને ઢોરઢાંખર પણ ખરા જાણે મા જગદંબાના ચારેય હાથ એમના ઉપર જોઈ લો. એવું મસ્ત જીવન આ નેહડાના લોકો જીવી રહ્યા હતા.

સવાર પડે એટલે પોતાનાં ઢોરઢાંખર લઈને પુરૂષો ગીરના ખુલ્લા વગડામાં ચરાવવા નીકળી જાય. બાઈઓ ઘરે રહે.. ઘરનું કામ કરે. .પરીવારને સંભાળે.

આ નેહડામાં અરજણ રબારી નામે પણ એક માલધારી રહે. એના ઘરે સુખ સાહ્યબીનો તો કોઈ પાર નહીં. ખાધેપીધે સુખી, લક્ષ્મીએ છુટા હાથ રાખ્યા હોય તેમ ખેતીવાડી અને ઢોરઢાંખર પણ સારા પ્રમાણમાં હતું પણ અરજણ રબારીને એક શેર માટીની ખોટ. અરજણ રબારીને આ શેર માટીનો વસવસો કાયમના માટે સતાવતો જ હતો. અરજણ રબારીને મા ચેહર ઉપર અતિ વિશ્વાસ. તેનું નામ અરજણને ઘડીક પળ ન વિસરાતું.

મા ચેહરે સુખ તો આપ્યું હતું પણ ખોળાનો ખુંદનાર ન હોવથી ઊંડે ઊંડે થયા કરતું કે ગત જન્મમાં મેં એવું તો શું કર્મે કર્યું હશે કે, મને આ ભવમાં બાળક ન મળ્યો પણ મા ચેહર પ્રત્યેની એને શ્રદ્ધા હોવાથી મનને મનાવી લેતો.

એક વાર નાગાબાવાની જમાત શિવરાત્રી તહેવારમાં ભવનાથના મેળામાં ગીરમાં આવી. આ નાગાબાવાઓ પાકિસ્તાનની બલુચિસ્તાનની આજુબાજુથી આવ્યા હોવાની વાત વહેતી થઈ. આ બાવાઓ દિગંબર અવસ્થામાં હોય છે પોતાના કુટુંબનો ત્યાગ કરીને આ બાવાઓ નાગા બાવાઓની જમાતમાં રહેતા હોય છે પણ એવું કહેવાય છે કે આ નાગા બાવાની જમાતમાં કોઈક પરમ સિદ્ધ યોગી પુરૂષ પણ હોય છે.

ભવનાથના મેળામાં આવેલ આ નાગા બાવાની જમાતમાં એક બાવાએ ભાંગ વધુ પી લીધી અને વધુ ભાંગ પીવાથી તેનો નશો પણ વધુ ચડી ગયો અને તે પોતાની જમાતમાંથી છુટો પડીને ગીરના જંગલમાં જ્યાં નેહડો હતો ત્યાં આવી ચડયો. બાઈઓ ઘરે હતી. પુરૂષો તો સવારના ઢોર લઈને ચરાવવા નીકળી ગયા હતા. આ બાઈઓ પણ કેવી...? હિંમત ન હારે તેવી. જાણે સિંહ સામે બાથ ભીડવાનો સમય આવે તો ઘડીક પણ વાર ન કરે.

પેલા નાગાબાવાએ અરજણ રબારીના ઘરે જ જઈને બુમ પાડી.. કોઈ ઘરે છે કે જય ગીરનારી.. અંદરથી અરજણ રબારીના ઘરથીએ જવાબ આપ્યો, હા ઘરે છું જય ગીરનારી.. બાઈ મારે વાટકો ભરીને દહીં ખાવું છે. તું આપીશ ? બાવાએ દહીં ખાવાની આજીજી કરી.. દહીંના ઠામ ઉભરાતાં હોય અને ના પાડું તો મારો સ્ત્રી ધર્મ લાજે.. આંગણે આવેલા ભિક્ષુકને ખાલી જવા દઉં તો મારૂં ખોરડું પણ ભોઠપ અનુભવે..એવું મનમાં લાવીને અરજણની ઘરથીએ નાગા બાવાને કહ્યું કે ઊભા રહો, હમણાં જ દહીં ભરીને વાટકો લાવું છું. તમને આપું છું.. એટલું કહીને એ બાઈ ઘરમાં દહીં લેવા ગઈ.

નાગાબાવાએ પીધેલી ભાંગ માથામાં ચડી ગઈ હતી. આકુળ વ્યાકુળ થઈ ગયો હતો મનમાં થતું હતું કે, કયારે દહીં આવે અને હું ખાવું.. એમ વિચારી રહ્યો હતો.. ત્યાં જ બાઈ હાથમાં દહીંનો વાટકો ભરીને આવી.. લો મહારાજ દહી ખાઓ...અને દહીં દેખતાં જ જાણે બાવાને સાતેય પેઢીનું સુખ મળી ગયું હોય તેમ રાજી રાજી થઈ ગયો.

બાવાએ દહીંને ગટગટાવી નાખ્યું.. ભાંગના નશામાં પણ કંઈક ટાઢક વળતી હોય તેવું દેખાતું અને જેવી શાંતિ થઈ કે નાગાબાવાએ બાઈ તરફ નજર કરીને કહ્યું કે, બાઈ બોલ તારે આજે શું જોઈએ છે ? આજે તું કહે તે આપવા તૈયાર છું.. અરજણના ઘરથીએ કહ્યું કે બાપજી મારે કંઈ જોઈતું નથી. મા ચેહરની અમારા ઉપર મહેરબાની છે માએ સુખ સાહ્યબી ભરપુર આપી છે.. બાવાએ કહ્યું કે ના કંઈક તો માગ.. આજે હું ખુશ થયો છું જે માગીશ તે આપી દઈશ..બાઈએ બીજી વાર ના પાડી ત્યારે નાગા બાવાએ કહ્યું કે, ના બાઈ તું કંઈક છુપાવે છે.. તારે જોઈએ છે પણ તું માગી શકતી નથી.. બોલ શું ઈચ્છા છે ?

નાગા બાવાએ આપવાની જ હઠ પકડી ત્યારે બાઈએ કહ્યું કે, બાપજી હું કહું તે આપશો ? અરે તું કહે તે આજે આપી દઉં.. તું બોલ તો ખરી.. નાગાબાવાએ વિશ્વાસ પૂર્વક કહ્યું..

અને અરજણના ઘરથી બોલી કે બાપજી મારે શેર માટીની ખોટ છે.. મારે સુખ સાહ્યબી તો ઘણી છે પણ ખોળાનો ખુંદનાર ન હોવાથી જીવન સાવ નિરસ બની ગયું છે. જીવવામાં કંઈ સાર રહ્યો નથી. વર્ષો પહેલાં તમારી જેમ એક સાધુ આવ્યા' તા.. તેઓએ કહેલું કે તમારા ભાગ્યમાં સંતાન છે જ નહીં. .બસ એટલેથી જ મન મનાવી લીધું છે.

બાઈની આવી કરૂણ અવાજમાં વાત સાંભળીને નાગા બાવાજી પણ જાણે ભાવવિભોર થયા હોય તેમ બાઈને કહ્યું કે બાઈજી હું પાકિસ્તાનના બલુચિસ્તાનથી આવું છું...મા હીંગળાજનો ઉપાસક છું.. તને માગવાનું કીધું ને ન આપું તો હિંગળાજને કરેલી ભક્તિ નકામી.. અને આમ કહીને નાગા બાવાએ તો ભ્રમર કર્યો.. ઊંચાં....જાણે સમાધિમાં ન બેસી જવાનું હોય.. ધ્યાનમાં જઈને શંકર તરફ મીટ કરી. ભોલેનાથ તરફ મીટ કરીને જાણે શંકરને કહેતી હોય કે હે ભોલેનાથ.. હું તને દંડવત વંદન કરૂં છું.. આજે હું તારી શરણમાં છેક પાકિસ્તાનથી આવ્યો છું. આજે બીજું તો કંઈ નહીં પણ આ બાઈને પુત્ર આપજે. શંકરે જટા હલાવી.. નેત્ર ખોલીને જોયું તો નાગા બાવાજી એક પુત્રની ભીખ માગી રહ્યા હતા. શંકર ભગવાને બાવાજીને કહ્યું કે, બાવાજી એ બાઈજીના જીવનમાં બાળક સુખ લખાયેલું જ નથી. એટલે હું કેવી રીતે આપી શકું ? પણ એક કામ કર.. તું જેને ભજે છે.. તું જેનો ઉપાસક છે તેને કહી જો.. કદાચ કામ થઈ જાય.

અને ભોલાનાથના આદેશથી નાગા બાવાએ મા ભગવતી જગદંબા તરફ નજર કરી હો...

હે મા ભગવતી.. ભાંગ્યાની ભેરૂ હું જો તારો સાચો ઉપાસક હોવું તો મારૂં આજે આટલું કામ કરજે.. અમારે તો જીવનમાં કંઈ આશા ન હોય પણ આ બાઈને હું વચન આપી ચૂકયો છું.. એટલે મારી લાજ તું રાખજે.. મારી લાજ રાખવાવાળી પણ તું જ છે.. નાગા બાવાનું વચન સાંભળતાં જ મા ભગવતી હિંગળાજ બોલી કે હે પરોપકારી સાધુ.. એ બાઈના સંસારમાં તો પુત્ર પ્રેમ છે જ નહીં પણ તારા પોકારને લીધે જ એને આજથી અગિયાર મહીના પછી દિકરી અવતરશે.. અને એ દિકરી પણ દિકરા સમાન તેજસ્વી, ચતુર અને બળવાન હશે.

નાગા બાવાએ આંખ ખોલી ત્યારે એ અરજણની ઘરથી સામે જ ઊભાં હતાં નાગાબાવાએ કહ્યું કે, બાઈજી તારા જીવનમાં પુત્ર તો નથી પણ જા.. આજથી અગિયાર મહીના પછી તારા ઘેર પુત્રી થશે..અને એ પુત્રી પણ રૂપ રૂપનો અંબાર, તેજસ્વી, ચતુર અને યુવાનને પણ આંબી જાય તેવી પરાક્રમી હશે. એટલું કહીને નાગા બાવાજી ગીરનાર તરફ જવા પગ ઉપાડયા.. જે બાજુ નાગા બાવાની જમાત ગઈ હતી એમના ભેગા ભળી ગયા...

અગિયાર મહીના બાદ.. આજે નેહડામાં આનંદ છવાઈ ગયો છે.. મંગલ ગીતો ગવાઈ રહ્યા છે.. અરજણ રબારી અને તેના ઘરથી ને આજે આનંદ સમાતો નથી. અગિયાર માસ પહેલાં એ નાગા બાવાનું વચન સત્ય થયું હતું. જેને સંસારમાં સંસાર સુખ હતું જ નહીં પણ એક સાધુના આશીર્વાદ અને મા જગદંબા ઉપરની શ્રદ્ધા અને વિશ્વાસથી અરજણ રબારીના ઘરે આજે પારણું બંધાયું હતું. નેહડામાં આજે અરજણ એના હાથે જ બધાનું મોં મીઠું કરાવી રહ્યો છે.. સર્વત્ર હરખની છોળો ઊડી રહી છે.. દિકરીના મોં ઉપરથી એવું સ્પષ્ટ થઈ ગયું હતું કે આ દિકરી ભવિષ્યમાં નેહાડાનું અને અરજણ રબારીના ખોરડાનું નામ જરૂર રાખશે.અને મા જગદંબા અને કોઈક સાધુના આશીર્વાદ જ્યાં હોય ત્યાં શું ન થઈ શકે. દિકરીનું તેજસ્વી રૂપ જોઈ જોઈને સૌ આનંદવિભોર થઈ રહ્યા હતા.

**પ્રવીણ એમ.નાઈ (રતનગઢ)**
**૯૪૨૭૯૦૩૨૬૨**

## વૃદ્ધઅવસ્થા ની દાસ્તાન

વૃદ્ધઅવસ્થા લોકોની ખુશી માટે ખૂબ જ સામાન્ય બાબત છે તથા લોકો તેને બોલાવે અને સારી રીતે સારું કામ કરી જીવે છે તેઓ સુખી અને સમાન હોવાનું ગણે છે, પરંતુ આ સુખની પ્રકૃતિ વિશે, કેટલાક લોકો કહે છે કે તે વસ્તુઓમાંની સ્પષ્ટ આનંદ અથવા સંપત્તિ અથવા સન્માન તરીકે મળે છે, પરતું હકીકતમાં, વ્યક્તિ બીમાર હોય ત્યારે તેનું અલગ વ્યક્તિત્વ હોય તેવા સમય માટે તેમની પોતાની અજ્ઞાનતા વિશે સભાન હોય છે, ત્યારે લોકો તેમની પ્રશંસા કરે છે. કેટલાક લોકોએ આને અલગ નજરથી આલોચના કરે પરતું વાસ્તવમાં તેમના સારા હોવાનું કારણ છે.

દરેકની પાસે તેમના પોતાના જીવનની ગુણવત્તા વિશે અભિપ્રાય અલગ-અલગ હોય શકે છે. જ્હોન સ્ટુઅર્ટ મિલે કહેવા મુજબ, " સુખાકારી અંગેની વ્યક્તિગત અભિપ્રાય "જ્ઞાનનો શ્રેષ્ઠ ઉપાય" જીવનની ગુણવત્તા વ્યક્તિગત જીવે કારણ કે લોકો, તેમની માનસિકતા અને તેમની પસંદગીઓ જુદી-જુદી હોય છે, વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા, "વિશ્વમાં વરિષ્ઠ નાગરિક આ સંદર્ભમાં પૂરતા પ્રમાણમાં જીવનની સુખાકારી ઘણાં કારણોને અને માન્યતાને દર્શાવેલ છે.

૧. શારીરિક સ્વાસ્થ્ય: શારીરિક ઊર્જા, થાક, પીડા,અસ્વસ્થતા,ઊંઘ અને આરામ.

૨. મનોવૈજ્ઞાનિક: શારીરિક છબી અને દેખાવ, નકારાત્મક અને સકારાત્મક લાગણીઓ, આત્મસન્માન અને વિચાર, શીખવાની, યાદશક્તિ અને એકાગ્રતા.

૩. સ્વતંત્રતાનો સ્તર: ગતિશીલતા, રોજિંદા જીવનની પ્રવૃત્તિઓ.

૪. સામાજિક સંબંધ: વ્યક્તિગત સંબંધો, સામાજિક સમર્થન અને જાતીય પ્રવૃત્તિ.

૫. પર્યાવરણ: નાણાકીય સંસાધનો, સ્વતંત્રતા, શારીરિક સલામતી , આરોગ્ય અને સામાજિક સંભાળ, ઘરનું વાતાવરણ, નવી માહિતીમાં કુશળતા મેળવવા, તકોમાં ભાગ લેવા , શારીરિક પર્યાવરણ અને પરિવહન

૬. વ્યવહારની સ્વતંત્રતા: આધ્યાત્મિક, ધાર્મિક અને વ્યક્તિગત માન્યતા.

જીવનનો સકારત્મક અને હકારાત્મક દ્દષ્ટિકોણ રાખવાથી વરિષ્ઠને વધુ માનશીક ઊર્જા મળે છે, શારિરીક તંદુરસ્તી ઓછી થાય તો જ્ઞાનાત્મક ઘટાડો અટકાવવામાં આવે છે. નીચે મુજબના પગલાં છે જે જીવનની નિર્વાહની ગુણવત્તા માટે સુધારવા અત્યંત જરૂરી પાંચ સોંપાન જરૂરી છે.

જીવનની નિર્વાહની ગુણવત્તાના સોંપાન ૧. ડિપ્રેશનના તપાસ કરવી :

વિશ્વમાં ૬૫ વર્ષથી વધું જીવનમાં જીવતતા લોકો ડિપ્રેશન ૬ કરોડથી વધી લોકોને અસર કરેલ છે. તણાવપૂર્ણ જીવન જીવવાના પરિબળો નિવૃત્તિ, જીવનસાથી ગુમાવવાથી, તબીબી રોગ, દવા આડઅસરોને લીધે પણ થઈ શકે છે. જો તમે આવા સંજોગોમાં હોવ અથવા કોઈ વ્યક્તિને પીડાતા તેને મદદરૂપ થવું.

જીવનની નિર્વાહની ગુણવત્તાના સોંપાન ૨. ઉપયોગી અને આવશ્યક લાગે તેવું કાર્યનું પૃઠી કરવી :

યુવાની થી વૃદ્ધ સુધીની સફર સારું જીવન જીવી લીધું તથા નિવૃત્તિ પછી બીજી ઈનિંગ્સ સારી જાય તે માટે તમારા નજીકના અને પ્રિય મિત્રો, પરિવાર સાથે , જોડાણોની પ્રવૃત્તિઓ શરૂ કરો. જેમ કે, વિદ્યાર્થીઓ અધ્યયનમાં મદદરૂપ થવું , ઘરગથ્થુ જગ્યાઓ ગોઠવવા, માસિક ખર્ચ માટે નાણાંકીય આયોજન, રેકોર્ડ જાળવી રાખવા, સમાચારને અપગ્રેડ કરવા, બાગકામ અને આનુષંગિક પ્રવૃત્તિઓ બનાવવી, હાસ્ય અથવા યોગ ક્લબ, સંસ્મરણો અને દૈનિક ડાયરી લખવી.

જીવનની નિર્વાહની ગુણવત્તાના સોંપાન ૩. શારીરિક રીતે સક્રિય રહો:

નિયમિત શારીરિક પ્રવૃત્તિ, ગમે તેટલી હળવી હોય, શરીર અને મન બંનેને સંતુલિત કરવા માટે હકારાત્મક અને સકારત્મકમાં મદદ કરે છે. વ્યાયામ મગજને રક્તમાં વહેતું રાખે, મનને શાન્ત બનાવે, તે ચિંતા, તાણ અને ડિપ્રેશનને પણ દૂર કરે છે. શારિરીક કસરત રોગપ્રતિકારક તંત્રને ઉત્તેજન, બ્લડ પ્રેશર ઘટાડે, ઊંઘની ગુણવત્તામાં વધારો કરે, હ્રદયની તંદુરસ્તી, શારિરીક સક્ષમ બનાવે છે. સાયકલિંગ એ માત્ર પ્રેરણાના હરણના સાધન નથી, તે ફેફસાં અને હ્રદય માટે પણ તંદુરસ્ત છે અને તમને સારું વલણ જાળવવામાં મદદ કરે છે.

જીવનની નિર્વાહની ગુણવત્તાના સોંપાન ૪. માનસિક રીતે સક્રિય રહો:

ક્રોસવર્ડ પઝલ, સુડોકુ, અન્ય મગજ રમતો, વાંચન અને લેખન એ માનસિક ઉત્તેજના માટેની બધી અસરકારક પ્રવૃત્તિઓ છે. મનને સક્રિય રાખવાથી સમગ્ર સુખાકારીમાં સુધારો થાય છે.

જીવનની નિર્વાહની ગુણવત્તાના સોંપાન ૫. કુટુંબ, મિત્રો અને સામ્યતા સાથે જોડાયેલા રહો:

વરિષ્ઠ નાગરિક એકલતા માં જીવે ડિમેન્શિયા અને બીમાર આરોગ્ય માટે વધુ જોખમ રહેલું છે. તમામ વયસ્ક વ્યક્તિ સાથે જોડાયેલા રહેવાને પ્રોત્સાહિત કરવા, તમારા ગાઢ મિત્રો સાથે જોડાઓ, કૌટુંબિક સભ્યો સંભાળ રાખવી. નજીકના રેસ્ટોરન્ટ અથવા શોપિંગ કોમ્પ્લેક્સમાં પરિવારની સાથે મુસાફરી કરી તમારા પૌત્રો માટે ખરીદી કરો જે તમારા મૂડને હળવા કરવામાં મદદ કરે છે.

**(ચિરાગ જાની જી.એન.એસ.)**

## પ્રેમસંબંધ લગ્નમાં પરીણમ્યો, કાયદાનો કોરડો વીંઝાયો તે ન ગમ્યો

**સગીર વયે લગ્ન કર્યા પિતા બન્યા પછી પ્રેમીની ધરપકડ થતાં કશ્મકશ**



### સંવેદનાના ફૂલ – મનીષ જોષી

એનું નામ રૂપા ફિલ્મો જોવાનો ભારે શોખ. ૧૫ મા વર્ષે ભીમો ગમી ગયો. અને મિલન મુલાકાત શરૂ થઈ. એકાંતમાં યૌવન બળું બળું થતાં એકમેકને શાતા આપવા લાગ્યા. વાત નિશાળમાં અને ઘરમાં ખબર પડી જતાં રૂપાને બહાર જવા પર રોક લગાવી દીધી.

પ્રેમી ભીમા પાછળ પાગલ રૂપા રહી કઈ રીતે શકે ? ભીમાની પણ એવી જ હાલત.. સમય વીત્યો પણ પ્રેમનો ઉભરો ન શમ્યો. લાગ મળે ત્યારે મળવાનું ચાલુ રહ્યું અને એક રાત્રે સતર વર્ષની સુંદરી રૂપા ભાગી ગઈ ભીમા સાથે. ગામ છોડીને અંધારામાં ઉતરી ગયા. બંને અજાણ્યા મુલકમાં લગ્ન પણ કરી લીધાં.

બીજી બાજુ દિકરીનું અપહ-રણ ભીમાએ કર્યાની ફરીયાદ નોંધાવાઈ પોલીસ તપાસ શરૂ થઈ.

સમય વીતતો ગયો મુંબઈ પહોંચેલી બંનેનું જીવન સુખેથી વ્યતીત થતું હતું. તેના પરિણામ રૂપે રૂપાએ ભીમાને દીકરાની ભેટ આપી.

દીકરો જોઈને ૨૦ વર્ષનો ભીમો પણ રૂપા પર વધુ વરસતો હતો. એ દરમિયાન એક સાંજે પોલીસની એન્ટ્રી પડી અને ભીમાને પકડી ગઈ. સાથે રૂપા અને તેના દીકરાને ગામમાં લાવી.

રૂપાએ બધાની વચ્ચે ભીમા સાથે રહેવા બુમો પાડી. ભીમો પણ પત્નીથી અલગ નહીં કરવા કાકલુદી કરતો રહ્યો. પણ કાયદો સગીર વયના લગ્નને માન્ય કરતો નથી એટલે બધા જ લાચાર..

આ વિકટ પરીસ્થિતિની સત્ય ઘટના આપને કેવી લાગી ? એનો જવાબ આપની પાસે હોય તો મને ૧૪, સપ્તગિરિ સોસાયટી નં.૩ સાંઈ મંદિર અને બગીચા પાછળ વિશ્વામિત્રી ક્રોસીંગ, માંજલપુર વડોદરા-૩૯૦૦૧૧ અથવા મો. ૯૯૨૫૬૨૮૪૯૪ પર અથવા ઈમેઈલ mannjoshi @ gmail.com પર જણાવશો હોંકે..? જણાવશો હોં કે !

**સંવેદના : સમજ એટલે કયારે શું છોડી દેવું એની આવડત.**

**મનિષ જોષી, 'મૌન'**
**વડોદરા**

## અમે શરત લગાડીએ છીએ કે, અંકિત સિવાચ અને તેના નવા વેગન પરથી તમારી નજર નહીં હટે



ઝી ટીવીના મનમોહિનીનો અભિનેતા અંકિત સિવાચ હાલમાં નવમાં આસમાનમાં ઉડી રહ્યો છે! તે શોમાં રામનું અને રાણાસાનું પાત્ર કરીને તેને સારા રિવ્યુ જ નથી મેળવ્યા પરંતુ, તેના કૂલ સ્ટાઈલ સ્ટેટમેન્ટ માટે પણ માન્યતા મેળવી છે. ઘણા લોકો નથી જાણતા કે, જયારથી અંકિતે કામ શરૂ કર્યું છે, ત્યારથી જ તેનું સપનું પોતાની એક કાર ખરીદવાનું હતું અને હવે તે હકિકત બનવા જઈ રહ્યું છે. અભિનેતાએ તાજેતરમાં જ તેની નવી એક નવી બ્રાન્ડ ન્યુ ઔડી ક્યુ ૫, એસયુવી ખરીદી છે અને તેની જાહેરાત તેને ઈન્સ્ટાગ્રામ પર કરી છે. આ પિક્ચરની સાથે તેને સુંદર વાક્ય લખ્યું છે, "એક નાનું પગલું આગળ બાળકને ઘરે લઈ જવા માટે" તેનાથી આપણે માની શકે છીએ કે, આ નાનકડી પળએ જીવનમાં ઘણી મોટી છે.

તેની રજૂઆતથી જ, ઝી ટીવીના પ્રસિદ્ધ કાલ્પનિક નાટ્ય, મનમોહિનીએ તેના રામ, મોહિની (પાત્ર કરી રહી છે, રેયહના પંડિત) અને સિયા (પાત્ર કરી રહી છે, ગરિમા સિંઘ રાઠૌર)ની વચ્ચે ક્યારેય જાહેર નહીં થયેલા નાટ્યથી સપ્તાહ દર સપ્તાહ ઝકડી રાખ્યા છે. લીપ બાદ દર્શકોએ જોયું કે, રામએ સંપૂર્ણ પણે મોહિનીના કાબુમાં છે અને તેને સિયા કે તેની સાથે લગ્નની કોઈ પણ યાદ તેની પાસે નથીઅમે મુખ્ય અભિનેતાને અત્યંત સુંદર ભવિષ્ય માટે શુભકામના આપે છીએ! વધુ જાણવા માટે જોતા રહો, મનમોહિની, સોમવારથી શુક્રવાર સાંજે ૭.૩૦ વાગે, ફક્ત ઝી ટીવી પર!

## સુજોય ઘોષ ડાયરેક્ટર કરતાં અમિતાભ બચ્ચનના મોટા ચાહક તરીકે ઓળખાશે

ભારતીય ફિલ્મ ડાયરેક્ટર, એક્ટર અને સ્ક્રીન રાઈટર સુજોય ઘોષ તેમની તાજેતરમાં સફળ થયેલી બોલીવુડ ફિલ્મ બદલાથી પ્રસન્ન છે, જેમાં અમિતાભ બચ્ચન અને તાપસી પન્નુ મુખ્ય ભુમિકામાં હતાં. સુજોય તેમની સફળ થ્રિલર ફિલ્મ કહાની અને કહાની ૨ માટે પણ જાણીતા છે. તાજેતરમાં રિલિઝ થયેલી થ્રિલર ફિલ્મ બદલા તેમના હ્રદયની એકદમ નજીક છે કારણકે તેમણે મહાન અભિનેતા અમિતાભ બચ્ચન સાથે આ ફિલ્મ માટે કામ કર્યું છે. ટાટા સ્કાય એક્ટિંગ અડ્ડા ઉપર ડિરેક્ટર્સ કટ શોના ઈન્ટરવ્યુમાં તેમણે પોતાના પસંદગીના અભિનેતાને કાસ્ટ કરીને ફિલ્મ ડાયરેક્ટર કરવાના ઉત્સાહ અંગે વિસ્તૃત વાત કરી હતી.

એન્જિનિયરમાંથી ડાયરેક્ટર બનેલા સુજોય ઘોષ કે જેમણે હોલીવુડ ફિલ્મ ધ ઈનવિઝિબલ ગેસ્ટને બોલીવુડ ફિલ્મમાં તબદીલ કરી છે તેમણે જણાવ્યું હતું કે તેમણે ઓરિજનલ સ્ક્રીનપ્લે જાળવી રાખ્યો હતો તથા સીનમાં ફેરફાર કર્યો હતો, જેથી દર્શકો વાર્તાની ઓળખ કરીને તેની સાથે સંલગ્ન બની શકે. આથી જયારે અમે વકીલની ભુમિકા માટે કાસ્ટ કરવાનું હતું ત્યારે અમને ભુમિકા માટે સાચા વ્યક્તિની જાણ પહેલેથી જ હતી. મને ખબર હતી કે અમિતાભ બચ્ચન શ્રેષ્ઠ ચોઈસ હતાં અને તેમાં ચર્ચાને સ્થાન નથી.

તેઓ અમિતાભ બચ્ચનના મોટા ચાહક હોવાનું પણ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે, "હું ડાયરેક્ટર બનવા પહેલાથી અમિતાભ બચ્ચનનો ચાહક હતો, પરંતુ હું તેમના માટે કોઇ ભુમિકા લઈને જઈ શકું નહીં કારણકે તેઓ ખુબજ ઈન્ટેલિજન્ટ છે. તમારે તેમના અનુકૂળ પાત્રને લઈને જવું પડે."

સુજોય ઘોષનું પૂર્ણ ઈન્ટરવ્યુ જોવા માટે ટાટા સ્કાય એક્ટિંગ અડ્ડા ઉપર ડિરેક્ટર્સ કટ જૂઓ. તમે ટાટા સ્કાય મોબાઈલ એપ અથવા ુકંજ્ઞર.ંકંઠજાઅ.ર્ઙ્ઘ ઉપર પણ ઈન્ટરવ્યુ જોઈ શકો છો.

# જલિયાવાલા બાગ જેવો જ હત્યાકાંડ ગુજરાતના સાબરકાંઠામાં થયો હતો

## વિજયનગરના પાલ ચિતરીયા ગામમાં ૧૨૦૦ જેટલા આદિવાસીઓ કાલા કાયદાના વિરુદ્ધ શહીદ થયા હતા

હિંમતનગર

૧૩ એપ્રિલ, ૧૯૧૯ એટલે બૈશાખીનો દિવસ. અમૃતસર ખાતે આવેલા જલિયાવાલા બાગમાં અંગ્રેજ સરકારે કરેલા અંધાધુંધ ગોળીબારમાં અનેક નિર્દોષોએ જીવ ગુમાવેલા. ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં આ ઘટનાનું ખુબ જ મહત્વ છે. આજે આ હત્યાકાંડને ૧૦૦ વર્ષ પુરા થયા છે. તો આઝાદીની ચળવળ અને નવા ક્રાંતિકારીઓ ઉભા કરવામાં પણ આ ઘટનાને મોટો ભાગ ભજવેલો છે. જો કે ઘણા ઓછા લોકોને ખબર છે કે જલિયાવાલા બાગ જેવો જ હત્યાકાંડ સર્જાયેલો ગુજરાતના સાબરકાંઠામાં હા સાબરકાંઠામાં સાબરકાંઠા જીલ્લાના વિજયનગરમાં સર્જાયેલા આ હત્યાકાંડમાં ૧૨૦૦ જેટલા આદિવાસીઓ શહીદ થયેલા. જો કે હજુ આ હત્યાકાંડ બાબતે લોકોને કૈજ ખબર નથી.

**વિજયનગરનું પાલ ચિતરીયા ગામ :** સાબરકાંઠા જીલ્લાના મુખ્ય મથક હિમતનગરથી ૮૫ કિલોમીટર દુર આવેલા વિજયનગરમાં કુદરતે છુટા હાથે સૌદર્ય વેર્યું છે. લોકો હાલમાં તો વિજયનગરને પોળોના મંદિરથી વિશેષ ઓળખે છે. પણ આ વિસ્તારની બીજી પણ એક વિશેષતા છે. અને તે વિશેષતા જોડાયેલી છે આઝાદીની ચળવળ સાથે. મૂળ આદિવાસી વિસ્તાર ધરાવતા વિજયનગર તાલુકામાં આવેલું છે પાલગામ. વિજયનગરથી ભિલોડા રોડ ઉપર આવેલા પાલ ગામે પણ અંગ્રેજોના દમનને સહ્યું છે. તેનો વિરોધ કર્યો છે અને આ વિરોધમાં શહાદતો પણ વહોરી છે. આ ગામના લોકોની વાતો સાંભળીયે તો અચૂક તમને જલિયાવાલા બાગનો હત્યાકાંડ યાદ નાં આવે તો જ નવાઈ.

**લગાન અને અત્યાચાર સામે સભા :**૭મી માર્ચ ૧૯૨૨ નો દિવસ વિજયનગરના વનવાસીઓ માટે કાળો દિવસ સાબિત થયો. આ વિસ્તારના ગરીબ વનવાસીઓ ઉપર અંગ્રેજ સરકારે વધારાનો કર નાખ્યો. અને દમન શરુ કર્યું. ત્યારે આનો વિરોધ કરવા માટે રાજસ્થાન મેવાડના જાણીતા સ્વાતંત્ર્ય સેનાની મોતીલાલ તેજાવતે પાલ અને દઢવાવ પાસે આવેલા મેદાનમાં એક સભા બોલાવેલી. આ સભામાં પોશીના અને આસપાસના ગામોના હજારો લોકો ઉમટી પડેલા. અને આ કાયદો નાબુદ કરવાના પ્રયાસો કરવાનું નક્કી થયું. ત્યારે અચાનક કોઈની બંદુકમાંથી ગોળી છૂટી અને આ ગોળી અંગ્રેજ અમલદાર એક.જી.સટ્ટનના કાનની નજીકથી પસાર થઇ. ગભરાયેલા અંગ્રેજ અમલદારે સૈન્યને ગોળીઓ ચલાવવા આદેશ આપી દીઉધો. જો કે ગોળીબાર અટકાવવા ત્યાં ઉભેલી બાલેટાગઢ ગામની એક આદિવાસી મહિલા સોમીબેન ગામીતે સુલેહ કરાવવા માટે પોતાની સાડી અંગ્રેજો અને વનવાસીઓ વચ્ચે ફેંકી.આદિવાસી રીવાજ મુજબ એ રીતે કોઈ સ્ત્રી પોતાની સાડી ઉતારી બે પક્ષોની વચ્ચે ફેંકે તો ગમે તેવો સંઘર્ષ હોય પણ તે અટકી જાય છે. સુલેહ થઇ જાય છે પરંતુ આ વનવાસીઓની ઉગતી હિમત ડામી દેવા માટે અંતે અંગ્રેજોએ ઉતાર્યો કાળો કેર. અને શરુ કરાયું ફાઈરિંગ. રાજસ્થાનનાં ખેરવાડાથી આવેલી અંગ્રેજ પલટને કરેલા અંધાધુંધ ફાઈરીંગમાં ૧૨૦૦ લોકો મોતને ભેટ્યા. પાલગામના સામાજિક કાર્યકર ભરતભાઈ નગારચીના જણાવ્યાનુસાર બચવા માટે કેટલાલ કોટની દીવાલ કૂદેલા પણ તેઓ સીધા કુવામાં પડીને મોતને ભેટ્યા. તો બાકીની



લાશો પણ અંગ્રેજોએ એ કુવામાં જ નાખી દીધેલી. તો અન્ય લાશોને બાજુમાંથી પસાર થતી 'હેર' નદીમાં વહાવી દીધી. ત્યારે અંગ્રેજોની આ દમનકારી નીતિમાં ૧૨૦૦ વનવાસીઓએ જીવ ગુમાવી શહીદી વહોરેલી.

**ઘટનાની નોધ નાં લેવાઈ :**પાલમાં થયેલા આ હત્યાકાંડથી એક સમયે અંગ્રેજ સરકાર પણ હરકતમાં આવી ગયેલી. અને આ ઘટના દબાવી દેવા લોકો પર જુલમ વધારી દેવાયેલા. તો એ સમયે અખબારો પણ ગણ્યા ગાંઠ્યા હોવાથી આ વાત દબીને રહી ગઈ. અને એની કોઈ નોધ પણ ના લેવાઈ

**લોકગીતોમાં સ્થાન :**પાલ ચિતરીયામાં થયેલા આ હત્યાકાંડની ભલે કોઈ જગ્યાએ નોધ નાં લેવાઈ પરંતુ અહીના વનવાસીઓએ પોતાના લોકગીતોમાં આ ઘટનાને સ્થાન આપ્યું. પોતાના લોકગીતો, લગ્નગીતોમાં આ ઘટનાનું વિવરણ કરાયું અને કંઠોપકંઠ ગાઈને એક બીજાને પહોચાડયા. આજે પણ આદિવાસી લગ્નોમાં આ ગીતો ગવાય છે.

**" પાલે કેકો આટો વાણિયા**
**મોતિયા રે, બે-બે ચાર રોટા**
**મોતિયા રેપ**
**હાંસુ ચિતરિયાની નાળમાં મેળો**
**ભેર હાંસુ આપડે ભોગ નહીં**
**આલવોપ"**

તો અત્યારના શિક્ષિત આદિવાસીઓએ આ ગીતોને આદિવાસી ભાષામાંથી ગુજરાતી ભાષામાં પણ તૈયાર કર્યા છે. એમાંથી અંગ્રેજો દ્વારા કરાયેલા હત્યાકાંડનો તાદ્રશ ચિતાર મળે છે. આજે પણ આ વિસ્તારના મોડીયાવાળા, દનતોડકા, પોશીના, દાંતા, કોડીયાવાડા, અન્ખોદ્ર, ચિઠોડા, બાલેટાગઢ, દન્તોલી, વાલેરન, પરવટ સહિતના ગામોમાં આ હત્યાકાંડના શહીદોની ચોથી –પાંચમી પેઢી વસેલી છે.

**ઘટનાનો સાક્ષી પાલ પેલેસ :**પાલ ગામમાં આવેલા પાલ પેલેસનો દરવાજો અને કિલ્લો આજે પણ આ હત્યાકાંડના મુક સાક્ષી બનીને ઉભા છે. આજે પણ આ પેલેસના દરવાજા પર અંગ્રેજોએ છોડેલી ગોળીઓના નિશાનો અકબંધ છે. પાલ હત્યાકાંડને આજે ૯૩ વર્ષ થયા છતાં એના ઓછાયા આજે પણ પાલ ગામમાં છે. વિરોધ કરવા એકઠા થયેલા લોકોના હદય સોસરવી નીકળી ગયેલી ગોળીઓ દીવાલો સાથે અથડાઈને દીવાલો પર કાયમીના નિશાન છોડી દીધા છે.

**સ્મારક :**મોડે મોડે પણ આ હત્યાકાંડની વિગતો વિષે લોકો જાણતા થયા. અને સાબરકાંઠા જીલ્લાના વહીવટી તંત્રે પણ આ વિગતોની નોધ લીધી અને અંતે હત્યાકાંડના આ સ્થળે બનાવાયું શહીદી સ્મારક. અંગ્રેજો સામે શહીદી વહોરનારા વનવાસીઓની યાદમાં બનાવાયેલા આ સ્મારકની મુલાકાતે ગુજરાતના પૂર્વ મુખ્ય પ્રધાન અને હાલમાં પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદીએ પણ મુલાકાત લીધી અને ત્યાં ફૂલો અર્પણ કરી એ ૧૨૦૦ લોકોના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી.

**હત્યાકાંડ હવે પુસ્તકરૂપે :**૧૯૨૨ થી હમણાં સુધી આ હત્યાકાંડ માત્ર વાતો માં જ વણાયેલો હતો પરંતુ હવે એને અક્ષર દેહ મળ્યો છે. વિજયનગરના ઈતિહાસ વિદ બીપીનભાઈના જણાવ્યાનુસાર હવે આ ઘટનાનો ચિતા રજુ કરતુ ૨૦૦ પાનાનું પુસ્તક તૈયાર કરાયું છે. આ પુસ્તકમાં હત્યાકાંડને લગતી નખશીશ માહિતી આલેખવામાં આવી છે. કોઈ અભ્યાસુ અહી આવે તો માત્ર પુસ્તક વાંચીને જ સમગ્ર ઘટનાને જાણી શકે એ માટે આ પ્રયાસ કરાયો છે. આનથી બાળકો પણ પોતાના વિસ્તારના ઈતિહાસની માહિતી મેળવી શકશે.

**વિવાદ :**પાલ ચિતરીયામાં થયેલા આ હત્યાકાંડ બાબતે હવે ભલે વહીવટી તંત્ર સજાગ બન્યું છે. પરંતુ આ હત્યાકાંડ મામલે વિવાદ પણ ચાલે છે. એક પક્ષ એવો પણ છે કે એમના માનવા પ્રમાણે આ વિસ્તારમાં આવી કોઈ ઘટના બની નથી. આ માત્ર ને માત્ર ઉપજાવી કાઢેલી વાત છે. અને પોતાની વાત સાર્થક કરવા એમને લીધો છે સરકારી ગેજેટનો સહારો. ૧૯૬૦માં ગુજરાત જયારે મહારાષ્ટ્રમાંથી અલગ પડ્યું ત્યારે એ વખતે અંગ્રેજ સરકારે લખેલા ગેજેટનો એક અંક હિમતનગર ખાતે રહેતા વરિષ્ઠ પત્રકાર પાસે છે. એમાં ગુજરાતની તમામ ભૌગોલિક સ્થિતિ, ઘટનાઓ સહિતની વિગતો આલેખાઈ છે. પરંતુ એમાં ક્યાય પણ વિજયનગરના હત્યાકાંડનો ઉલ્લેખ નથી થયો. ત્યારે આ ગેજેટનાં આધારે તેઓ માંને છે કે વિજયનગરમાં આવી કોઈ જ ઘટના ઘટી નથી. ત્યારે જો આ વાત સાચી માનીએ તો સાબરકાંઠા જીલ્લાનું વહીવટી તંત્ર કયા આધાર ઉપર આ સ્મારકનો ઉલ્લેખ સાબરકાંઠાના ઈતિહાસમાં કરે છે.? જો કોઈ આધાર જ નથી તો ઈતિહાસ સાથે કેમ ચેડા થઇ રહ્યા છે.? સવાલો અનેક છે. જેના જવાબ હજુ સુધી મળ્યા નથી. પણ આ વિવાદ એક બાજુ મૂકી દઈ તો પણ વિજયનગરના આ સ્મારકની મુલાકાત લેવી એ પણ એક લ્હાવો છે.

## ધનસુરા નજીક અણીયોર ત્રણ રસ્તા ચોકડી પર બાઈકને પાછળથી ટક્કર મારતા ૧ નું મોત : ૧ ને ઈજા





પ્રતિનિધિ અરવલ્લી

દેશના ઉત્તરમાં આવેલા રાજયો મુંબઈ સહીત દક્ષિણના રાજ્યો સાથે જોડાતો ટૂંકો માર્ગ અરવલ્લી જિલ્લામાંથી પસાર થતો હોવાથી મોડાસા-ઉમરેઠ (ડાકોર )રાજ્યધોરી માર્ગ-૨૭ નો મોટા પ્રમાણમાં ટ્રક-ટ્રેલર ચાલકો ઉપયોગમાં લેતા હોવાની સાથે બેફામ હંકારતા સતત અકસ્માતની ઘટનામાં નિર્દોષ લોકોનો ભોગ લેવાઈ રહ્યો છે. ધનસુરા-બાયડ રોડ પર અણીયોર ત્રણ રસ્તા નજીક બાઈકને પાછળથી ટ્રકે ટક્કર મારતા બાઈક પાછળ બેઠેલ ઉમરેઠના એક આધેડનું ઘટના સ્થળે કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. બાઈક ચાલકના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે વાત્રક હોસ્પિટલમાં ખસેડાયો હતો. અકસ્માતના પગલે દોડી આવેલી ધનસુરા પોલીસે મૃતકની લાશને પીએમ માટે મોકલી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

રવિવારે સવારે ધનસુરા-બાયડ રોડ પર બાઈકે પાછળથી ટ્રકે અડફેટે લેતા ગમખ્વાર અકસ્માત સર્જાતા ૧ વ્યક્તિનું ઘટનસ્થળે મોત નીપજ્યું હતું. ખેડા જીલ્લાના ઉમરેઠ ગામના ઘનશ્યામભાઈ બાબુભાઈ કાછીયા અને નટવરભાઈ શંકરભાઈ કાછીયા બાઈક લઈ ધનસુરા સામાજિક પ્રસંગમાં હાજરી આપવા અને સંબધીને મળવા આવતા હતા. ધનસુરા-માલપુર ત્રણ રસ્તા પર બાયડ તરફથી આવતા ટ્રકના ચાલકે પાછળથી ગફલતભરી રીતે હંકારી બાઈકને જોરદાર ટક્કર મારતા બાઈક પાછળ બેઠેલા નટવરભાઈ શંકરભાઈ કાછીયા (ઉં.વર્ષ-૬૬) રોડ પર પટકાતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. બાઈક ચાલક ઘનશ્યામ કાછિયાના શરીરે ઈજાઓ પહોંચતા અકસ્માતના સ્થળે આજુબાજુમાંથી દોડી આવેલા લોકોએ ઈજાગ્રસ્તને વાત્રક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડયા હતા.

અકસ્માતની ઘટનાના પગલે દોડી આવેલી ધનસુરા પોલીસે મૃતકના મૃતદેહને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી અકસ્માત સર્જી ઘટના સ્થળે ટ્રક મૂકી ફરાર ટ્રક ચાલક વિરુદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હોવાની પોલીસસુત્રો પાસેથી માહિતી પ્રાપ્ત થઈ હતી.

## મોડાસામાં ઉમિયા પરિવારે ધો.૧૦ અને ૧૨ નો કારકિર્દી સેમિનાર યોજ્યો



પ્રતિનિધી અરવલ્લી

મોડાસા શહેરમાં શ્રી ઉમિયા પરિવાર મોડાસા દ્વારા શ્રી ઉમિયા માતાજી મંદિરના ભોજન વાડી હોલ ખાતે ધોરણ-૧૦ અને ધો.૧૨ વિદ્યાર્થીઓ માટે કારકિર્દી સેમિનાર યોજાયો હતો. જેમાં શિક્ષણ પ્રેમી, કારકિર્દી માર્ગદર્શન કોલમિસ્ટ રાજેન્દ્ર ઉપાધ્યાય અને સ્ટડી એબ્રોડ અને શિક્ષણમાં ઉંડો રસ ધરાવનાર ડૉ.ઉમેશ ગુર્જર ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓ અને વાલીઓને અભ્યાસ અને કારકિર્દી માર્ગદર્શન આપવાની સાથે વિદ્યાર્થીઓ અને વાલીઓને મૂંઝવતા પ્રશ્નોનું નિરાકરણ લાવવાની સાથે વાર્તલાપ યોજ્યો હતો. આ સેમિનારમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. કારકિર્દી સેમિનારનું આયોજન શ્રી ઉમિયા પરિવારના પ્રમુખ દિલીપ પટેલ (લક્ષ્મી) અને ડૉ.મોહન પટેલ અને તેમની ટીમે કર્યું હતું.

### રાવણ કરે છે રામની પૂજા...

## રાવણના અભિનય વિશ્વમાં જાણીતા બનેલા (લંકેશ) અરવિંદ ત્રિવેદી આજે પણ રામની અવિરત પૂજા કરે છે...



ઈડર

રામાયણમાં લંકેશ તરીકેની ભૂમિકાથી અરવિંદ ત્રિવેદી જગપ્રસિદ્ધ બન્યા. જોકે રામાયણ ટીવી સીરીયલમાં રાવણ તરીકેના પાત્રના અભિનય દરમિયાન ભગવાન રામ સામે બોલાયેલા શબ્દો તેમજ ભગવાન રામનું અપમાન આજે પણ લંકેશના મનને વિચલિત કરે છે. જેનો પચ્યાતાપ નિમિત્તે હરદિન રામ કે નામ સાથે પૂજા અર્ચના કરે છે. જોકે રામ નવમી નિમિત્તે અરવિંદ ત્રિવેદી વર્ષોથી આજના દિને વિશેષ પૂજા વિધિ તેમજ સાંજના સમયે સુંદરકાંડ કરી ભગવાન પાસે પોતાના અભિનય દરમિયાન થયેલા અપમાનની માફી માગે છે. આજના દિને લંકેશ સાબરકાંઠાના ઈડરમાં આવેલા તેમના નિવાસ સ્થાને સ્થાપિત ભગવાન રામની પૂજા કરતા નજરે પડે છે. તેમજ રામાયણ સીરીયલ દરમિયાન થયેલા અનુભવોને વાગોળતા તેમને જણાવ્યું હતું કે શિવ તાંડવ તેમનો સૌથી સુંદર અનુભવ છે તેમજ આજે પણ તેમના જીવનમાં કોઈ પ્રશ્ન આવે તો અચૂક શિવ તાંડવ કરે છે. સાથેસાથે હાલમાં રામ મંદિર મુદ્દે તેમને જણાવ્યું હતું કે, હાલની સરકાર દ્વારા અપાયેલા રામ મંદિરના મુદ્દે તેમને વિશ્વાસ છે કે રામ મંદિર ચોક્કસ બનશે. તેમજ હાલમાં લોકસભા ચૂંટણીમાં મતદાન કરવા સૌને ખાસ વિનંતી પણ કરી હતી.

### અરવલ્લી જીલ્લો ભીમમય બન્યો :જય ભીમના નાદ ગૂંજ્યા

## મોડાસા શહેરમાં ડૉ.બાબા સાહેબ આંબેડકરની જ્યંતિની શોભાયાત્રા સાથે બાઈક રેલી યોજાઈ



પ્રતિનિધિ અરવલ્લી

ભારતના બંધારણના ઘડવૈયા અને વિશ્વ મહામાનવ ડૉ. બાબા સાહેબ આંબેડકરની ૧૨૮ મી જન્મજયંતીની ઉજવણી અરવલ્લી જીલ્લાના મોડાસા સહીત શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં ધામધૂમપૂર્વક ઉજવણી કરાઈ હતી. અનુસૂચિત જાતિ સમાજના અબાલ, વૃદ્ધ અને યુવા ભીમમય બન્યા હતા. જીલ્લામાં ઠેર ઠેર ડૉ.બાબાસાહેબ આંબેડકરની રેલીઓ, સભાઓ ફિલ્મ પ્રદર્શન અને રાત્રી ઉજવણી મહોત્સવનું વિવિધ સંસ્થાઓ અને સંગઠનો દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં ડૉ.બી.આર આંબેડકર ઉત્સવ સમિતિ અરવલ્લી અને અનુસૂચિત સમાજ દ્વારા ભવ્યાતિભવ્ય શોભાયાત્રા અને વિશાળ બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં જીલ્લાના પ્રજાજનો જોડાયા હતા.અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં ડૉ.બી. આર. આંબેડકર ઉત્સવ સમિતિ, ભીમ સૈનિકો અને અનુસૂચિત જાતિ સમાજના યુવાનો અને અગ્રણીઓએ ડૉ.બાબાસાહેબ આંબેડકરની ૧૨૮ મી જન્મજયંતિ નિમિત્તે રથયાત્રા અને રેલીનું આયોજન કરવામાં આવતા રથયાત્રા અને બાઈક રેલીમાં વડીલો, યુવાનો મહિલાઓ અને ભૂલકાઓ મોટી સંખ્યામાં બાઈક, કાર, જીપ સાથે રેલીમાં જોડાયા હતા. મોડાસા ચાર રસ્તા પર આવેલા બી.આર.સી ભવનના મેદાનમાં અનુસૂચિત જાતિ સમાજના અગ્રણીઓના હસ્તે દીપ પ્રાગટ્ય કરી રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે સાબરકાંઠા લોકસભા બેઠકના ઉમેદવાર રાજેન્દ્રસિંહ ઠાકોરના પત્ની મેહુલબેન ઠાકોર, જીલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન જશુભાઈ પટેલ, જીલ્લા પંચાયત પ્રમુખ હંસાબેન અને રાષ્ટ્રીય સ્વંયમ સેવક સંઘના સદસ્યો ઉપસ્થિત રહી ફુલહાર અને સુતરની આંટી પહેરાવી હતી મોડાસા શહેરમાં ભીમ રેલી શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ હતી. મોડાસા બસ સ્ટેન્ડ વિસ્તારમાં રેલી પહોંચતા સર્વોદય બેંકના ચેરમેન ઈકબાલ હુસેન ઈપ્રોલીયા અને લઘુમતી સમાજના અગ્રણીઓએ ફુલહાર પહેરાવી રેલીનું સ્વાગત કર્યું હતું. રથયાત્રા અને બાઈક રેલી વૃંદાવન, રામપાર્ક, કલ્યાણ ચોક, ઋષિકેશ, કૃષ્ણનગર, નિજાનંદ નગર, ગુરુકુળ, જીવનજ્યોત, પ્રણમી નગર, ગોપીકુંજ અને પારસ સોસાયટી સહિતના માર્ગો પરથી પસાર થઈ ચાર રસ્તા પરત ફરી હતી. રથયાત્રામાં ડીજેના તાલે ડૉ.બાબા સાહેબ આંબેડકરના જીવનચિત્ર પર બનેલા ગીત-સંગીતના તાલે ભીમ સૈનિકો જુમી ઉઠ્યા હતા. મોડાસા શહેરના માર્ગો જય ભીમના નાદથી ગુંજી ઉઠ્યા હતા. અરવલ્લી જીલ્લાના દધાલિયા, ટીંટોઈ, મઉ, કુડોલ, શામળાજી, માલપુર, મેઘરજ, બાયડ, સાઠંબા, ધનસુરા, ભિલોડા, અણીયોર-સાતરડા, બામણવાડ સહીત તાલુકા કક્ષાએ અને ગ્રામ્ય વિસ્તારોમાં ૧૨૮મી ડૉ.બાબા સાહેબ આંબેડકરની જન્મજયંતિ નિમિતે શોભયાત્રા, સાંસ્કૃતિક કાર્યક્રમો, રેલી સહિતના વિવિધ કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવી હતી.

## મોડાસાના સાંઈ મંદિર ૧૨૧ કિલોની કેક કાપી રામનવમી અને સાંઈ જન્મોત્સવની ઉજવણી



પ્રતિનિધી અરવલ્લી

અરવલ્લી જીલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલા અસ્થાના પ્રતીક સમાન સાંઈ મંદિરમાં મોડાસા શિરડી સાંઈબાબા સત્સંગ મંડળ દ્વારા રામનવમીના દિવસે સાંઈબાબાનો પ્રાગટ્ય દિવસ હોઈ ૧૨૧ કિલોની કેક કાપી સાંઈ જન્મોત્સવની ઉજવણી કરી હતી. સાંઈબાબાના દર્શનાર્થે નગરજનો સહીત જિલ્લમાંથી ભક્તોની ભારે ભીડ ઉમટી હતી. સાંઈબાબા મંદિર અને મંદિર પરિસર રોશનીથી શણગારતા ઝળહળી ઉઠ્યું હતું.મોડાસાના માલપુર રોડ ખાતે આવેલા શિરડી સાંઈબાબા મંદિરમાં છેલ્લા દસ વર્ષથી સાંઈબાબાના પ્રાગટ્ય દિવસની અને રામનવમીની ઉજવણી ભવ્યાતિભવ્ય રીતે કરવામાં આવે છે. મોડાસા ખાતે આવેલા સાંઈ મંદિરમાં પણ કેક કાપીને ઉજવણી કરવામાં આવી હતી. સાંઈબાબાના પ્રાગટ્ય દિવસ નિમિત્તે ૧૨૧ કિલોની કેક કાપીને જન્મોત્સવ ઉજવાયો હતો અને કેક ભક્તોને પ્રસાદી રૂપે વહેંચી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભક્તોએ દર્શનનો લ્હાવો લીધો હતો. રામનવની મહોત્સવ નિમિત્તે વહેલી સવારે આરતી, ત્યારબાદ ભગવાનને માવાની કેકનો પ્રસાદ ધરાવવામાં આવ્યો હતો. આ સાથે જ સાંઇ મંદિર પાટોત્સવ પૂજન અને શોભાયાત્રાનું પણ આયોજન કરાયું હતું. જેમાં મોટી સંખ્યમાં ભક્તો જોડાયા હતા અને રાત્રે ડાયરો અને હાસ્ય દરબાર અને ભજન કાર્યક્રમ યોજાયો હતો.

### ઓક્ટોબર માસથી દેશમાં એકસમાન બુક રહેશે

## હવે ડ્રાઈવિંગ લાઈસન્સ અને આરસી બુક એક સમાન હશે

અમદાવાદ

આગામી તા.૧ લી ઓક્ટોબરથી રાજ્યભરમાં હવે વાહન રજિસ્ટ્રેશન બુક અને લાઈસન્સ એકસરખાં રહેશે એટલું જ નહીં, પરંતુ કાર્ડ કે આધારકાર્ડની જેમ દેશભરમાં આરસી બુક અને લાઇસન્સ એકસરખાં રહેશે. કેન્દ્રીય માર્ગ પરિવહન વિભાગ દ્વારા આ અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ કરી દેવામાં આવ્યું છે. ગુજરાત સરકારને પણ આ બાબતના અમલ અંગેની સૂચના આપી દેવામાં આવી છે. દેશભરમાં ડ્રાઈવિંગ લાઈસન્સ અને રજિસ્ટ્રેશન બુકમાં એકરૂપતા લાવવા માટે આ કવાયત હાથ ધરવામાં આવી છે. હાલમાં દરેક રાજ્યમાં ડ્રાઈવિંગ લાઈસન્સ અને રજિસ્ટ્રેશન બુક જુદા જુદા આકાર-રંગ અને ડિઝાઇન ધરાવે છે. નવી વ્યવસ્થા કેન્દ્ર સરકારના આદેશ મુજબ પહેલી ઓક્ટોબરથી લાગુ કરવામાં આવશે. નવી વ્યવસ્થા પ્રમાણે દરેક રાજ્યમાં એક જ સરખાં ડ્રાઈવિંગ લાઈસન્સ અને રજિસ્ટ્રેશન બુક બનશે. તેથી આગામી સમયમાં નવાં વાહનોનાં ડ્રાઈવિંગ લાઈસન્સ અને રજિસ્ટ્રેશન બુક નવા રંગ અને આકાર-ડિઝાઈનનાં જોવાં મળશે. નવી આરસી બુકમાં વાહનની લંબાઈ, પહોળાઈ અને ઊંચાઈની વિગતો દર્શાવેલી હશે. માલિકનું નામ-સરનામું, નંબર અને ચેસીસ નંબર દર્શાવેલા હશે. પાછળની બાજુમાં ઈમર્જન્સી મોબાઈલ નંબર પણ દર્શાવેલો હશે. જયારે લાઈસન્સમાં આગળની બાજુ ફોટાની જગ્યા, બાજુમાં નામ-સરનામું, જન્મ તારીખ અને બ્લડ ગ્રૂપ લખેલું હશે, ઓર્ગન ડોનર છે કે કેમ તે દર્શાવેલું હશે કાર્ડની પાછળ ક્યૂઆર કોડ દર્શાવશે, જે સ્કેન કરતાં જ લાઈસન્સધારકની તમામ માહિતી મળી જશે, પહેલી વખત લાઈસન્સ ક્યારે ઈશ્યૂ થયું તેની વિગતો પણ હશે. લાઈસન્સની સમયમર્યાદા અને અન્ય વિગતો લખેલી હશે તેમજ ઈમર્જન્સી મોબાઈલ નંબર લખેલો હશે.

# મુફ્તી-અબ્દુલ્લા પરિવારની વિદાય ખુબ જરૂરી : મોદી

અલીગઢ-કઠુઆ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે જમ્મુ કાશ્મીર અને ઉત્તરપ્રદેશમાં ઝંઝાવતી પ્રચારમાં વ્યસ્ત રહ્યા હતા. પહેલા જમ્મુ કાશ્મીરના કઠુઆમાં અને ત્યારબાદ ઉત્તરપ્રદેશના અલીગઢમાં મોદીએ ચૂંટણી સભા યોજી હતી જેમાં મોદીએ દાવો કર્યો હતો કે, આ વખતે ભાજપને કોંગ્રેસ કરતા ત્રણ ગણી વધારે બેઠકો મળનાર છે. ૨૦૧૪ કરતા પણ મોટી લહેર આ વખતે રહેલી છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, પ્રથમ તબક્કાની ચૂંટણીમાં વિરોધીઓને માહિતી મળી ગઈ છે કે, હવે તેમનું ટકવું મુશ્કેલ છે અને પરાજયના કિનારે તેઓ ઉભા છે. મોદીએ આજે જમ્મુ કાશ્મીરમાં કઠુઆમાં સભા યોજી હતી. કાશ્મીરમાં કલમ ૩૭૦ અને ૩૫એને ખતમ કરવાના વચનને લઈને ભાજપ પર પ્રહાર કરી રહેલા ટીડીપી અને નેશનલ કોન્ફરન્સ ઉપર આકરા પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે, જમ્મુ કાશ્મીરના ત્રણ ત્રણ કેદીઓને આ બે પરિવારોએ બરબાદ કરી નાંખી છે. બંને પક્ષોને જમ્મુ કાશ્મીરમાંથી ઉખાડી ફેંકવા અપીલ કરી હતી. મોદીએ આ ગાળા દમરિયાન કોંગ્રેસને પણ નિશાના પર લીધી હતી અને આક્ષેપ કર્યો હતો કે, કોંગ્રેસ પાર્ટી આતંકવાદીઓ અને અલગતાવાદીઓની સાથે ઉભી છે. તેમના પ્રત્યે હળવું વલણ અપનાવવામાં આવી રહ્યું છે. પીએમે કહ્યું હતું કે, આ વખતે દેશભરમાં પ્રચંડ લહેર છે. મુફ્તી અને અબ્દુલ્લા પરિવાર પર તેજાબી પ્રહાર કર્યા હતા. મુફ્તી અને અબ્દુલ્લા પરિવારને ચેતવણી આપતા કહ્યું હતું કે, મોદી ક્યારે પણ ભયભીત થશે નહીં અને ક્યારે પણ ઝુંકશે નહીં. પ્રદેશના વિકાસ માટે બંને પરિવારોની વિદાય જરૂરી બની ગઈ છે. કોંગ્રેસ પર પ્રહાર કરતા તેમણે કહ્યું હતું કે, કોંગ્રેસના સંકલ્પપત્રમાં સાફ શબ્દોમાં કહેવામાં આવ્યું છે કે જો તેઓ સત્તામાં આવશે તો સેનાના અધિકારોને આંચકી લેશે. જમ્મુ કાશ્મીરમાંથી સેનાને પરત ખેંચી લેશે. સેનાના નૈતિક જુસ્સાને તોડી પાડવાના પ્રયાસ થઇ રહ્યા છે પરંતુ આ લોકો ભુલી ગયા છે કે, તેમની વચ્ચે મોદીની દિવાલ ઉભેલી છે.

# વર્લ્ડકપ મિશન : આજે ટીમ ઇન્ડિયાની વિધિવત ઘોષણા

મુંબઈ

આગામી વર્લ્ડકપ મિશન માટે ભારતીય ક્રિકેટની આવતીકાલે જાહેરાત કરવામાં આવનાર છે. મુંબઈમાં મિશન વર્લ્ડકપ માટે ભારતીય ટીમની જાહેરાત કરાશે. ભારતીય ટીમ માટે મોટાભાગના ખેલાડીઓ પહેલાથી જ નક્કી છે પરંતુ કેટલાક ખેલાડીઓના નામ ઉપર સસ્પેન્સની સ્થિતિ છે. બીજા વિકેટકીપર તરીકે દિનેશ કાર્તિક અને ઋષભ પંત વચ્ચે સીધી સ્પર્ધા છે. આ બંનેના નામ ઉપર ગંભીરતાપૂર્વક વિચારણા થશે. વ્યાપક અનુભવ બાદ પણ મોટી ઈનિંગ્સ રમવાને લઇને કાર્તિકની ક્ષમતા ઉપર પ્રશ્નો થઇ રહ્યા છે. બીજી બાજુ ઋષભ પંત પણ મોટા ફટકા લગાવવાના ચક્કરમાં વિકેટ ફેંકી રહ્યો છે. આવી સ્થિતિમાં ટીમ મેનેજમેન્ટ દ્વારા એવા ખેલાડીની શોધ ચાલી રહી છે જે ધોનીની જેમ રનરેટના દબાણને ઘટાડી શકે. માર્ચ મહિનામાં ઓસ્ટ્રેલિયાની સામે વનડે મેચો રમી ચુકેલી ટીમમાં કોઇ મોટા ફેરફાર કરવામાં આવે તેવી શક્યતા ઓછી છે. એમએસકે પ્રસાદના નેતૃત્વમાં પસંદગી સમિતિની બેઠક આવતીકાલે બપોરે ૩ વાગે થશે. ઓલરાઉન્ડરના નામ ઉપર પણ મંથન થશે. હાર્દિક પંડ્યા, અંબાતી રાયડુ અને વિજય શંકર વચ્ચે પણ સ્પર્ધા થનાર છે. કેટલાક ખેલાડીઓના નામ પહેલાથી જ નક્કી છે. બીસીસીઆઈએ એક અખબારી યાદીમાં કહ્યું છે કે બપોરે ત્રણ વાગે પત્રકાર પરિષદ યોજીને ટીમની જાહેરાત કરવામાં આવનાર છે. બીસીસીઆઈના અખિલ ભારતીય સિનિયર સિલેકશન કમિટીના સભ્યોનું કહેવું છે કે આ પ્રેસ કોન્ફરન્સથી પહેલા પસંદગી માટે મુંબઈમાં બેઠક યોજાશે. જેમાં વર્લ્ડકપ માટે પસંદગી થનાર ખેલાડીઓ ઉપર ચર્ચા વિચારણા કરાશે. આઈસીસી ક્રિકેટ વર્લ્ડકપ ૩૦મી મેથી ઈંગ્લેન્ડ અને વેલ્સમાં આયોજિત થશે. આ ટુર્નામેન્ટ ૧૪મી જુલાઈ સુધી ચાલશે.

## કલોલ...

પાના નં.૧ ચાલુ

**ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને ફૂલહાર કરીને રોડ-શોનું પ્રસ્થાન થયુ હતુ, ત્યારબાદ ત્રણ આંગળી સર્કલ - ખુની બંગલા - રેલ્વે સ્ટેશન - ખમાર ભુવન - ટાવર ચોક - જ્યોતિશ્વર મહાદેવ - નગરપાલિકા જુના ફાયર સ્ટેશન ગેઈટ - નંદલાલ ચોક - વખારીયા ચાર રસ્તા - કોબ્રા સર્કલ - શારદા સર્કલ - બોરીસણા ગરનાળા - અંબિકાનગર - શ્રીજી પાર્લર - પંચવટી હનુમાનજી મંદિર પાસે લોકસંપર્ક યાત્રા (રોડ-શો)નું સમાપન થયુ હતુ. કલોલ ખાતેના આશરે ૭ કિલોમીટરના રોડ-શો દરમ્યાન શહેરમાં જુદા જુદા સ્થળોએ જુદી જુદી સંસ્થાના આગેવાનો, વિવિધ વેપારી એસોશિએસનો, સમાજશ્રેષ્ઠીઓ દ્વારા પુષ્પવર્ષા કરીને ભારત માતા કી જય અને વંદે માતરમ્ ના જયઘોષ સાથે અમિત શાહનું ભવ્ય સ્વાગત અને અભિવાદન કર્યુ હતુ. આ રોડ-શોના દરમ્યાન વિવિધ સમાજના લોકોએ ઢોલ-નગારા-ત્રાંસા સાથે પારંપરિક પરિધાન સાથે હાજર રહીને અમિત શાહનુ ભવ્યાતિભવ્ય અભિવાદન કરી પ્રચંડ બહુમતીથી જીતની અઢળક શુભેચ્છાઓ અર્પી હતી. સમગ્ર રોડ-શો દરમ્યાન હજારોની સંખ્યામાં ઉપસ્થિત કાર્યકર્તા ભાઈઓ-બહેનોએ પુષ્પવર્ષા કરી અમિત શાહનું સ્વાગત અને અભિવાદન કર્યુ હતુ. ભારત માતા કી જય અને વંદે માતરમ્ ના નાદથી સમગ્ર વાતાવરણ રાષ્ટ્રભક્તિમય બન્યુ હતુ. રસ્તાની બંને બાજુ લોકો અમિત શાહનું અભિવાદન કરવા માટે સ્વયંભૂ લોકો ઉમટી પડ્યા હતા. આ લોકસંપર્ક યાત્રા અને ભવ્ય રોડ-શોમાં નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, પ્રભારી પૃથ્વીરાજ પટેલ, પ્રદેશ અગ્રણીઓ, પૂર્વ સાંસદઓ, ગાંધીનગર લોકસભામાં સમાવિષ્ટ તમામ ધારાસભ્યઓ, પૂર્વ ધારાસભ્યઓ, ગાંધીનગર/અમદાવાદના મેયર/કાઉન્સીલરઓ, ગાંધીનગર-અમદાવાદના શહેર/જીલ્લા ભાજપા પ્રમુખ/મહામંત્રીઓ, કલોલ શહેર ભાજપા પ્રમુખ/મહામંત્રીઓ, તાલુકા ભાજપાના મહામંત્રીઓ, વિવિધ સમાજના પ્રતિષ્ઠીત આગેવાનો અને બહોળી સંખ્યામાં સમર્થકો અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.**

## પાલનપુરમાં ...

પાના નં.૧ ચાલુ

**કરવામાં આવી રહ્યું હતું. દરમિયાન આબુરોડ તરફથી આવતી ખાનગી લકઝરી બસ નંબર આર. જે. ૧૯. પી.બી.૨૬૯૯માં ચેકીંગ હાથ ધર્યું હતું. જેમાં મુસાફરી કરી રહેલા બિકાનેરના દંતોર ગામના પુનમચંદ ઓમપ્રકાશ શર્માના થેલાની તલાસી લેતાં તેમાંથી ૨૦૦૦ના દરની ૨૧૬૫ નંગ રૂપિયા ૪૩.૩૦ લાખની નકલી નોટો ઝડપાઈ ગઈ હતી. પોલીસે તેની સામે ગૂનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.**

## ડીસા ...

પાના નં.૩ ચાલુ

થયું હતું તથા ૨૧૫૦ ગાયત્રી ચાલીસા પાઠ થયા હતાં.

નવરાત્રિના છેલ્લા દિવસે એટલે કે રામનવમી દિવસે અનુષ્ઠાનની નવકૂંડી ગાયત્રી મહાયજ્ઞ સાથે પૂર્ણાહૂતિ ગોઠવવામાં આવી હતી. જેમાં અસંખ્ય સાધકોએ આહુતિઓ આપી અને અનુષ્ઠાનની પૂર્ણાહૂતિ કરી હતી. ઉપરાંત ભગવાન શ્રીરામચંદ્રનો જન્મોત્સવ ઉજવવામાં આવ્યો હતો. ભગવાન શ્રી રામ તથા રામપંચાયતનું વિશેષ પૂરુષોક્ત પૂજન કરવામાં આવ્યું હતું ત્યારબાદ શક્તિપીઠ પર સંગીત સાથે ભજન, કીર્તન, રામધૂન અને મહાઆરતીની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી અસંખ્ય ધર્મપ્રેમી જનતાએ તેનો લાભ લઈને ધન્યતા અનુભવી હતી. દર વર્ષની માફક આ વર્ષે પણ સાધકો માટે પ્રીતિભોજનની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. પ્રીતિભોજનમાં ખીચડી, શાક, કઢી અને ખીરનો પ્રસાદ લીધો હતો. અહીં ઉલ્લેખનીય છે કે, પ્રીતિભોજનનું આયોજન છેલ્લા ૪૦ વર્ષથી બંને નવરાત્રિની પૂર્ણાહૂતિના દિવસે ગોઠવવામાં આવે છે, જેમાં સાધકો હોંશે હોંશે લાભ લઈને અનુષ્ઠાન પૂર્ણ કરે છે.

## ડીસા મત વિસ્તારના...

પાના નં.૮ ચાલુ

નહી, દરેક કાર્યકરો પણ પરબતભાઇ પટેલની જીત માટે તનતોડ મહેનત કરી રહ્યા છે.સોમવારે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતભાઇ શાહ પણ ડીસા આવી રહ્યા છે.આગામી દિવસોમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પણ ઉત્તર ગુજરાતના ઉમેદવારો માટે સમર્થન માંગવા આવી શકે છે.આવી સહિયારી મહેનત ભાજપની જીતની સરસાઈનો આંકડો ખૂબ મોટો કરી દેશે અને આ ચૂંટણીના પરિણામ બાદ બનાસકાંઠામાં કોંગ્રેસના પગ નીચેથી રહી સહી ધરતી પણ સરકી જ જશે...!

સવાલ : પંડ્યાજી, એક સવાલનો પ્રામાણિકપણે પ્રત્યુત્તર મળે એવી અપેક્ષા રાખીએ તો તાજેતરનો રાજકીય ઘટનાક્રમ અને ઓબીસી નેતા અલ્પેશ ઠાકોરે કોંગ્રેસનો સાથ છોડ્યા બાદની સ્થિતિ કોને ફળશે..?

જવાબ : બદલાતા પ્રવાહો અને નવા સમીકરણો પર સૌથી વધુ નજર અને તટસ્થ વિશ્લેષણની અપેક્ષા મીડિયા પાસે જ રખાતી હોય છે, છતાં આપ મારા મોઢે સાંભળવા ઈચ્છતા હોવ તો અલ્પેશ ઠાકોરે રાજીખુશીથી કોંગ્રેસ છોડી હોય તેવું માનવાને કોઈ કારણ નથી. લાંબા સમય સુધી ઉપેક્ષા અને અવગણનાનો ભોગ બન્યા બાદ ના છૂટકે ચૂંટણી ટાણે જ કોંગ્રેસને અલવિદા કહેવાનો નિર્ણય અલ્પેશ ઠાકોરની સ્થિતિ વર્ણવી જાય છે.સાથો સાથ કોંગ્રેસ કોઈપણ સમાજનો ઉપયોગ કરી લીધા બાદ જે તે સમાજના આગેવાનોની આવી જ હાલત કરે છે એ પણ સ્પષ્ટ થઈ ગયું છે ત્યારે ઠાકોર સમાજ પણ હવે કોંગ્રેસને સમર્થનની ભૂલ નહિ જ કરે એ દિવા જેવું સ્પષ્ટ છે. અલ્પેશ ઠાકોરના પગલાંથી કોંગ્રેસની બગડેલી બાજીનો ફાયદો પણ સરવાળે તો ભાજપને જ મળશે ને...!

સવાલ : અલ્પેશ ઠાકોરના રાજકીય ભાવિ વિશે કઈ કહેશો....?

જવાબ : પોતાને કઈ દિશા પકડવી એ વિષય અલ્પેશભાઈનો જ હોય, છતાં સમાજના ઉત્કર્ષ સાથે રાજ્ય અને દેશના ઉત્કર્ષ માટે પરસેવો પડતા આવા અગ્રણીઓને ભાજપ પણ આવકારી શકે છે...!

સવાલ : માફ કરશો પણ ભાજપ મોવડીમંડળે હજુ આ મામલે કોઇ સ્ટેન્ડ ક્લિયર કર્યું નથી તો આપ સીધો આવકાર કઈ રીતે આપી શકો...?

જવાબ : આ વાત માત્ર અલ્પેશભાઈ પૂરતી સીમિત નથી, ભાજપની રાષ્ટ્રવાદી નીતિ, સૌને સાથે લઈને ચાલવાની પરંપરા અને પક્ષની વિચારધારા સ્વીકાર્ય હોય તેવા કોઈ પણ અગ્રણી માટે ન

ભાજપના દરવાજા હમેશા ખુલ્લા જ હોય છે.

સવાલ : આપની વ્યસ્તતાને ધ્યાને લઇ છેલ્લો પ્રશ્ન.. લોકસભા ચૂંટણી માટે આપ બનાસકાંઠા મત વિસ્તારના મતદારોને કેવો સંદેશ આપવા ઈચ્છશો...?

જવાબ : છેલ્લા પાંચ વર્ષમાં ભાજપની આગેવાની હેઠળ કેન્દ્રની એનડીએ સરકારનું પ્રભાવક નૈતૃત્વ કરી રહેલા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ તેમની દૂરંદેશીતા અને રાષ્ટ્રને વધુ મજબૂત કરવાની ઈચ્છાશક્તિ સાથે ખૂબ પરિણામલક્ષી કામગીરી કરી દેશવાસીઓ જ નહી, વિદેશમાં વસતા ભારતીયોના દિલ પણ જીતી લીધા છે.હાલ મોદીજી એક વૈશ્વિક નેતા તરીકે ઉભરી આવ્યા છે. પાકિસ્તાનમાં ધમધમતી આતંકી છાવણીઓ પર હવાઈ હુમલાનું સાહસ કદાચ મોદીજી જ કરી શકે...આવા મજબૂત નૈતૃત્વ વિપક્ષોના તકવાદી જોડાણ પાસે વડાપ્રધાનની જવાબદારીનું સફળ રીતે નિર્વહન કરી શકે તેવો કોઈ ચહેરો જ નથી.આવી સ્થિતિમાં આખો દેશ ફરી આ મહાન રાષ્ટ્રની બાગડોર મોદીજીના હાથમાં જ સોંપવા ઉત્સુક હોય ત્યારે બનાસકાંઠાના મતદારો પણ કોઈ લોભ લાલચ કે પ્રલોભનોમાં આવ્યા વિના, વ્યક્તિગત ગમા અણગમા ભૂલી, માત્રને માત્ર રાષ્ટ્રહિતને જ ટોચની અગ્રતા આપી ભાજપ તરફી જંગી મતદાન કરી પોતાની સાથે સમાજ, ગામ, રાજ્ય અને દેશની આવતીકાલને વધુ ઉજ્જવલ બનાવવામાં સહયોગી બને એવી અપેક્ષા રાખું છું. બનાસકાંઠાના શાણા મતદારો બધું જ સમજે છે એટલે વધુ કઈ કહેવાની જરૂર હોય તેવું લાગતું નથી.

## દીઓદરમાં પરબતભાઈ...

પાના નં.૮ ચાલુ

લોકસભા ભાજપના ઉમેદવાર પરબતભાઈ પટેલે સૌને આ વિસ્તારના વિકાસમાં સહભાગી થવા નરેન્દ્રભાઈ મોદીના સ્વપ્નનો સાકાર કરવા જંગી મતોની આ વિધાનસભા ક્ષેત્રમાં લીડ અપાવી વિજયી બનાવવા અનુરોધ કરેલ.

આ પ્રસંગે દિલીપભાઈ વાઘેલા, ભવાનજી ઠાકોર, જી.પં.સદસ્ય ડૉ. હસુભાઈ ચૌધરી, રમેશભાઈ પટેલ (જીન), પૂર્વ પ્રમુખ નીતીનભઈ ઠક્કર, માજીભાઈ જોષી, જયંતિભાઈ બારોટ, ભરતભાઈ અખાણી, ઈશ્વરભાઈ પટેલ, ઈશ્વરભાઈ તરક, વનરાજસિંહ વાઘેલા, નાગજીભાઈ દેસાઈ, ભરતભાઈ જોષી સહીતના ભાજપના કાર્યકરો ઉપસ્થિત રહેલ.

## ડીસા ખાતે ..

પાના નં.૮ ચાલુ

શોભાયાત્રા નિકલવામાં આવી હતી. જેમાં વિશાળ સંખ્યામાં ભાવિક ભક્તો જોડાયા હતા. ડીસા શહેરના પ્રાચીન એવા રામજી મંદિરથી નીકળેલી ભગવાન શ્રીરામની શોભાયાત્રા રિસાલા ચોક થઈ એસ.સી.ડબલ્યુ. ચાર રસ્તા, અંબિકા ચોક, લાયન્સ હૉલ, સાઈબાબા મંદિર થઈ નિજ મંદિર પરત પહોંચી હતી. ડીસામાં આજે નીકળેલી ભગવાન શ્રીરામની શોભાયાત્રાનું આયોજન વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા કરવામાં આવ્યું હતું. ભગવાન શ્રીરામની આ શોભાયાત્રામાં વિશાળ સંખ્યા ભાવિક ભક્તો પણ જોડાયા હતા.




# હઠ (જીદ)સમસ્યાઓ સર્જી શકે છે

**હિપ્નોથેરાપી**

બાળહઠ અને સ્ત્રીહઠ પાસે ભલભલાએ ઝુકવું પડયું છે આ કોઈ નવી વાત નથી, બાળકો જો કોઈ ચીજવસ્તુ માગે, ના મળે ત્યાં સુધી માગે એટલે માબાપ કહે તે બહુ જીદી થઈ ગયો છે. શું તે વસ્તુ બાળકને ન અપાવવી એ મા બાપની જીદ ન કહેવાય. ખરેખર તો બાળક કાંઈ પણ માંગે એટલે મોટા ભાગના માબાપ કે વડીલો તે રમકડાં કે ફુગ્ગા કે અન્ય વસ્તુઓ લાવી આપે છે. આવું વારંવાર બને છે એટલે બાળક સમજે છે કે માગવું તેનો હક્ક છે અને જો એ વસ્તુ ના મળે તો રડીને જીદ કરવાથી તે મળે છે. ઘણીવાર સંજોગો એવા હોય છે કે માબાપની ઈચ્છા ન હોવા છતાં તે સમય સાચવવા બાળકની જીદ પોષવી પડે છે. સમય જતાં બાળક મોટું થતું જદાય છે, તેમ તેની ડીમાન્ડ અને જીદ વધતી જાય છે. આ સમય છે તેને સમજણથી વારવાનો, પ્રેમથી મનાવવાનો નહીં કે કોઈ લાલચ આપવાનો.

આવી જ કોઈ જીદથી હેરાન કપલ પરફેક્ટ હેલ્થકેર સેન્ટર પર આવ્યું..ડૉ.કૌશલને મળ્યા અને કહ્યું, ડૉકટર આ મારો સન કલ્પ જેના માટે અમે તમારી પાસે આવ્યા છીએ. હું જય અને આ કાવેરી. કલ્પ પંદર વર્ષનો છે.અને નાઈન્થમાં સ્ટડી કરે છે. નાનો હતો ત્યારે એકથી પાંચમા રેંક આવતી. સેવન્થમાં આવ્યો ત્યારથી ફુટબોલ રમવાનો શોખ જાગ્યો. સોસાયટીમાં રોજ સાંજે છોકરાઓ ફુટબોલ રમતા ત્યારે કલ્પ પણ રમવા જતો.થોડા સમયમાં તેને ભણવાનો રસ જતો રહ્યો. કલ્પ ફુટબોલ સારૂં રમે છે તે કોઈ ફુટબોલ મેચ રમવા ગયો અને તેને ટ્રોફી મળી તે દિવસથી નેશનલ લેવલ પર ફુટબોલના ચેમ્પિયન બનવાનું તેના મનમાં ભરાયું છે એટલે હવે ભણવામાં બિલકુલ ધ્યાન નથી આપતો. તેને ફુટબોલના કોચીંગ જોઈન્ટ કરવા છે. આ વાતને લઈ છેલ્લા ત્રણ ચાર મહીનાથી ઘરમાં અશાંતિ રહે છે, જયભાઈની વાત પુરી થતાં કાવેરીબેને કહ્યું અમે તેને ફુટબોલ રમવાની ના નથી પાડતા. પણ હવે જો ભણવામાં ધ્યાન નહીં આપે તો નેકસ્ટ યર ટેન્થમાં તકલીફ પડશે. વેકેશનમાં ફુટબોલ રમવાનું અને કોચીંગ જોઈન્ટ કરવા કહીએ છીએ પણ તે કાંઈ સમજવા જ તૈયાર નથી. તમે જ કહો કે કલ્પે શું કરવું જોઈએ. ડૉ.કૌશલે કલ્પ સાથે વાત શરૂ કરતાં પુછ્યું કે ફુટબોલ સિવાય બીજી શું શું હોબી છે ? કલ્પે કહ્યું હું ચેસ રમું છું અને પોસ્ટલ સ્ટેમ્પસ કલેકટ કરૂં છું. ડૉ.કૌશલે કહ્યું વેરી ગુડ.. ફુટબોલમાં નેશનલ લેવલ જ કેમ ? ઈન્ટરનેશનલ લેવલ પર રમવામાં અને જીતવામાં હેલ્પફુલ થઈ શકું છું. કલીનીકલ હીપ્નોથેરાપી અને માઈન્ડ પ્રોગ્રામીંગ થકી તમે ફુટબોલ અને ચેસ બંનેમાં તમારી ગણતરી કરતાં વધુ ઈમ્પ્રુવ કરી શકાય. આજ કાલ તો નેશનલ અને ઈન્ટરનેશનલ લેવલના દરેક ખેલાડીઓ મોટા ભાગે ગ્રેજ્યુએટ હોય છે. જો તમે ગ્રેજ્યુએટ નહીં હોય તો બીજા બધા પ્લેયર સામે તમને ગીલ્ટી હીલ થશે. દરેકની લાઈફમાં એજ્યુકેશનનો પણ ઈંપોર્ટન્ટ રહેલ છે. આ વાત તમારા જેવા બ્રીલીયન્ટ સ્ટુડન્ટે ન ભુલવી જોઈએ. હું પર્સનલી ઈચ્છું છું કે તમે ફુટબોલમાં ઈન્ડીયન ટીમને લીડ કરો. પણ પહેલા ગ્રેજ્યુએશન સારી રીતે પુરૂં કરો.બાકી તમારી મરજી.. કલ્પ તરત બોલ્યો, ઓકે સર તમે કહ્યું તેમ હું કરીશ.. પણ મને સકસેસ અપાવવાનું કામ તમારૂં. સ્ટડી અને ફુટબોલ બંનેમાં તમારે મને પાવરફુલ કરવાનો. કલ્પ સામેથી સ્ટડી માટે તૈયાર થયો એટલે તેના પેરેન્ટસને થોડી શાંતિ થઈ. અને જયભાઈએ પુછ્યું, સાહેબ કલ્પને કેટલા દિવસ તમારી પાસે લાવવો પડશે ! ડૉ. કૌશલે કહ્યું હમણાં પંદર દિવસ છ મહીના પછી એટલે નાઈન્થની ફાઈનલ એકઝામના એક મહિના પહેલાં આઠથી દશ દિવસ અને એસ.એસ.સી.નાં એકઝામ પછી દશ દિવસ ખાસ ફુટબોલ માટે આમ ત્રણ પાર્ટમાં આપણે આગળ વધશું. કલ્પે ડૉ.કૌશલના આ સજેશનને પણ ઈમીજેટ એકસેપ્ટ કર્યું કલ્પના આટલો સારો રીસપોન્સ ? આ વાત તેના પેરેન્ટસના માન્યામાં નહોતી આવતી. દરેક વાતે અને તેમાંય સ્ટડીની સાફ ના પાડતો. કલ્પ ડૉ.કૌશલની આ વાતથી ખુબ ઈમ્પ્રેસ થયો લાગે છે તેમ તેના મધરે કહ્યું. પછી ડૉ. કૌશલ આ સારવાર પદ્ધતિ અને પ્રોસીજર ઓફ ટ્રીટમેન્ટ વિશે વિગતવાર ઈન્ફર્મેશન આપી જે ત્રણેયને ખુબ ગમી. કેમ કે આ ટ્રીટમેન્ટ ડ્રગ લેશ છે જેની કોઈ સાઈડ ઈફેકટ નથી હોતી એટલે ઈમીજેટ ટ્રીટમેન્ટ સ્ટાર્ટ કરવા કલ્પે અને તેના પેરેન્ટસે રીકવેસ્ટ કરી. કલ્પના સ્કૂલના અને કલાસીસના ટાઈમ ડીસ્ટર્બ ન થાય અને રેગ્યુલર ટ્રીટમેન્ટ માટે આવી શકે તે પ્રમાણે ટાઈમસેટ કરી નક્કી કર્યો અને ટ્રીટમેન્ટ (સીટીંગ) માટે રેગ્યુલર અને ઈન ટાઈમ આવવા ખાસ જણાવ્યું. નેકસ્ટ ડેથી ડૉ.કૌશલે કલ્પની કલીનીકલ હીપ્નોથેરાપી અને માઈન્ડ પ્રોગ્રામીંગ દ્વારા સીટીંગ શરૂ કરી કલ્પનો સ્ટડી માટેનો ઈન્ટરેસ્ટ ક્રીયેટ કરી સ્ટડી એજ્યુકેશનનું ઈમ્પોર્ટન્ટ વધુ સારી રીતે સમજતો કર્યો. સીટીંગ રેગ્યુલર ચાલતા કલ્પ વગર કીધે ટાઈમસર સ્કૂલે જવા તૈયાર થવા લાગ્યો. ભણવાનો ઈન્ટસ વધવા લાગ્યો અને હોમવર્ક તથા એકસ્ટ્રા સ્ટડી પોતાની મેળે કરવા લાગ્યો. આમ થતા જયભાઈ અને કાવેરીબેનનો ડૉ. કૌશલ અને તેમની સારવાર હીપ્નોથેરાપી અને માઈન્ડ પ્રોગ્રામીંગ પરનો વિશ્વાસ વધવા લાગ્યો. કલ્પ હવે સીન્સીયર થતો ગયો, ફુટબોલ રમવા કે અન્ય કોઈ જીદ કેડી માંડ પણ કરતો બંધ થઈ ગયો. પેરેન્ટસ સાથેનો તેનો વ્યવહાર સારો થઈ ગયો. સ્ટડીમાં ઈમ્પ્રુવ થવા લાગ્યો, દશ સીટીંગ્સમાં તો કલ્પ બદલાઈ ગયો.તેનામાં આવેલા ચેન્જીશથી સ્કૂલમાં, કલાસીસમાં તેની વેલ્યુ વધી ગઈ. બધા સર અને ટીચર્સો સાથે દરેક સ્ટુડન્ટો સાથેના સંબંધો સારા થઈ ગયા. એક બ્રીલીયન્ટ સ્ટુડન્ટ તરીકે ઓળખાવા લાગ્યો. કલ્પમાં આવેલા સુંદર ચેન્જીશને લીધે જ તે ડૉ.કૌશલ તરફથી આપવામાં આવતા દરેક સજેશનોને સીન્સયરલી ફોલો કરતો અને તેને અનુભવ્યું કે ડૉ.કૌશલે કહ્યું હતું તેમ વીશ સીટીંગ્સમાં તો કલ્પ તેની વિચારો અને સમજણશક્તિમાં અનબીલીવેબલ ચેન્જીશ આવતા આખી સ્કૂલમાં કલ્પ ફેમશ થઈ ગયો. કલ્પે તેના પેરેન્ટસને કહ્યું કે,ડૉ.કૌશલ સરને જ ફોલો કરીશ, તે જ મારા સાચા ગુરૂ છે. વીસ દિવસમાં મને બદલી નાખ્યો. દરેક વાતને સાચી રીતે સમજતો કર્યો. સીંપલી ડૉ.કૌશલ સર ઈઝ એન અનબીલીવેલ કલ્પના ઉપરોકત શબ્દો તેના મધર કાવેરીબેને જ્યારે કહ્યા ત્યારે તેમની આંખમાં હર્ષના આંસુ આવી ગયા અને કહ્યું અમને કલ્પના પણ નહોતી કે અમારો કલ્પ આટલો બદલાઈ જશે. આને માટે તમે અને ડૉ.જલપાએ જે મહેનત કરી છે તે બિરદાવવા મારી પાસે કોઈ શબ્દો નથી. તમે ભાઈ-બહેને હોમિયોપેથી સાથે હીપ્નોથેરાપી અને માઈન્ડ પ્રોગ્રામીંગનું જે જ્ઞાન લીધું છે તેનો અમે પ્રત્યક્ષ અનુભવ કરીએ છીએ.થેંકયુ વેરી મચ ડૉટર.. સ્ટુડન્ટોના પ્રોબ્લેમ સોલ કરવામાં કલીનીકલ હીપ્રોથેરાપી અને માઈન્ડ પ્રોગ્રામીંગ તેમજ હોમિયોપેથી હેલ્પફુલ થઈ શકે છે.વધુ માહીતી માટે મળો. બી.કુમાર, ડૉ.કૌશલ બી. શાહ, ડૉ.જલપા બી. શાહ **પરફેક્ટ હેલ્થકેર સેન્ટર : શોપ નં.૧ વિશ્વદીપ હાઈટસ મહાવીરનગર, દહાણુકર વાડી, કાંદીવલી (વે.) મુંબઈ મો.૯૮૧૯૬૪૬૩૨૭, ૮૮૫૦૦૮૨૯૯૮**

# ભયનું બહિર્ગમન.. ઉત્સવનું આગમન..

**માનસ** — **ડૉ. પ્રવીણ પટેલ**

**ગતાંકથી ચાલુ**

નદીકિનારે સવારના કોમળ તડકામાં ચમકતી રેત પર દિગંબર અવસ્થામાં આરામ કરી રહેલા અભય, આત્મસ્થિત ડાયોજીનસ જેવા સંત જ વિશ્વ વિજેતા સિકંદરને સ્વસ્થતાથી કહી શકો. ‘અરે સમ્રાટ ! તમે મને શું આપી શકો ? મને આપવા લાયક તમારી પાસે કયાં કંઈ છે ? હાલ પુરતા તો તમે જરા એક બાજુ ખસી જાઓ જેથી તમારા કારણે રોકાઈ જતો સૂર્યપ્રકાશ હું પામી શકું. મોજથી માણી શકું અને સિકંદર એક બાજુ ખસી ગયો. ડાયોજીનસ જેવા નિત્યાનંદી, અભય મહાપુરૂષ જે કોઈ સમ્રાટને આવી વાત કરી શકે !

કૃષ્ણભકત મીરાંબાઈ જ્યારે વૃંદાવન ગયા ત્યાં તે સમર્થ સંત ગણાતા રૂપ ગોસ્વામીને મળવા ગયા. તેઓ ગુફામાં રહેતા. કોઈપણ સ્ત્રીનું મુખ સુધ્ધાં ન જોવું, એ તેમનો નિયમ હતો. મીરાંબાઈએ જ્યારે ગુફાના દ્વારથી દર્શન આપવા ગોસ્વામીજીને વિનંતી કરી ત્યારે તેમણે જણાવ્યું.. ક્ષમા કરજો.. પરંતુ હું કોઈ સ્ત્રીના દર્શન કરતો નથી કે નથી દર્શન દેતો..

પ્રત્યુત્તર સાંભળતાં જ મીરાંબાઈની સજાગતા એકદમ સઘન થઈ ગઈ. ક્ષણવારમાં આત્મસ્થ થયેલા મીરાંબાઈના હૃદયમાંથી શબ્દો સ્ફૂર્યા, ‘ગોસ્વામીજી ! હું તો સમજતી હતી કે વિશ્વમાં શ્રીકૃષ્ણ જ એક માત્ર પુરૂષ છે. બાકી સો તો ગોપીઓ છે. વૃંદાવનમાં આપના દર્શને આવી ત્યારે મેં જાણ્યું કે અહીં શ્રીકૃષ્ણ સિવાય અન્ય પણ આપ જેવા કોઈ પુરૂષ વિદ્યમાન છે !’

મીરાંબાઈનાં આવાં સ્પષ્ટ અભય વચનો સાંભળીને રૂપ ગોસ્વામી તરત જ બહાર આવ્યા. મીરાંબાઈની અભયતાને કારણે પ્રગટયું હતું. વાસ્તવમાં પરમાત્મા એક માત્ર પુરૂષ ગણાય છે.બાકીનું તેનું સર્જન પ્રકૃતિ એ નારી સમાન ગણાય છે. આત્માને લિંગભેદ સાથે કોઈ સંબંધ નથી.

કસોટી તો કુંદનની થાય કથીરની નહીં, મનુષ્યનું જીવન મૂલ્યવાન ત્યારે જ બને છે જ્યારે તે જીવનમાં ભ્રામક મનની માયાજાળ વીંધીને પોતાના આત્મતત્વને પામવા સહજ પ્રયાસ કરે છે. વિપશ્યના ધ્યાન, આત્મ નિરીક્ષણ કરવું, પોતાની જાતનું સ્મરણ કરવું, જીવનમાં સહજ સમ્યક ભાવ કેળવીને સજાગતા, સભાનતા અને હોશ સાથે વર્તમાનમાં રહીને, પળ પળને માણવા પ્રયાસ કરવો ઈત્યાદિ વિવિધ માર્ગો દ્વારા વ્યક્તિ પરમાત્માને ઉપલબ્ધ થઈ શકે છે. ધ્યાન તથા અન્ય પદ્ધતિઓમાં વ્યક્તિનો આત્મિક વિકાસ થાય છે. ત્યારે કેટલીક વાર કેટલાક લોકોને ધ્યાનની અવસ્થામાં ભયંકર દ્રશ્યો દેખાય છે. ભયાનક અવાજો સંભળાય છે અને જ્યારે અજ્ઞાત વિરાટનું મનુષ્યઘટમાં અવતરણ થાય છે ત્યારે તેની અકલ્પનીય ગતિ અને માત્રાથી સાધક બેહદ ભયભીત હોઈ શકે છે. ઉકત પરિસ્થિતિઓ ટાણે જો સમર્થ સદ્ગુરૂની છત્રછાયા ન હોય તો સાધક કયારેક પાગલ પણ થઈ શકે છે ! ગુરૂનું સાનિધ્ય સાધકને પુર્ણતા પ્રાપ્ત કરવામાં ઉપકારક નીવડે છે.

વિરાટ પરમાત્માનું સ્વરૂપ એટલું તો કલ્પનાતીત હોય છે કે, એ નિહાળવા શ્રીકૃષ્ણે અર્જુનને દિવ્ય ચક્ષુ આપ્યા હતાં અને જ્યારે શ્રીકૃષ્ણે વિરાટ સ્વરૂપ બતાવ્યું ત્યારે અર્જુન અવાચક, બહાવરો અને અત્યંત ભયભીત થઈ ગયો હતો ! એક શુરવીર મહાન યોદ્ધો અર્જુન પણ પરમાત્માના વિરાટ સ્વરૂપને વધુ સમય જીરવવા અસમર્થ થઈ ગયો ત્યારે તે શ્રીકૃષ્ણને એ સ્વરૂપે જલદીથી સમેટી લેવા વારંવાર વિનંતીને વિનવણી કરવા વિવશ થઈ ગયો હતો !

**(ક્રમશ:)**

**-ડૉ.પ્રવીણ બી.પટેલ (પાલનપુર)**

# કફ નાશક – મરી

**આયુર્વેદનું અમૃત** — **વૈદ્ય મહેશ અખાણી**

મરી-મસાલાથી જ ભોજનમાં ટેસ્ટ આવેને ભોજન પચે. પરંતુ ખરેખર દાળ -શાક બનાવવા ના મસાલાના ડબામાં મરીનું સ્થાન છે ખરું ? મરચું, મીઠું, હળદર, જીરું, રાઈને સ્થાન આપ્યું છે. આ બધા જ સારા ઔષધો છે. બધાજ ગરમ દ્રવ્યો છે. મરી પણ ગરમ છે. છતાં ગરમીના કેટલાક દર્દો તે સારી રીતે દૂર કરેછે. તેથી આ બધામાં કોઈ મસાલાને અગ્ર સ્થાન આપવું હોય તો મરીને આપી શકાયને બીજા સ્થાને હળદર આવે. અરે ! મરચાના સ્થાને પણ મરીને સ્થાન આપી શકાય. પરંતુ આપણે મરચાથી એવા તો ટેવાઈ ગયા છીએ કે મરીના ગુણની ખબર જ નથી.

મરી બે પ્રકારના છે. ૧. કાળા મરી. ૨. સફેદ મરી. આપણે ત્યાં વ્યવહારમાં વધુ કાળામરી જ વપરાય છે. બંનેના ગુણ સરખા છે.

જયારે– જયારે બે ઋતુ ભેગી થાય ત્યારે માણસની રોગ પ્રતિકાર શક્તિ નબળી પડે છે. ત્યારે તે– તે ઋતુના રોગો થાય છે. શિયાળો ઉતરીને ઉનાળો આવે ત્યારે વસંતના કફના રોગો થાય છે. ઉનાળો ઉતરીને ચોમાસું આવે ત્યારે વાયુ–વાના રોગો થાય છે.ને ચોમાસું ઉતરી શિયાળો આવે ત્યારે શરદ ઋતુમાં તાવના- ગરમીના રોગો થાય છે.

આ ઋતુ સંધીના રોગોને તબીબો એલર્જી નામ આપીને તમને avil, cetrazin, livocetrazin દવાઓ ખવડાવે જેનાથી તમારી માનસિક શક્તિ નબળી પડે, ઊંઘ વધુ આવે. જયારે હળદર, કાળામરી, ઘી, સાકર, એલાયચી નો યોગ્ય ઉપયોગ કરીએ તો આ એલર્જીના દર્દો ક્યાં ને ક્યારે ચાલ્યા જશે તે ખબર પણ નહિ પડે.

આપણું રસોડું આપણા ઋષિઓએ દવાઓથી ભરપૂર બનાવ્યું છે. તેમાંનું એક ઔષધ કાળામરી વિષે આજે સમજીએ.

- શરદી, તાવનું શ્રેષ્ઠ ઔષધ છે: તુલસી, મરી ને મધ લસોટીને ખાઈ જવું.
- હિસ્ટીરિયામાં આપે આરામ : નરણા કોઠે લઈ લ્યો મરી, દહીં, વજની સાથે.
- ઝાડા મટાડવા માટે મરી લ્યો. દહીં સાથે મરી લ્યો. સુંઠ ને મરી પાણી કે છાસ સાથે લ્યો.
- હૃદયના ધબકારા વધારે હોય તો : તે રસ ધાતુનો ક્ષય કહેવાય. મરી ને દૂધ સાથે દરરોજ રાત્રે લેવું.
- ખસ- ચામડીનો રોગ મટાડવા: કાળામરી ને લસોટીને ગાયના ઘી સાથે લેપ કરવો.
- આંખની વેલ દૂર કરવા : કાળામરીના ચૂર્ણને ભાંગરાના રસ સાથે ઘૂંટીને આંખમાં વેલ પર લેપ કરવો. આ માટે શાલાક્ય વૈદ્ય સંપર્ક કરવો.
- ખોરાકનું પાચન કરવા : ભોજન પછી નાગરવેલના પાનમાં કાળામરીનું ચૂર્ણ મૂકી ખાઈ જવું. ખાધું પચે છે, વજન વધે છે. આ પ્રયોગ નરણા કોઠે કરવાથી વજન ઘટે છે.
- એલર્જી થી આવતી ખંજવાળ કે જેને શીળસ કે કોઠ કહેછે તેમાં કાળામરી, અજમોને ગોળ સાથે લેવાથી તાત્કાલીક લાભ આપે છે. હળદરને ઘીમાં શેકીને તેમાં સાકરને મરીનું ચૂર્ણ ઉમેરીને લેવાથી પણ સારો લાભ થાયછે.
- લીમડાનો મોરના રસને કાળામરી સાથે પીવો જોઈએ. તેથી ચામડીના રોગો, શરદી, તાવ, કફ, મધુમેહના રોગો દૂર કરવામાં ઉપયોગી થશે અથવા થશે નહિ.
- જયારે કેટલાક લોકોને મરચું ગરમ પડેછે ત્યારે મરચાના સ્થાને મરીનો ઉપયોગ કરી શકાય.
- અભ્યાસ કરતાં વિદ્યાર્થીને વાંચન કરતાં ઊંઘ વધુ આવતી હોય તો. મરી ને મધ કે મરીને ગોળ સાથે વારંવાર ખવડાવો. શરદી, કફ, ખંજવાળ મટશેને ભૂખ વધુ લાગશે છતાં ખોરાક ઓછો આપવો. તંદુરસ્તી વધશેને ઊંઘ ઓછી થશે, વાંચન સારું થશેને યાદશક્તિ વધશે.
- હૃદય રોગ, હાઈ કોલેસ્ટેરોલ માટે : કાળા મરી ને મધ સાથે કે એકલા કાળામરી ને ભોજન પછી ચાવી જવાથી હૃદય નો આમદોષ દૂર થાયછે. કૃમિ મટે છે. એટેક એ કૃમિ થી થાયછે. L.D.L ઘટે છે અને H.D.L વધેછે.

**વૈદ્ય મહેશ અ. અખાણી, વૈદ્ય પરાશર મ. અખાણી.**
**અમૃત આયુર્વેદ કેન્દ્ર, પાલનપુર . ૯૪૨૬૩૯૯૧૨૫**

CMYK

Website : www.rakhewaldaliy.com E-mail : rakhewal@gmail.com

સોમવાર ૧૫ એપ્રિલ ૨૦૧૯

# રખેવાળ

મહેસાણા, પાટણ, રાધનપુર, સિધ્ધપુર, ચાણસ્મા, ઉંઝા, વિસનગર

## રાધનપુર કોલેજમાં સ્વામિનારાયણ સંપ્રદાયના સંતશ્રીએ પાવન પગલાં કર્યાં



રાધનપુર

''હિંમત વિદ્યાનગર'' સ્થિત શ્રી અમરજ્યોત એજ્યુકેશન ટ્રસ્ટ, રાધનપુર સંચાલિત શ્રી ત્રિકમજીભાઇ ચતવાણી આર્ટ્સ એન્ડ જે.વી. ગોકળ ટ્રસ્ટ કોમર્સ કોલેજ રાધનપુરમાં સ્વામિનારાયણ સંપ્રદાયના જાણીતા સંત અને મહાભારતની કથાને ઉંડાણપૂર્વક આધુનિક ટેકનોલોજીના માધ્યમથી સમજાવનાર સુરતના સંતશ્રીએ તા. ૧૨/૦૪/૨૦૧૯ ના રોજ મુલાકાત લઇ પાવન પગલા કર્યાં હતા. ટ્રસ્ટના પ્રમુખ મહેશભાઇ મુલાણી તથા પ્રિ. ડૉ. સી.એમ. ઠક્કર, રાયચંદભાઇ ઠક્કર, ધીરૂભાઇ ઠક્કર, નવિનભાઇ હાલાણી, ચુનીભાઇ ઠક્કર, કેતનભાઇ ઠક્કર આમંત્રિત મહેમાનો ખૂબ જ ભાવપૂર્વક શ્રધ્ધાથી તેઓનું સ્વાગત કર્યું હતું. સંતશ્રીએ કોલેજની તથા ટ્રસ્ટની વિવિધ પ્રવૃતિઓની માહિતી મેળવી કોલેજની લાયબ્રેરી, કોમ્પ્યુટર લેબ, સેમિનાર હોલ તેમજ ઓફીસોઓની મુલાકાત લઇ ખુશી વ્યક્ત કરી હતી. ખૂબ જ શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## સિધ્ધપુરના લાલપુર ખાતે જન્મ જયંતિ ઉજવણી

### દિવંગતોના આત્માઓને મધુર સ્મરણાંજલિ અને ત્રિવેણી સંગમ કાર્યક્રમ યોજાયો



સિધ્ધપુર

સિધ્ધપુરના પૂર્વ ધારાસભ્ય અને જીઆઇડીસીના ચેરમેન બલવંતસિંહ રાજપૂત દ્વારા તેઓના પૂજ્ય માતૃશ્રી હંસાબાની ૯૧ મી જન્મ જયંતિનો કાર્યક્રમ અનોખી રીતે ઉજવાયો હતો. રામનવમીના દિવસે આ નિમિત્તે તેમના ધર્મપત્ની ભીખીબાના માતૃશ્રી સંતોકબા તેમના નણંદ પુષ્પાબા અને નણદોઇ છગુજી રાજપૂતના જીવન પર્વ સમાજ દર્શનનો તેમજ તેમના કુટુંબીજનોના દિવંગત આત્માઓને મધુર સ્મરણાંજલિ અર્પવાનો કાર્યક્રમ સિધ્ધપુરના લાલપુર ખાતે મોટા ગજાના નેતાઓની ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો હતો. ત્રિવેણી સંગમ કાર્યક્રમની પૂર્વ સંધ્યાએ યોજવામાં આવેલ લોકડાયરામાં ગીરના પ્રખ્યાત સાહિત્યકાર રાજભા ગઢવી અને કલાવૃંદે ઉપસ્થિત જનમેદનીને રસ તરબોળ કરી હતી. આજના કાર્યક્રમમાં પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ શ્રી મુનિ મહારાજ અને મગરવાડા વીર મહારાજના સેવક શ્રી વિજય સોમ મહારાજે સર્વેને આશિર્વાદ પાઠવ્યા હતા. અધ્યક્ષસ્થાનેથી બોલતાં પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, માતા હંસાબાની જન્મ જયંતિ નિમિત્તે યોજાયેલ કાર્યક્રમ અભૂતપૂર્વ છે. આમાંથી દરેક સમાજને અને નવી પેઢીને કંઇકને કંઇક જાણવા મળે છે. સમારંભના ઉધ્ધાટક ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું કે, આ પ્રકારના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાથી અમોને પણ કંઇક નવિન જાણવા મળે છે. મુખ્ય મહેમાન પ્રખર અર્થશાસ્ત્રી ડૉ. જયનારાયણ વ્યાસે યોજવામાં આવેલ કાર્યક્રમની ભારોભાર સરાહના કરી હતી. તે ઉપરાંત પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલા, કે.સી. પટેલ, એડવોકેટ ચંદનસિંહ રાજપૂત, બાવન ગોળ રાજપૂત સમાજના પ્રમુખ શિવાજી રાજપૂત, મંત્રી શંકરજી રાજપૂત, થરાદના ડી.ડી. રાજપૂત, નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અજીતભાઇ મારફતીયા, પ્રમુખ વર્ષાબેન પંડ્યા, ડાહ્યાલાલ બ્રહ્મભટ્ટ, જિલ્લા પંચાયતના પ્રમુખ વિનુભાઇ પ્રજાપતિ, વિક્રમજી ઠાકોર, મયંકભાઇ નાયક, મોહનભાઇ પટેલ, ભરતભાઇ રાજગોર સહિત સમગ્ર ઉત્તર ગુજરાતમાંથી મોટી સંખ્યામાં પ્રતિષ્ઠીત નાગરિકો અને લોકો ઉમટી પડ્યા હતા. આ પ્રસંગે ભોજન પ્રસાદનો કાર્યક્રમ પણ યોજાયો હતો. બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, મારી માતાનો જન્મ દિવસ રામનવમીના દિવસે આવે છે. આ દિવસે શું વિશેષ કાર્યક્રમ યોજવો તેનો વિચાર મારા ધર્મપત્ની ભીખીબાએ મને આપ્યો હતો.

## પાટીદારોના પ્રશ્નો અંગે સરકારનું વલણ હકારાત્મકઃ સી.કે.પટેલ

મહેસાણા

ગુરુવારે મહેસાણામાં ભાજપના અધ્યક્ષ અમિત શાહ અને પાટીદાર અગ્રણીઓ વચ્ચે બેઠક યોજાઇ હતી. જે બાદ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના ચેરમેન સીકે પટેલની પ્રતિક્રિયા સામે આવી છે. તેમણે આ બેઠકને શુભેચ્છા મુલાકાત ગણાવી છે. સાથે જ તેમનું કહેવું છે કે, તમામ પ્રશ્નોના નિરાકરણ માટે સરકારનું હકારાત્મક વલણ છે. સીકે પટેલે કહ્યું કે, પાટીદારો સામેના કેસો પાછા લેવા અંગે ચર્ચા થઇ હતી. સાથે જ આંદોલનમાં મૃત્યુ પામેલા પાટીદારોને ન્યાય મળશે. સરકાર તમામ પ્રશ્નોનું નિરાકરણ કરવા માગે છે અને સરકારનો અભિગમ હકારાત્મક છે. તેમણે કહ્યું કે, અમે રજૂ કરેલા તમામ પ્રશ્ને સરકાર હકારાત્મક રહી છે. સાથે જ રહી ગયેલા મુદ્દે ચર્ચાઓ થઇ હતી અને સરકારનું ધ્યાન દોરવામાં આવ્યું હતું. જે અંગે આગામી ૧૦થી ૧૫ દિવસમાં આ મુદ્દાઓ અંગે ખુલાસા સાથેની ચર્ચા કરવાનું આશ્વાસન આપવામાં આવ્યું છે.સાથે જ આ બેઠક અંગે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે, લોકસભાની ચૂંટણીમાં ૨૬ સીટ હોવાથી મર્યાદિત સમાજ જ્ઞાતિને ટિકિટ આપી શકાય છે. વિધાનસભાની ચૂંટણીમાં તમામ સમાજના લોકોને સાચવી લેવાય છે. પાટીદારોને કોઈ પ્રકારનો અસંતોષ નથી.

## શ્રી બી ડી સાર્વજનિક વિદ્યાલય મતદાન જાગૃતિનો કાર્યક્રમ




શ્રી બી ડી સાર્વજનિક વિધાલયમાં મતદાન મથક આવેલ હોવા થી આજુ બાજુ ના લોકો પોતા નો મતાધિકાર નો ઉપયોગ કરે તે માટે વોટ ફૉર ઈન્ડિયા ની માનવા સાંકળ તેમજ રંગોળી અને લોકો ઘર ઘર સુધી મતદાન જાગ્રતિ કાર્યકમ કરવામાં આવેલ એન એસ એસ દારા લોકોમાં સંકલ્પપત્ર ભરાવેલ, તેમજ કેટલીક વિગતો થી માહિતગાર કર્યા જેમા મતદાન કરતા પહેલાં આપનું નામ મતદાર યાદીમાં ક્યાં મતદાન મથક પર છે , આપનું મતદાર ઓળખ પત્ર પર ની વિગત જોવી તે સાચી છે , મતદાર યાદીમાં આપના નામ મુખ્ય નિર્વાચન અધિકારીની વેબસાઈટ પર પણ જોઈ શકશો, એસ એમ એસ દારા પણ જાણી શકશો , જો મતદાર યાદી માં નામ ના હોય તો બી એલ ઓ નો સમ્પર્ક કરાવો , નામ નોંધણી માટે ડોક્યુમેન્ટ સમજ , મતદાન યાદી માં સુધારા માટે ની સમજ , ઈવીએમ નું ડેમો તેમજ સમ્પૂર્ણ સુરક્ષિત અને પ્રદર્શક છે તે સમજ , વી વી પેટ ની સમજ , મથક ની પ્રાથમિક સુવિધાઓ થી સજ્જ કરેલ , પ્રજ્ઞાચક્ષુ માટે દિવ્યાગમાટે બ્રેઈલ લિપિ સાહિત્ય અને પી ડબ્લ્યૂ ડી એન્ડોઈ એપ દારા સમજ આપી , ફોટો કાપલીઓ વિતરણ કરેલ છે કે કેમ તે સમજ , સમગ્ર જાગ્રતિ કાર્યકમ ડૉ બી આર દેસાઈ ના માર્ગદર્શન હેઠળ એન એસ એસ દારા કરવામાં આવેલ

## પાટણના અઘાર ગામ પાસેથી ૩૩ હજારનો દારુ ભરેલ કાર ઝડપાઇ



પાટણ

પાટણ પોલીસ અધિક્ષક શોભા ભુતડા (IPS) એ ઇન્ચાર્જ પોલીસ ઇન્સપેકટર કે. એમ. પ્રિયદર્શી એલ.સી.બી. પાટણ ને આગામી ચુંટણી અનુસંધાને ખાસ પેટ્રોલીગ રાખી દારૂ ની હેરાફેરી થતી અટકાવી વધુમાં વધુ કેશો શોધી કાઢવા સુચના કરેલ હોઇ પોલીસ સબ ઇન્સપેકટર વાય.કે. ઝાલા તથા કિર્તિસિંહ, કુલદીપકુમાર, મહેન્દ્રસિંહ, જીતેન્દ્રકુમાર, રોહિતકુમાર, પેટ્રોલીગમાં હતા ત્યારે મળેલ બાતમી આધારે પંચો સાથે એલ.સી.બી.પોલીસ સ્ટાફના માણસો અઘાર ગામે કેમ્પ ખાતે વોચમાં રહેતાં સેન્ટ્રો ગાડી નંબર-જી.જે.૧.એચ.એ. ૭૪૧૪ નો ચાલક પોલીસ ને જોઇ પોતાની ગાડી લઇ નાસી જતાં જેનો પીછો કરતાં ગાડી નો અજાણ્યો ચાલક તથા ઠાકોર ઉમેદસંગ વિજાજી રહે. અઘાર વાળા ઉપરોક્ત ગાડીમાં ભારતીય બનાવટના વિદેશી દારૂની ૧૮૦ મીલીની કાચની બોટલો નંગ-૪૦૫ કી.રૂ.૩૩, ૨૧૦/- નો વિદેશી દારૂનો જથ્થો રાખી ગાડી કી.રૂ.૧ ,૦૦,૦૦૦/- સાથે કુલ કી.રૂ. ૧,૩૩,૨૧૦/- નો મુદ્દામાલ રાખી રેઇડ દરમ્યાન શીહોરી ત્રણ રસ્તા થઇ શિહોરી રોડ ઉપર આશરે ૫૦૦ મીટર દુર મેલડીમાં વાળા મોટા મારગ ઉપર પટેલ પુનાભાઇના બોર નજીક ગાડી મુકી નાશી ગયેલ જેથી સદરી બન્ને વિરૂધ્ધમાં પાટણ સીટી બી ડીવી. પો.સ્ટે.માં ગુનો રજી કરાવી આગળની તપાસ તજવીજ પાટણ સીટી બી ડીવી. પો.સ્ટે. ને સોપેલ છે.

## બહુચરાજીના કાલરી ગામે વચ્છરાજ દાદાના પાંચમાં પાટોત્સવ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન



ચાણસ્મા

બેચરાજી તાલુકાના કાલરી ગામમાં વચ્છરાજ દાદાના પાંચમાં પાટોત્સવ પ્રસંગે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. ગુરૂવારના રોજ આનંદના ગરબાની સામૂહીક ધૂનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહાધૂનમાં રાજ્યના ૨૧ થી વધુ આનંદ ગરબા મંડળોએ ભાગ લીધો હતો. સતત ૧૧ કલાક સુધી આનંદના ગરબાની ધૂન અવિરત ચાલી હતી. અલગ-અલગ રાગ અને ઢાળમાં આનંદના ગરબાનું ગાન કરવામાં આવતાં ગામમાં અલૌકિક વાતાવરણ ઉભુ થવા પામ્યું હતું. આ મહાધૂનમાં ભાગ લેવા કાલરી સહિતના ગામડાઓમાંથી ભાવિકો ભક્તો ઉમટી પડ્યા હતા. આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલાં પરસલા મહાદેવના મહંત પ.પૂ. જગાબાપુનું ગ્રામજનો દ્વારા શાલ અને બહુચર માતાજીની પ્રતિમા અર્પણ કરી બહુમાન કર્યું હતું. મહંતે ગ્રામજનોનો આભાર વ્યક્ત કરી ભાવિક ભક્તોને આશિર્વચનો પાઠવ્યા હતા. વચ્છરાજ દાદાના પાંચમાં પાટોત્સવ પ્રસંગે હોમ-હવન અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. દાદાના પાટોત્સવ પ્રસંગે બહુ મોટી સંખ્યામાં ભાવિકો દર્શનાર્થે ઉમટી પડતાં ગામમાં ધાર્મિક વાતાવરણ ઉભુ થવા પામ્યું હતું.

## મહેસાણામાં ડો. આંબેડકરની ૧૨૮ મી જન્મ જયંતિની ઉજવણી



મહેસાણા

મહેસાણામાં દેશનાં બંધારણના ઘડવૈયા અને દલિત સમાજના મસીહા ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૨૮ મી જન્મ જયંતિની દબદબાભેર ઉજવણી કરવામાં આવી હતી દલિત સમાજ દ્વારા ત્રિદિવસીય કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ હતું. ઉત્સવ પાર્ટી પ્લોટમાં ડો. બાબા સાહેબ આબેંડકરના જીવન ઉપર નાટકો, ડાયરો તેમજ અન્ય કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા. જ્યારે રવિવારે શહેરના વિવિધ વિસ્તારોમાં રેલીઓ યોજીને ફુવારા પાસે ડો. આંબેડકરની પ્રતિમાને ફુલહાર પહેરાવીને શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.રવિવારે તા. ૧૪ એપ્રિલ સોમનાથ મંદિરેથી ભવ્ય રેલીનું આયોજન કરાયુ હતું. જ્યારે સોમનાથ ચોકડીથી વિશાળ બાઈક રેલી યોજવામાં આવી હતી. જેમાં વિશાળ સંખ્યામાં દલિત સમાજના ભાઈઓ-બહેનો અને બુઝુર્ગો જોડાયા હતાં. આ ઉપરાંત કસ્બામાંથી પણ વિશાળ શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું પાલિકા પ્રમુખ ધનશ્યામભાઈ સોલંકી દ્વારા ફુવારા પાસે સમિયાણા ઉભા કરીને લોકોને ઠંડાપીણાની બોટલોનું મફત વિતરણ કરવામાં આવ્યું હતુ. જેમા પાલિકાના કોર્પોરિટરો મંજુલાબેન ચૌહાણ, શોભનાબેન ઠાકોર, શહેર કોંગ્રેસ પ્રમુખ ગીતાબેન પ્રજાપતિ, શહેર મહાંમત્રી હર્ષદભાઈ રાવલ સહિત કાર્યકરો પણ જોડાયા હતાં.

**મહાસંગ્રામ-૨૦૧૯ ખેલ ખુરશીનો**

### કન્નૌજ સીટ પર ડિમ્પલ સામે રસ્તો વધુ સરળ

## શિવપાલનો ડિમ્પલની વિરુદ્ધ ઉમેદવાર ન ઉતારવા નિર્ણય

### અપમાન થયુ હોવા છતાં પરિવારને ધ્યાનમાં લેવા સુચન

નવી દિલ્હી

પ્રગતિશીલ સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ શિવપાલ સિંહ યાદવે કહ્યુ છે કે તમામ બાબતોને ધ્યાનમાં લઇને પરિવારની પુત્રવધુની સામે કન્નૌજમાં પોતાના ઉમેદવારને ન ઉતારવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. શિવપાલે કહ્યુ છે કે તેમના નજીકના લોકો દ્વારા આ પ્રકારની માંગ સતત કરવામાં આવી રહી હતી. સમાજવાદી પાર્ટીના વડા અને અન્યો દ્વારા તમનુ સતત અપમાન કરવામાં આવી રહ્યુ હતુ તેમ છતાં હવે કન્નૌજની બેઠક પર પોતાના ઉમેદવારને ન ઉતારવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. શિવપાલે ફિરોજાબાદમાં ચૂંટણી પ્રચાર દરમિયાન આ મુજબની વાત કરી હતી. પત્રકારો દ્વારા કરવામાં આવેલા પ્રશ્નોના જવાબમાં શિવપાલે કહ્યુ હતુ કે પાર્ટીના લોકો અને તેમના શુભેચ્છકોની માંગને ધ્યાનમાં લઈને આ નિર્ણય કરવામાં આવ્યો છે. શિવપાલ અને અખિલેશ યાદવ વચ્ચે સારા સંબંધ રહેલા છે પરંતુ અખિલેશ દ્વારા તેમની સાથ યોગ્ય વર્તન કરવામાં ન આવતા આખરે શિવપાલ પાર્ટી સાથ છેડો ફાડી લીધો હતો. પીએસપી વડા પ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથ અને ભાજપ સરકાર પર તેજાબી પ્રહારો કર્યા હતા. યોગી આદિત્યનાથના અલી અને બજરંગ બળીના નિવેદનને લઈન પણ હોબાળો મચેલો છે. જો ક યોગીને નોટીસ આપવામાં આવ્યા બાદ યોગ્ય જવાબ આપી દેવામાં આવ્યો છે. યોગી આ અંગ પંચને લખવામાં આવેલા જવાબમાં કહ્યુ છે કે તેઓ આ પ્રકારના શબ્દોનો ઉપયોગ કરશે નહીં. ઉત્તરપ્રદેશમાં જો કે ચૂંટણી માટ મતદાનની શરૂઆત થયા બાદ આક્ષેબાજીનો દોર જારી રહે તેવી શક્યતા છ. ઉત્તરપ્રદશમાં ચૂંટણી સૌથી રોમાંચક બને તેવા સંકત મળી રહ્યા છે

### મોદી ફરી વડાપ્રધાન બને તે માટે પ્રાર્થના થઇ

## બલિયામાં દુર્ગા મંદિર હવે મોદી મંદિર બન્યું લોકોના વ્રત

### ગામના લોકો દ્વારા નવ દિન ખાસ વ્રત રાખવામાં આવ્યા

વારાણસી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સમર્થકોને સોશિયલ મિડિયા પર ભક્ત કહેનાર લોકોની ભરમાર રહેલી છે પરંતુ ઉત્તરપ્રદેશના બલિયા જિલ્લામાં તો મોદીને ભગવાન તરીકે માનનાર લોકોની પણ સંખ્યા ખુબ મોટી છે. હાલમાં બલિયા જિલ્લામાં મોદીને ભગવાન તરીકે ગણીને પુજા કરનાર લોકોની સંખ્યા વધી રહી છે. પ્રાપ્ત માહિતી મુજબ બલિયા જિલ્લાના બાંસડીહ નગર પંચાયતમાં સ્થિત દુર્ગા મંદિર હવે મોદી મંદિર બની ગયુ છે. આ નવરાત્રીના ગાળા દરમિયાન પુજા કરનાર લોકોઅહીં મોટા પાયે પહોંચી રહ્યા છે. દુર્ગા મંદિરમાં મોદીનો ફોટો લગાવીન ભગવાનની જેમ પુજા કરનાર લોકો પણ છે. મોદીનો ફોટો લગાવીને પુજા કરનાર ભક્તોમાં મહિલાઓની સંખ્યા પણ ઓછી રહી નથી. ગામના લોકો મોદીનીપુજાની સાથે સાથે ફરી તેમને વડાપ્રધાન બનાવવા માટે નવ દિવસ લોકો વ્રત રાખી રહ્યા છે. આની સાથે સાથે સ્થાનિક લોકોએ માંગ કરી છે કે પ્રદેશની યોગી સરકાર બાંસડીહ નગર પંચાયતનુ નામ બદલીને હવે મોદી નગર પંચાયત કરી દે. એવુ જાણવા મળ્યુ છે કે દુર્ગા મંદિરમાં પીમના ફોટો પર લોકો તિલક લગાવ છે. મહિલાઓ, પુરૂષો અને બાળકો પણ મોદીને ખુબ પસંદ કરે છે. આ તમામ લોકો મોદીને ભગવાન તરીકે ગણીને અગરબત્તી દર્શાવીને વિજય તિલક કરે છે. મોદી માટે વ્રત રાખી રહેલા લોકોનુ કહેવુ છે કે નવરાત્રમાં અમે દુર્ગા માતા સમક્ષ ખાસ પુજા કરી રહ્યા છીએ.મોદીના મોટા ભક્ત તરીકે રહેલી મહિલા રમાવતીએ કહ્યુ છે કે નવરાત્રીના પ્રથમ દિવસે માતા દુર્ગાની ખાસ પુજા કરવામાં આવી હતી. તેમને ફરી વડાપ્રધાન બનાવવા માટેની ઈચ્છા ભગવાન સમક્ષ વ્યક્ત કરાઈ હતી. વર્ષ ૨૦૧૪માં લોકસભાની ચુંટણી વેળા દેશભરમાં મોદી લહેર હતી. જેના પરિણામ સ્વરૂપે ઉત્તરપ્રદેશની મોટાભાગની સીટો ભાજપે જીતી લીધી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ પ્રચંડ બહુમત સાથે વારાણસીમાંથી જીત મેળવી હતી. પાંચ વર્ષના લાંબા ગાળા બાદ ફરી એકવાર લોકસભાની ચુંટણી યોજાઈ રહી છે ત્યારે આ વખતે પણ રાષ્ટ્રવાદના મુદ્દા પર મોદી જોરદાર પ્રચાર કરી રહ્યા છે. બીજી બાજુ ઉત્તરપ્રદેશમાં તેમની લોકપ્રિયતા કેટલાક વર્ગોમાં હજુ પણ અકબંધ રહેલી છે. બલિયા જિલ્લામાં દુર્ગા મંદિર મોદી મંદિર તરીકે બદલાઈ ગયા બાદ આ ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકો મોદી ફરી વડાપ્રધાન બને તે માટે નવ દિવસ સુધી સતત ઉપવાસ કરી રહ્યા છે.



લોકસભા ચૂંટણીના પહેલા તબક્કાનું મતદાન શરૂ થઈ ચુક્યું છે. જેમાં દુનિયાની સૌથી નાના કદની મહિલા જ્યોતિ અમગે પણ પાછળ રહી નથી. ટીવી શો બિગ બોસ ૨૦૧૨માં જોવા મળેલી જ્યોતિએ આજે મતદાન એક ફરજ તરીકે ગણાવીને લોકોને ફરજિયાત મતદાન કરવાનો મેસેજ પણ આપ્યો છે. જ્યોતિએ ફેસબુક પર મતદાન કરીને આવ્યા બાદ ફોટો શેર કયા



સેલ્સમેન નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કોંગ્રેસના નેતાઓ સોનિયા ગાંધી, પ્રિયંકા ગાંધી વાડ્રા અને આપના નેતા અરવિંદ કેજરીવાલના માસ્ક, લોકસભાની ચૂંટણી પહેલાં, એક દુકાનમાં દર્શાવે છે.

**ખીમાણા ગામ થયેલ ઘરફોડ ચોરીનો ભેદ ઉકલાયો**

# પાલનપુર દેવપુરા પાટીયા પાસેથી એલસીબીએ રૂા.૧૪ લાખના મુદ્દામાલ સાથે આઠને ઝડપ્યા

**ચાંદીની ૧૬ પાટ, સોનાની લગડી, રોકડ તથા કાર સહિતનો મુદ્દામાલ કબ્જે કરાયો**

પાલનપુર

કાંકરેજ તાલુકાના ખીમાણા ગામે તાજેતરમાં એક રહેણાંક મકાનમાં થયેલ ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલવામાં જિલ્લા એલસીબી ટીમને સફળતા સાંપડી છે. પાલનપુરના દેવપુરા પાટીયા નજીક બાતમીના આધારે વોચ ગોઠવી આઠ શખ્સોને ઝડપી લઈ તેમની પાસેથી રોકડ સોનુ, ચાંદી, ટીવી તથા કાર સહિત રૂા.૧૪ લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબ્જે કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.



(સંજય જોષી)

પ્રાપ્ત માહિતી મુજબ કાંકરેજ તાલુકાના ખીમાણા ગામે તા.૨૭, ૨૮/૩-૨૦૧૯ ના રોજ રમેશચંદ્ર ચીમનલાલ શાહના મકાનમાં દરવાજાના નકુચા તથા તાળા તોડી કોઈ અજાણ્યા શખ્સો તિજોરી - કબાટમાંથી રોકડ રૂા.૧,૫૦,૦૦૦ તથા સોના - ચાંદીના દાગીના તેમજ ટીવી વગેરે મળી કુલ રૂા.૨૦,૬૦, ૦૦૦ ની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. જે અંગે ખીમાણા પોલીસ મથકે ફરીયાદ નોંધાવવા પામી હતી.

આથી જિલ્લા પોલીસવડા પ્રદિપ શેજુલની સુચનાથી પાલનપુર એલસીબીના ઈન્ચાર્જ પી.આઈ. પી.એલ. વાઘેલા તથા પીએસઆઈ એન.એમ. પરમાર સહિતના સ્ટાફે તપાસ હાથ ધરી હતી. જેમાં ઉપરોક્ત ચોરીના આરોપીઓ ચોરીનો માલ વેચવા પાટણથી કાચા માર્ગે પાલનપુર આવી રહ્યા હોવાની બાતમીને આધારે પાલનપુરના દેવપુરા પાટીયા નજીક વોચ ગોઠવી આઠ શખ્સોને ઝડપી લઈ ચોરીનો ભેદ ઉકેલ્યો હતો.

પોલીસે તેમની પાસેથી કુલ રૂા.૧૪ લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબ્જે કરી અન્ય ચોરીના ભેદ ઉકેલવા વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

**કોણ કોણ ઝડપાયા**

વિજુભા મણાજી રાઠોડ, રહે.મહેસાણા મુળ રહે.મુડેઠા, તા.ડીસા
અનિલભાઈ ભાનુભાઈ પંચાલ, રહે.ગઢ, મુળ રહે.વાગડોદ, તા.સરસ્વતી
વિજયજી ભોમજી ઠાકોર (ઝાલા) રહે.કુણઘેર, મુળ રહે.ડેર (વામૈયા) પાટણ
આવરજી ઉર્ફે કાળુજી દિપસંગજી ઠાકોર (ઝાલા) રહે.કુણઘેર, મુળ રહે.ડેર (વામૈયા)
બેચરજી જયંતિજી ઠાકોર (પરમાર), રહે.ઈલમપુરા, તા.પાટણ
સવજીજી શીવાજી રાઠોડ, રહે.મુડેઠા, તા.ડીસા
ભાવેશ ઉર્ફે ભાવસીંગ પાનાજી રાઠોડ ડ, રહે.મુડેઠા, તા.ડીસા
પ્રભાતજી બળવંતજી ઠાકોર, રહે.ખીમાણા, તા.કાંકરેજ

**શું શું કબ્જે લેવાયું**

ચાંદીની પાટો નંગ૧૬ (૪૩.૧૧૮ ગ્રામ) કિ.રૂા.૮,૭૫,૫૫૦
સોનાની લગડી (૧૭૨.૧૨ ગ્રામ) કિ.રૂા.૨,૫૯,૦૮૦
રોકડ રૂા.૧,૫૦,૦૦૦
ટીવી બે નંગ કિ.રૂા.૧૫,૦૦૦
સેટપ બોક્ષ - કિ.રૂા.૫૦૦
ગુનામાં વપરાયેલ અલ્ટો કાર નં.જી.જે.૮ એફ ૫૦૨૭ કિ.રૂા.૧,૦૦,૦૦૦
કુલ મુદ્દામાલ રૂા.૧૪,૦૦,૧૩૦ નો કબ્જે લેવાયો

**ડીસાના ફાયરબ્રાન્ડ ધારાસભ્યની 'રખેવાળ' સાથે ખાસ મુલાકાત...**

# ડીસા મત વિસ્તારના રાષ્ટ્રવાદી મતદારો ભાજપને સૌથી વધુ લીડ આપશે : શશીકાંત પંડ્યા

(ર.સ.સે.) ડીસા

રાજ્ય અને દેશના અન્ય વિસ્તારોની જેમ સરહદી બનાસકાંઠા જિલ્લામાં પણ લોકસભા ચૂંટણીનો માહોલ બરાબરનો જામ્યો છે અને આ વખતે પણ મતદારોનું અકળ મૌન ઉમેદવારો સાથે રાજકીય પક્ષોના અગ્રણીઓની ચિંતા વધારી રહ્યું છે. બનાસકાંઠા બેઠક પર પણ જે તે પક્ષની તરફેણનો માહોલ મજબૂત બની રહ્યો હોવાનો આભાસી માહોલ સર્જી જનમત જે તે પક્ષની તરફેણમાં ઢાળવાના પ્રયાસો થઈ રહ્યા છે.જોકે આવી પ્રવાહી સ્થિતિ વચ્ચે પણ ડીસાના ફાયરબ્રાન્ડ ધારાસભ્ય શશીકાંત પંડ્યાએ ડીસા મત વિસ્તારમાંથી જ ભાજપને સૌથી વધુ સરસાઈ મળવાનો મજબૂત દાવો કરી દીધો છે. હાલ લોકસભાની ચૂંટણી માટે પ્રચાર ઝુંબેશની વ્યસ્તતા વચ્ચે પણ બનાસકાંઠાના લોકપ્રિય અને વિશ્વસનીય દૈનિક અખબાર 'રખેવાળ' ના મુખ્ય કાર્યાલયની શુભેચ્છા મુલાકાતે આવેલા ધારાસભ્ય શશીકાંત પંડ્યાએ રખેવાળ દૈનિકના મેનેજીંગ તંત્રી વિક્રમભાઈ શેઠ સાથેની વાતચીતમાં બનાસકાંઠા બેઠક પણ કમળક્રાંતિનું પુનરાવર્તન નિશ્ચિત હોવાનો દાવો પણ કર્યો હતો. ધારાસભ્ય સાથેની આ મુલાકાત વખતે 'રખેવાળ' દૈનિકના સવાલ અને ધારાસભ્ય શશીકાંત પંડ્યાના બેબાક જવાબો અક્ષરઃસહ અત્રે પ્રસ્તુત છે.



**સવાલ** : આ વખતે બનાસકાંઠા બેઠક પર ભાજપની જીત માટે કેટલા આશાવાદી છો..?

**જવાબ** : પરિણામની ચિંતા તો આયાતી ઉમેદવાર મુકવા મજબુર બનેલા હરીફ પક્ષે જ કરવાની હોય..અમને તો ગળા સુધી વિશ્વાસ છે કે ભાજપના ઉમેદવાર મોટી સરસાઈથી જીત મેળવી દિલ્હી જવાના જ છે...!

**સવાલ** : આટલા મજબૂત આશાવાદનું કારણ..?

**જવાબ** : ખૂબ સામાન્ય વાત છે.... બનાસકાંઠાના મતદારો દીર્ઘદ્રષ્ટિ ધરાવે છે અને દર વખતે મજબૂત જનાદેશ આપે છે.આ વખતે દેશભરમાં રાષ્ટ્રવાદનો અદભુત માહોલ છે.આવી સ્થિતિમાં સરહદી બનાસકાંઠાના મતદારો પણ દેશની સુરક્ષા સાથે સર્વાંગી વિકાસ માટે ભાજપના ઉમેદવાર પર જ પસંદગીનો કળશ ઢોળશે એમાં શંકાને કોઈ સ્થાન નથી...!

**સવાલ** : બનાસકાંઠા મત વિસ્તારમાં ભાજપ સૌથી વધુ સારું પ્રદર્શન ક્યાં કરશે...?

**જવાબ** : બેશક ડીસા મત વિસ્તારમાં... કેન્દ્ર સરકારે તાજેતરમાં જ ડીસાને ઓવરબ્રિજની ભેટ આપી છે અને પાલનપુર-ગાંધીધામ વચ્ચે સમાંતર નવી રેલવે લાઈન સાથે ભીલડીથી પાટણ વચ્ચે નવા રેલવે ટ્રેકની પણ ભેટ આપી છે.જે ડીસાની વિકાસકૂચને બમણો વેગ આપે તેમ છે.આ બધું મતદારો સમજે છે અને ભાજપના શાસનમાં જ દેશની પ્રતિષ્ઠા વધુ મજબૂત બની છે ત્યારે ડીસા મત વિસ્તારના રાષ્ટ્રવાદી મતદારો જ ભાજપના ઉમેદવારને સૌથી વધુ સરસાઈ આપશે જ એવો મને પૂર્ણ વિશ્વાસ છે.

**સવાલ** : ભાજપની સંભવિત જીતમાં અન્ય ક્યાં પરિબળો ભાગ ભજવશે...?

**જવાબ** : પ્રથમ તો ભાજપ મોવડીમંડળે બનાસકાંઠા બેઠક પર અજાતશત્રુ અને નિર્વિવાદી વ્યક્તિત્વ મનાતા પરબતભાઈ પટેલની પસંદગી કરી અડધી બાજી તો જીતી જ લીધી છે.હવે પક્ષના અન્ય અગ્રણીઓ જ અનુસંધાન પાના નં.૬

**પુરા દેશની આવતીકાલને વધુ ઉજ્જવળ બનાવવા મતદાન વખતે પૂરતી સમજદારી દાખવવા ધારાસભ્યની આગ્રહભરી અપીલ...**

## વાવના દૈયપ સરપંચ તેમના સમર્થકો સાથે ભાજપમાં જોડાયા



(વિષ્ણુ પરમાર)

(તાલુકા પ્રતિનિધિ) વાવ

વાવ તાલુકાની દૈયપ ગૃપ ગ્રામ પંચાયતના સરપંચ પી.ડી. ગઢવી ગત રોજ તા. ૧૩-૫-૨૦૧૯ ના રોજ તેમના વિશાળ સમર્થકો સાથે લોકસભા ભાજપના ઉમેદવાર પરબતભાઈ પટેલના હસ્તે કેસરીયો ખેસ ધારણ કરી ભાજપમાં જોડાતા કોંગ્રેસની છાવણીમાં સન્નાટો મચી ગયેલ છે. પી.ડી. ગઢવીનું દૈયપ મી.ચારણ, જોટાણા, દૈયપ ધાણી ઉપરાંત ઉત્તર વિભાગમાં ભારે પ્રભુત્વ છે. તેમનું ભાજપમાં આગમન થતાં ભાજપપાર્ટીમાં મતબેન્ક વધી છે.

## દીઓદર વિધાનસભા વિસ્તારમાં કોંગ્રેસનો લોકસંપર્ક

તાલુકા પ્રતિનિધિ દીઓદર

બનાસકાંઠા જીલ્લાની સંસદીય મત વિસ્તારના કોંગ્રેસના ઉમેદવાર પરથીભાઈ ભટોળના પ્રચાર અભિયાનને આગળ વધારતાં દીઓદર વિધાનસભા મત વિસ્તારનો ગ્રામીણ વિસ્તારનો લોક સંપર્ક કાર્યક્રમ ધારાસભ્ય શીવાભાઈ ભુરીયાની આગેવાની હેઠળ યોજાયેલ. જેમાં દીઓદર જીલ્લા પંચાયત સીટના મુલકપુર, સુરાણા, નવા, વખા, ગોદા, મેસરા, ઓગડપુરા, ભડકાસર, સાંબલા, વડાણા, ધ્રાંડવ, ધ્રાડવડા, ગામે યોજાયેલ સૌ આગેવાનોએ કોંગ્રેસને મત આપી સહકારી આગેવાન પરથીભાઈ ભટોળને વિજયી બનાવવા અપીલ કરેલ.



(અશોક શેઠ)

આ લોક સંપર્કમાં પૂર્વ ધારાસભ્યશ્રી અનીલભાઈ માળી, ઉપ પ્રમુખ બી.કે.જોષી,જીલ્લા પંચાયત ઉપ પ્રમુખ માલજીભાઈ દેસાઈ, સદસ્ય નરસિંહભાઈ દેસાઈ, તાલુકા પંચાયત પ્રમુખ પ્રવિણસિંહ વાઘેલા, ઉપ પ્રમુખ બળવંતજી ઠાકોર, મહિલા પ્રમુખ ભાવનાબેન ઠાકોર, આદિ આગેવાનો જોડાયેલ.

## દીઓદરમાં ભાજપ ઉમેદવારની સભા યોજાઈ

તાલુકા પ્રતિનિધિ દીઓદર

બનાસકાંઠા જીલ્લાની સંસદીય મત વિસ્તારના ભાજપના ઉમેદવાર પરબતભાઈ પટેલની દીઓદર પોલીસ સ્ટેશન સામેના ગ્રાઉન્ડમાં તા.૧૨/૪/૧૯ ના રોજ રાત્રે સભા યોજાયેલ. સૌને ભાજપના તાલુકા પ્રમુખ પરાગભાઈ જોષીએ આવકારેલ.



(અશોક શેઠ)

આ પ્રસંગે પૂર્વ મંત્રી કેશાજી ચૌહાણે જણાવેલ કે આપણા ઉત્તર ગુજરાતનો મડદ માણસ દેશની ધુરા સંભાળવા જઈ રહ્યો હોય ત્યારે આપણે સૌએ જંગી મતોથી પરબતભાઈને વિજયી બનાવી દિલ્હી મોકલવાના છે. કોઈપણ સમીકરણમાં પડ્યા વિના વિકાસ પુરૂષને સમર્થન આપવા જણાવેલ. આ પ્રસંગે લક્ષ્મણસિંહ વાઘેલાએ પ્રવચન આપેલ. વર્તમાન રાજ્યમંત્રી અનુસંધાન પાના નં.૬

## પાલનપુરમાં અજાણ્યા વાહનની ટક્કરે ઈસમનું મોત

પાલનપુર

પાલનપુરમાં એક અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારતા આર.ટી.ઓ ચેકપોસ્ટ પાસે ઉભેલ ઈસમનું ટક્કર વાગતા મોત નિપજ્યુ હતુ.દાંતા તાલુકાના ખંડોર ઉંબરીના વતની લીલાબેન રાઠોડે પાલનપુર શહેર પૂર્વ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે કે, તેણીના પતિને અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારી શરીરે વધતી ઓછી ઈજાઓ કરી મોત નિપજાવી પોતાનું વાહન લઈ ભાગી ગયો હોવાની ફરીયાદ નોંધાવતા પાલનપુર પૂર્વ પોલીસે ફરીયાદ આધારે એ.ડી.નોંધી તપાસ હાથ ધરી છે.

## ધનપુરામાં પશુઓને ડુબતા બચાવવા જતા યુવાન ડુબી ગયો

**અમીરગઢ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી**

પાલનપુર

અમીરગઢ તાલુકાના ધનપુરા ગામે રહેતો એક યુવાન પોતાના પશુઓને ચરાવતા ચરાવતા બાલારામ નદી સિંચાઈ યોજના પાસે પહોંચી ગયો હતો. જ્યાં તેના પશુઓ પાણીમાં ડુબતા હોવાનું જણાતા તે પશુઓને બચાવવા પાણીમાં પડતા પાણીમાં ડુબી ગયો હતો અને પાણી પી જવાથી મોત નિપજ્યુ હતું.

અમીરગઢ તાલુકાના ધનપુરા ગામે રહેતો નાગજીભાઈ ભલાભાઈ રબારી ધનપુરા ગામની સીમમાં આવેલ નદી સિંચાઈ બાલારામ યોજનામાં ઢોરોને ચરાવતા ચરાવતા પાણી પીવડાવવા ગયો હતો. ત્યાં અચાનક આ પશુઓ પાણીમાં આગળ જતા રહેતા તેને પશુઓ ડુબી ન જાય તેનો ડર લાગતા તે પશુઓને પાણીમાંથી બહાર કાઢવા માટે તે પણ પાણીમાં જતો રહ્યો હતો. આથી પાણીમાં તે પણ ડુબવા લાગ્યો હતો અને જાત જાતામાં તો આ યુવાન આખો પાણીમાં ડુબી જતા અને પાણી પી જતા મોતને ભેટ્યો હતો. આ બાબતની જાણ તેના પરીવારજનો અને ગ્રામજનોને થતા તેઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને આ બાબતે ભગવાનભાઈ રબારી નામના ઈસમે અમીરગઢ પોલીસ મથકે એ.ડી. નોંધાવતા પોલીસે ફરીયાદ આધારે ઉપરોક્ત યુવાનના મોત સંદર્ભે તપાસ હાથ ધરવામાં આવી છે ત્યારે આ યુવાન જાતે ડુબીને મોતને ભેટ્યો છે કે પછી અન્ય કોઈ કારણસર તેનું મોત થયુ છે તે દિશામાં પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

## ડીસા ખાતે ભગવાન શ્રીરામની ભવ્ય શોભાયાત્રા નીકળી



ડીસા

હિન્દુઓના આરાધ્ય દેવ અને મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રીરામનો આજે જન્મ દિવસ છે ત્યારે દર વર્ષે ડીસા ખાતે પણ રામ નવમી પ્રસંગે ભગવાન શ્રીરામની ભવ્ય શોભાયાત્રા નિકલવામાં આવે છે.. આ વર્ષે પણ દર વર્ષની જેમ શહેરના રામજી મંદિરથી ભગવાન શ્રીરામની અનુસંધાન પાના નં.૬

## દાંતીવાડામાં મહિલાએ ઝેરી દવા પી જીવનલીલા સંકેલી લેતા ચકચાર

પાલનપુર

દાંતીવાડા કોલોની વિસ્તારમાં રહેતી સુરજબેન પટણી નામની ૩૦ વર્ષીય મહિલાએ ગતરોજ કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવી દીધી હતી.

ત્યારબાદ આ તેણીની તબિયત એકાએક લથડી પડતા તેને સારવાર અર્થે પાલનપુરની સિવિલ હોસ્પલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં સારવાર દરમ્યાન મોત નિપજતા બનાવ અંગે પાલનપુર સિવિલ હોસ્પટલના ડોક્ટર આરતીબેન ચૌધરીએ દાંતીવાડા પોલીસને જાણ કરતા પોલીસે તેમની જાણકારી આધારે અકસ્માતે મોતની ફરીયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**બનાસકાંઠા જીલ્લા યુવા-મોરચા દ્વારા**

## ભાજપના ડોર ટુ ડોર અભિયાન માટેના આયોજનની મહત્વની બેઠક મળી



(સંજય જોષી)

પાલનપુર

બનાસકાંઠા જિલ્લાનું કમળ જંગી બહુમતીથી વિજયી બની દિલ્હી પહોંચે એ માટે થઈ બનાસકાંઠા જીલ્લા યુવા મોરચાના કાર્યકર્તાઓ એ આયોજન બદ્ધ રણનીતિ ઘડી છે.જેમાં ડોર ટુ ડોર કેમપેઈંગમાં ગુજરાત સરકાર અને ભારત સરકારે કરેલા જનહિત અને દેશહિતના કામો લોકો સુધી લઈ જઈ વધારે માં વધારે મતદાન ભારતીય જનતા પાર્ટીના બનસકાંઠા લોકસભા સોટના ઉમેદવાર પરબતભાઈ પટેલ તરફી થાય એ માટેના આયોજનની બેઠક પાલનપુર મુકામે મળી હતી.

જેમાં બનાસકાંઠા લોકસભાના સીટના ઉમેદવાર પરબતભાઈ પટેલ, જિલ્લા યુવા મોરચાના પ્રમુખ હરેશભાઈ ચૌધરી, જિલ્લા ભાજપના પ્રભારી દુષ્યન્તભાઈ પંડ્યા, હિતેષભાઇ ચૌધરી ઉપસ્થિત રહી જિલ્લા યુવા મોરચાના જવાબદાર કાર્યકર્તાઓ જીલ્લા યુવા મોરચાના હોદ્દેદાર ,મંડલ ના પ્રમુખ મહામંત્રી તેમજ તેમની ટિમ તથા જિલ્લાના કારોબારી સભ્યો આયામના સભ્યોને માર્ગદર્શિત કર્યા હતા.

## ભાજપાનાં પ્રભારી અને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અંબાજીના દર્શનાર્થે



અંબાજી

ગુજરાત પ્રદેશ ભાજપાનાં પ્રભારી અને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ ઓમ જી માથુર આજે ચૈત્રી નવરાત્રીનાં છેલ્લા નોરતે મા અંબાનાં દર્શન કરવા અંબાજી પહોંચ્યા હતા. અંબાજી એક એવું તીર્થ સ્થળ છે. જ્યાં અનેક નેતા અને અભિનેતા દર્શનાર્થે પહોંચી પોતાની મનોકામના માટે પ્રાર્થના કરતાં હોય છે. ત્યારે હાલમાં ચાલી રહેલાં લોકસભાની ચુંટણીનાં પ્રવાહને લઈ નેતાઓ વધુ માત્રામાં દર્શને પહોંચી રહ્યા છે. આજે ઓમજી માથુર પણ મા અંબાનાં દર્શને પહોંચી નીજ મંદિરમાં પુજા અર્ચના સહીત કપુર આરતી કરી હતી. અને ત્યાર બાદ માતાજીની ગાદી ઉપર ભટ્ટજી મહારાજનાં પણ આશીર્વાદ લઈ રક્ષાપોટલી બંધાવી હતી. અંબાજી પહોંચેલાં ઓમજી માથુરે જણાવ્યુ હતું કે, હાલમાં સમગ્ર દેશમાં મોદીની લહેર છે. ગુજરાતમાં ૨૬ સીટોની મુલાકાતો લીધી છે. જેમાં આ વખતે સીટો ઉપર લીડ વધે તેવી પ્રાર્થના મા અંબાને કરી દેશનાં વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદી ફરી સત્તા ઉપર બેસે તે માટે માતાજીનાં આશીર્વાદ લઈ દેવીનાં દરબાદમાં નતમસ્તક થયાં હતા.

## પાલનપુરમાં રામનવમી પર્વે ભગવાન શ્રીરામની શોભાયાત્રા યોજાઈ

**ભગવાન શ્રીરામલલ્લાની શોભાયાત્રાનું ઠેરઠેર ભવ્ય સ્વાગત**

પાલનપુર

પાલનપુરમા ભગવાન શ્રીરામના જન્મોત્સવ પર્વ રામ નવમીએ શહેરમાં રામલલ્લાની ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી. મોટા રામજી મંદિરથી નીકળેલી શોભાયાત્રાએ નગરનુ પરિભ્રમણ કર્યુ હતુ. જેમાં ભક્તો મોટી સંખ્યામાં જોડાયા હતા.

રામનવમીના પાવન પર્વે પાલનપુરના પથ્થર સડક પર આવેલા મોટા રામજી મંદિર ખાતે ભગવાન શ્રી રામની વિશેષ પુજા અર્ચના કરવામાં આવી હતી. પૂજા-અર્ચના બાદ બપોરે ભગવાન શ્રી રામની વિશાળ શોભાયાત્રા યોજાઈ હતી. આ શોભાયાત્રા મોટી બજાર, નાની બજાર,ત્રણબત્તી, છૂવારા ફળી, ટાવર ખોડા લીમડા,હનુમાન શેરી,ગઠામણ દરવાજા, અયોધ્યા નગર, સિટીલાઈટ રોડ, ગુરુનાનક ચોક, કીર્તિસ્તંભ, રેલવે સ્ટેશન, સિમલાગેટ, દિલ્હીગેટ સહિત નગરનુ પરિભ્રમણ કરીને નિજ મંદિર પરત ફરી હતી. આ શોભા યાત્રામાં બગી, ઉટલારી સહિતના વાહનો અને હિન્દુ સંગઠનોના આગેવાનો અને ભક્તજનો મોટી સંખ્યામાં જોડાયા હતા. રામલલ્લાની શોભાયાત્રા નુ શહેરમાં વિવિધ જગ્યાએ વિવિધ સંગઠનો દ્વારા ઉષ્માભેર સ્વાગત કરાયુ હતું.



(સંજય જોષી)

## અભેપુરા પાસે પગ લપસી જતા કેનાલમાં ખાબકેલ કિશોરનું મોત

પાલનપુર

થરાદ પંથકમાં આવેલા અભેપુરા ગામની સીમમાંથી ચીભડાથી જાંદલા ગામે ચાલતા જઈ રહેલા ગેનાભાઈ રબારી નામના ૧૪ વર્ષીય કિશોર કે જે રાજસ્થાનના ભલગામનો મૂળ વતની અને હાલમાં ચીભડા ખાતે રહેતો હોઈ તે ચાલતા ચાલતા નર્મદા કેનાલ પાસે આવતા તેને તરસ લાગતા પાણી પીવા નર્મદા કેનાલ પાસે જતા અચાનક પગ લપસી જતા તે કેનાલમાં ખાબક્યો હતો. જેથી પાણી પી જવાથી આ કિશોરનું મોત નિપજતા આ બાબતે રામાભાઈ રબારી (રહે.ભલગામ) વાળાની ફરીયાદ આધારે પોલીસે એ.ડી.નોંધી તપાસ હાથ ધરી છે.